Date of Pulication 21st Posted on Every Month

ISSN 2347-2448 છૂટક કિંમત : ₹ 20.00

# બુદ્ધિપ્રકાશ

સંપાદક

**મધુસૂદન પારેખ ✳ રમેશ શાહ**

**સહાયક : પ્રફુલ્લ મહેતા**

પુસ્તક ૧૬૪મું • સપ્ટેમ્બર, ૨૦૧૮ • અંક : ૯

## એક કલાક અધ્યયન માટે

ગાંધીજીના જમાનાથી મારી એવી ફરિયાદ રહી છે કે ઉત્તમ કામમાં લાગેલા આપણા સેવકો પણ વિચારોનું અધ્યયન ઓછું કરે છે. કાર્યકરોને હું પૂછતો કે, 'હરિજન'માં ગાંધીજીનો ફલાણો લેખ આવ્યો છે, તે વાંચ્યો ? તો જવાબ મળતો કે, ના રે ના; વાંચવાથી શો ફેર પડવાનો હતો ? એમાં લખી લખીને એમ જ લખ્યું હશે ને કે હરિજનોની સેવા કરો, સૂતર કાંતો વગેરે. એ તો અમે કરીએ જ છીએ ને ?

મતલબ કે તેઓ એવા જ ખ્યાલમાં રહેતા હતા કે પોતે ગાંધીજીને આખા ને આખા પી ગયા છે, માટે હવે કશું વાંચવાની એમને જરૂર નથી ! ત્યારે હું એમને કહેતો કે, કામ કરવાની સાથોસાથ વાંચવાની, ચિંતન કરવાની ટેવ રાખવી જોઈએ. જેટલું આપણું અધ્યયન ચાલશે, તેટલું ઊંડાણ આપણા કામમાં આવશે.

તુલસીદાસ, કબીર, જ્ઞાનદેવ આટલાં બધાં વરસ પછી પણ આજે કોને આધારે જીવતા છે ? જે ગ્રંથો એમણે આપ્યા, તેનું અધ્યયન-ચિંતન કરનારા તેમ જ તે મુજબ પોતાના જીવનને ઘડનારા સેંકડો સાધકો નીકળ્યા, એમને આધારે તેઓ જીવંત છે.

આજે આપણે દુનિયાના ચોકમાં ઊભા છીએ. ચારેકોરથી વિચારોનો મારો ચાલી રહ્યો છે – સારા વિચારોનો તેમ કુવિચારોનો પણ. આ બધાની વચ્ચે આપણા વિચારો મુજબ આપણે કામ કરતા રહેવાનું છે અને આપણા વિચારને પરિશુદ્ધ કરતાં કરતાં આગળ વધારવાનો છે. આવા સંજોગોમાં અધ્યયન વગર તો આપણે માર ખાઈશું. અનેક વિષયોનું અધ્યયન આપણે કરવાનું છે. વળી અધ્યયનમાં જેમ અનેક ગ્રંથો વાંચવાની વાત છે, તેમ એક જ ગ્રંથ અનેક વાર વાંચવાની વાત પણ આવે છે. જે ગ્રંથમાંથી જીવનને પોષણ મળતું હોય, તે ફરી ફરીને વાંચીને કસી લેવાનો છે. શંકરાચાર્યે એક નાનકડા શ્લોકમાં અધ્યયનનું ગણિત બતાવ્યું છે : જેટલું અધ્યયન કરીએ, તેનાથી સો ગણું મનન કરવાનું છે. જુઓને – આપણને જમતાં કેલી વાર લાગે છે ? અડધો કલાક. અને એ ખાધેલું પચાવતાં કેટલો વખત લાગે છે ? ચાર-પાંચ કલાક. તેમ અધ્યયન માટે રોજ એક કલાક પૂરતો છે. નહીં તો બહુ ખાઈ લીધું ને પચાવ્યું નહીં, તો જે હાલત શરીરની થાય છે તેવી જ બુદ્ધિની થશે.

**વિનોબા ભાવે**

**'વાચનયાત્રાનો પ્રસાદ'માંથી**

ગુજરાત વિદ્યાસભા

જ્ઞાનં પરં ધીમહિ

શેઠ ભો. જે. વિદ્યાભવન, એચ. કે કૉલેજ કેમ્પસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

# બુદ્ધિપ્રકાશ

**પુસ્તક ૧૬૪મું** **સપ્ટેમ્બર** **અંક : ૯**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| પ્રાસંગિક નોંધ | | |
| નોટબંધી ફરીથી ચર્ચામાં | રમેશ શાહ | ૩ |
| ગામડાં પણ ખેતીપ્રધાન રહ્યાં નથી | રમેશ શાહ | ૪ |
| વૃક્ષો છે, તો જીવન છે ! | દિનેશ શુક્લ | ૫ |
| ભારતના મોટા ભાગના લોકોની ભાષા 'હિંદી' છે | દિનેશ શુક્લ | ૬ |
| મૂર્ધન્ય સર્જક ભગવતીકુમાર શર્માની ચિરવિદાય | મધુસૂદન પારેખ | ૬ |
| કવિતા | | |
| ગીત | વિનોદ ગાંધી | ૮ |
| ગઝલ | વિનેશ ડોંગરે 'નાદાન' | ૮ |
| જંગલમાં | રાધેશ્યામ શર્મા | ૮ |
| પૂરા | રાધેશ્યામ શર્મા | ૯ |
| ગુરુગીત | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૯ |
| સવારે | મયંક પટેલ | ૯ |
| કૂંપળ ફૂટ્યાનો અવસર... | રમણીક સોમેશ્વર | ૧૦ |
| પ્રેતના પડછાયા | લેખક : વંદના દેવેંદ્ર | |
| મૂળ ભાષા : હિંદી, ગુજરાતી અનુવાદ : | દક્ષા પટેલ | ૧૧ |
| સમાજ પરિવર્તન, રમણભાઈ નીલકંઠ (૧૮૬૮-૧૯૨૮) | | |
| અને રમણલાલ ફિનોમિના | મકરન્દ મહેતા | ૨૧ |
| બાજુના બ્લોકમાં નર્ક અને અંતે આશાવાદ... | આસ્વાદ : રાધેશ્યામ શર્મા | ૨૪ |
| 'હણહણાટી' – એક દૃષ્ટિપાત | પ્રફુલ્લ મહેતા | ૨૬ |
| કેળવણી વિશે... | સંધ્યા ભટ્ટ | ૨૯ |
| રજની વ્યાસની ચિરવિદાય | પ્રફુલ્લ રાવલ | ૩૧ |
| મૂઈર એડવીન (૧૮૮૭-૧૯૫૯) | સુરેશ શુક્લ | ૩૨ |
| 'ભવોભવની ભવાઈ' : ઇડરિયા મલકના ગામતળની | | |
| જીવનઘટમાળ | પ્રેમીલા પટેલ | ૩૫ |
| આંતરિક ભાવાભિવ્યક્તિનો પડછાયો એટલે | | |
| ડૉ. મનુભાઈ પાંધી | હસમુખ અબોટી 'ચંદન' | ૩૮ |
| પ્રસાદ (બુદ્ધિપ્રકાશ – સો વર્ષ પહેલાં) બે પંખી | સં. થોમસ પરમાર | ૪૪ |
| પુસ્તક પરિચય | નટવર હેડાઉ | ૪૭ |
| સાહિત્યવૃત્ત | | ૪૮ |

## સૂચના

- આ માસિકનો અંક દર અંગ્રેજી માસની ૨૧મી તારીખે બહાર પડે છે.
- પ્રસિદ્ધ થયેલા લેખો, નોંધો અને અભિપ્રાયો માટેની જવાબદારી તે તે લેખકની રહેશે.
- માસિકની રવાનગી, વ્યવસ્થા, લવાજમ તેમ જ જાહેરખબર અંગે પત્રવ્યવહારનું સરનામું : **ગુજરાત વિદ્યાસભા**, શ્રી એચ. કે. કૉલેજ કેમ્પસ, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૯ ફોન : **૨૬૫૮૨૦૮૮**
- લેખ અંગે સંપાદકો સાથે પત્ર-વ્યવહારનું સરનામું : 'બુદ્ધિપ્રકાશ' C/o શ્રી હ. કા. આટ્ર્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
- લવાજમના દર
  - વાર્ષિક લવાજમ : બસો રૂપિયા
  - સંસ્થાના નોંધાયેલા આજીવન સભ્ય રૂ. ૧૦૦. છૂટક નકલ રૂ. ૨૦. ચેક/ડી.ડી. 'ગુજરાત વિદ્યાસભા'-ના નામનો મોકલવો.
- જાહેરખબરના દર

  પાછલું પૂઠું ૧૦૦૦ રૂપિયા
  અંદરનું પૂઠું ૭૫૦ રૂપિયા
  આખું પાનું ૬૫૦ રૂપિયા
  અડધું પાનું ૩૦૦ રૂપિયા

### લેખકોને ખાસ વિનંતી

- 'બુદ્ધિપ્રકાશ'માં એક કૃતિ પ્રગટ થઈ ગયા પછી જ બીજી મોકલવી. સ્વીકૃત કૃતિનો જવાબ એક માસની અંદર આપવામાં આવે છે. અન્યથા એ રદ સમજવી.
- જવાબ માટે પોસ્ટકાર્ડ મોકલશો નહિ. કૃતિ પરત મેળવવા માટે પૂરતી ટિકિટોવાળું જવાબી પરબીડિયું મોકલવું.

ગુજરાત વિદ્યાસભા વતી પ્રકાશક : માનાર્હ મંત્રી, ગુજરાત વિદ્યાસભા, શ્રી એચ. કે. કૉલેજ કેમ્પસ, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ ❐ ફોન : ૨૬૫૮૨૦૮૮ મુદ્રણસ્થાન : **શારદા મુદ્રણાલય**, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ❐ ફોન : ૨૬૫૬૪૨૭૯

બુદ્ધિપ્રકાશ

## પ્રાસંગિક નોંધ

રમેશ શાહ, દિનેશ શુક્લ, મધુસૂદન પારેખ

**નોટબંધી ફરીથી ચર્ચામાં**

ઑગસ્ટના અંતમાં પ્રગટ થયેલા તેના હેવાલમાં રિઝર્વ બૅંકે નોટબંધીને સ્પર્શતી કેટલીક વિગતો પ્રગટ કરી છે. તે વિગતોના આધાર પર ૨૦૧૬ના નવેમ્બરની આઠમી તારીખે અણધારી રીતે લાદવામાં આવેલી નોટબંધી ફરીથી ચર્ચામાં આવી. સરકાર સમયાન્તરે નોટબંધીના ઉદ્દેશો કે તેની અસરો બદલતી રહી છે. તેથી નોટબંધી કરવામાં આવી ત્યારે કરવામાં આવેલાં નિવેદનો અને જાહેરખબરો દ્વારા લોકોને જે આશાઓ બંધાવવામાં આવી હતી તેને યાદ કરવી જોઈએ. સરકારમાં બેઠેલા તો એ ભૂલી જવા માંગે છે.

નોટબંધી જાહેર કરવામાં આવી ત્યારે તેનાથી થનાર લાભો આ પ્રમાણે દર્શાવવામાં આવ્યા હતા : (૧) અર્થતંત્રમાં રહેલાં કાળાં નાણાં નાબૂદ થશે. રૂ. ત્રણથી ચાર લાખ કરોડનું કાળું નાણું દૂર થશે એવી આશા રાખવામાં આવી હતી. મતલબ કે રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની રૂ. ત્રણથી ચાર લાખ કરોડની નોટો બૅંકો પાસે થાપણોના રૂપમાં નહિ આવે અને નકામી થઈ જશે. એ નાણાં રિઝર્વ બૅંક સરકારને આપશે અને સરકાર એ વિકાસ માટે વાપરશે. (૨) મકાનો અને જમીનના ભાવો ઘટશે. ઉચ્ચ શિક્ષણ અને તબીબી સારવાર સસ્તાં થશે. તેથી આમ આદમી પણ તેમનો લાભ લઈ શકશે. (૩) દાણચોરી, જાસૂસી અને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે મળતાં નાણાં બંધ થઈ જશે. તેથી એ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ પણ બંધ થઈ જશે. (૪) ચલણમાં મોટા જથ્થામાં ફરતી નકલી નોટો ચલણમાંથી નીકળી જશે. નકલી નોટો પાકિસ્તાન દ્વારા ઘુસાડવામાં આવે છે એવો પ્રચાર ચાલતો હોવાથી આ એક રાષ્ટ્રવાદી મુદ્દો પણ બન્યો હતો. આની સાથે 'ગરીબો, નવોદિત મધ્યમ વર્ગ અને મધ્યમ વર્ગ'ને એવી આશા આપવામાં આવી હતી કે તેમના માટે 'આ ઐતિહાસિક પગલું નવી તકો સર્જશે.' નોટબંધીના થોડા દિવસોમાં જ આ ઉદ્દેશો હાંસલ થઈ શકે તેમ નથી એવું પામી ગયેલી સરકારે 'કેશલેસ ઇકોનોમી' અને કરવેરા-પાલનને ઉદ્દેશો તરીકે રજૂ કર્યા.

રિઝર્વ બૅંકે આપેલા આંકડા પ્રમાણે રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની બૅંકોમાં જમા થયેલી નોટોનું મૂલ્ય રૂ. ૧૫.૩૧ લાખ કરોડનું હતું. નોટબંધી કરવામાં આવી ત્યારે રૂ. ૧૫.૪૧૭ લાખ કરોડની એ નોટો ચલણમાં હતી. આમ ચલણમાં રહેલી રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની ૯૯.૩ ટકા મૂલ્યની નોટો બૅંકમાં જમા થઈ ગઈ. જે થોડી બાકી રહી તે નેપાળ અને ભુતાનમાં હોવાની પૂરી સંભાવના છે. લોકોએ

કોઈ કાળું નાણું ચલણી નોટોમાં રાખ્યું નહોતું એવું આ આંકડાઓમાંથી ફલિત થયું. અલબત્ત, કાળાં નાણાંનો સર્વથા અભાવ નહિ હોય પણ કાળું નાણું ધરાવનારાઓ ચબરાક નીકળ્યા. તેમણે પોતાની પાસે રહેલાં કાળાં નાણાંને એક યા બીજી રીતે સફેદ કરી લીધાં. પણ અર્થતંત્રમાં મોટા પ્રમાણમાં કાળા નાણાં ફરી રહ્યાં છે અને તે આપત્તિરૂપ છે એવા પ્રચલિત મતમાં વજૂદ નથી એવું નોટબંધીના આ નિષ્ફળ પગલાથી સ્પષ્ટ થયું.

નોટબંધી કરતી વખતે રજૂ કરવામાં આવેલા અન્ય લાભો કેટલા સાંપડ્યા છે તેની વિગતે ચર્ચા કરવી જરૂરી નથી. તબીબી સારવાર અને શિક્ષણ સસ્તાં થયાં નથી એ આપણો અનુભવ છે. કશ્મિરમાં અને દેશના અન્ય ભાગોમાં ચાલતી આતંકવાદી પ્રવૃત્તિ નાણાંના અભાવે બંધ થઈ નથી. નકલી નોટોનો મુદ્દો થોડો ચર્ચવા જેવો છે. રૂ. ૫૦૦ અને રૂ. ૧૦૦૦ની જૂની નોટો ચલણમાંથી પાછી ખેંચાતાં એની નકલી નોટો આપમેળે ચલણમાંથી દૂર થઈ. પણ તેનાથી ચલણમાં મુકાતી નકલી નોટોનો પ્રશ્ન કાયમ માટે ઉકલી ગયો નથી. રિઝર્વ બેંકે તેના વાર્ષિક હેવાલમાં નવી મૂકવામાં આવેલી રૂ. ૫૦૦ અને ૨૦૦૦ની પકડવામાં આવેલી નકલી નોટોના આંકડા આપ્યા છે. ૨૦૧૬-૧૭ના વર્ષમાં રૂ. ૫૦૦ની નવી ડિઝાઈનની ૧૯૯ અને રૂ. ૨૦૦૦ની ૬૩૮ નોટો પકડાઈ હતી. ૨૦૧૭-૧૮ના વર્ષમાં એ આંકડો વધીને અનુક્રમે ૯૮૯૨ અને ૧૭૯૨૯ થયો હતો. આમ નકલી નોટોનો પ્રશ્ન કાયમી તકેદારીનો છે. નોટબંધી જેવું જલદ પગલું એનો ઉપાય નથી.

'કેશલેસ ઇકોનોમી'નો ઉદ્દેશ પણ ચર્ચામાં આવ્યો. લોકોમાં ફરતું ચલણ તા. ૮-૧૧-'૧૬ના રોજ ૧૭.૧૭ લાખ કરોડ રૂપિયા હતું. નોટબંધીના પરિણામે તે ઘટીને તા. ૬-૧-૧૭ના રોજ રૂ. ૮.૭૮ લાખ કરોડનું થયું હતું, પરંતુ જૂન '૧૮ના આરંભે તે રૂ. ૧૯.૩૨ લાખ કરોડનું થયું હતું. અલબત્ત, જીડીપીના ટકા રૂપે તેમાં અલ્પ ઘટાડો થયો હોવાનો સંતોષ લઈ શકાય : ૨૦૧૫માં જીડીપીના ટકા રૂપે ૧૨ ટકા ચલણ હતું જૂન '૧૮ના આરંભે તે જીડીપીના ૧૧.૨૭ ટકા હતું. એક હકીકત તરીકે એ નોંધવું જોઈએ કે મોટા ભાગના વિકાસશીલ દેશોની તુલનામાં ભારતમાં જીડીપીના ટકા રૂપે નાણાંનું પ્રમાણ વધારે છે, પણ જાપનમાં એ પ્રમાણ ૨૦ ટકા જેટલું મોટું છે. મુદ્દો એ છે કે નાણાંના વધુ પ્રમાણને અનિષ્ટ માનવાની જરૂર નથી.

નોટબંધીને કારણે નવી નોટો છાપવાનું જે ખર્ચ થયું છે તેના આંકડા પણ રિઝર્વ બેંકે આપ્યા છે : ૨૦૧૬-૧૭ના વર્ષમાં નોટો છાપવાનું ખર્ચ રૂ. ૭૯૬૫ કરોડ અને ૨૦૧૭-૧૮માં રૂ. ૪૯૧૨ કરોડ થયું. અસંગઠિત ક્ષેત્રમાં લાખ્ખો લોકોએ એમના કશા વાંકગુના વિના દિવસો સુધી રોજગારી ગુમાવી અને જીડીપીમાં ૨.૨૫ લાખ કરોડનો ઓછો વધારો થયો તે પણ નોટબંધીનું પ્રજાએ ચૂકવેલું ખર્ચ હતું.

**તા. ૨-૮-૧૮** રમેશ શાહ

### ગામડાં પણ ખેતીપ્રધાન રહ્યાં નથી

દેશનાં ગ્રામીણ કુટુંબોની ૨૦૧૬-૧૭ના વર્ષમાં 'નાબાર્ડે' એક મોજણી કરી હતી. આ મોજણીમાં કુટુંબોની આવક અને તેના સ્રોતો તપાસવામાં આવ્યા હતા. એ મોજણીમાં ગ્રામીણ વિસ્તારની વ્યાખ્યા વિસ્તૃત કરવામાં આવી હતી. તેમાં પચાસ હજારથી ઓછી વસ્તી ધરાવતાં નગરોને પણ સમાવી લેવામાં આવ્યાં હતાં. દેશનાં ૨૯ રાજ્યોમાંથી ૪૦૩૨૭ કુટુંબોને સેમ્પલ તરીકે પસંદ કરવામાં આવ્યાં હતાં. આ પસંદ થયેલાં કુટુંબોમાંથી ૪૮ ટકાને ખેડૂતકુટુંબો ગણવામાં આવ્યાં. ખેડૂતકુટુંબની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે : કુટુંબનો એક સભ્ય ખેતીમાં રોકાયેલો હોય અને વાર્ષિક રૂ. ૫૦૦૦થી વધુ આવક ખેતીમાંથી મેળવતો હોય. આ વ્યાખ્યા પ્રમાણે ગ્રામીણ ક્ષેત્રમાં કુલ ૨૧.૧૭ કરોડ કુટુંબોમાંથી ૧૦.૦૭ કરોડ કુટુંબો ખેડૂતકુટુંબો છે. એમાંથી ૮૭ ટકા નાના અને સીમાંત ખેડૂતો છે.

ગ્રામીણ કુટુંબોની સરેરાશ માસિક આવક રૂ. ૮૦૫૯ માલૂમ પડી હતી. એમાં ખેતીનો ફાળો ફક્ત રૂ. ૧૮૩૨ હતો, એટલે કે ૨૩ ટકા હતો. આમાંથી એક મહત્ત્વનું તારણ કાઢવામાં આવ્યું છે : હવે ગામડાં પણ ખેતી પર આધારિત નથી રહ્યાં. એમાં રહેતાં કુટુંબોની આવકનો પ્રમુખ સ્રોત મજૂરીનો છે, જેમાંથી તેમને ૪૪ ટકા જેટલી આવક મળે છે. આ મજૂરી મહદંશે છૂટક

સ્વરૂપની હોય છે. આના સૂચિતાર્થને સમજવા જેવો છે : ગ્રામીણ કુટુંબોને તેમના વિસ્તારમાં ખેતીથી સારો વિકલ્પ મળ્યો નથી. તેમને લાચારીપૂર્વક ખેતીથી ઊતરતો વિકલ્પ સ્વીકારવો પડે છે.

ખેડૂતકુટુંબોની માસિક સરેરાશ આવક રૂ. ૮૯૩૧ હતી. એમાં ખેતીમાંથી મળતી આવક રૂ. ૩૧૪૦ અને પશુપાલનમાંથી મળતી આવક રૂ. ૭૧૧ મળીને ખેતીમાંથી મળતી કુલ આવક રૂ. ૩૮૫૧ થતી હતી. આમ ખેડૂતકુટુંબોને મળતી આવકમાં પણ ખેતીનો હિસ્સો ૪૩ ટકા અને મજૂરી જેવા અન્ય સ્રોતોનો હિસ્સો ૫૭ ટકા છે. આનું કારણ સમજાય તેવું છે. ઉપર નોંધ્યું છે તેમ ૮૭ ટકા ખેડૂતકુટુંબો નાના કે સીમાન્ત ખેડૂતોનાં છે. (એક હેક્ટરથી ઓછી જમીન ખેડતો હોય તેને સીમાન્ત ખેડૂત અને બે હેક્ટરથી ઓછી જમીન ખેડતો હોય તેને નાનો ખેડૂત ગણવામાં આવે છે.) મોટા ભાગના ખેડૂતો પાસે અપૂરતી જમીન હોવાથી તેમને ખેતીમાંથી મળતી આવકની પૂર્તિ કરવા માટે ગામમાં ઉપલબ્ધ અન્ય વિકલ્પો શોધવા અને સ્વીકારવા પડે છે. પણ બધાં કુટુંબો અન્ય સ્રોતોમાંથી પૂરતી આવક મેળવી શકતાં નથી. અડધાથી વધારે ખેડૂત કુટુંબો દેવામાં માલૂમ પડ્યાં હતાં. તેમનું સરેરાશ દેવું રૂ. એક લાખથી વધારે હતું.

અગાઉ ૨૦૦૨-૦૩ના વર્ષમાં કરવામાં આવેલી મોજણીમાં ખેડૂતકુટુંબની સરેરાશ આવક રૂ. ૨૧૧૫ હતી. એના આધારે ગણીએ તો ૨૦૧૬-૧૭ સુધી તેમની આવક ચાલુ ભાવોએ વાર્ષિક ૧૨ ટકાના દરે વધી હતી, પણ એ વર્ષોમાં થયેલા ભાવવધારાને મજરે લઈએ તો ખેડૂતકુટુંબોની આવકમાં (સ્થિર ભાવોએ) ૩.૭ ટકાના દરે વધારો થયો હતો. જો આ દરે જ ખેડૂતોની આવક વધ્યા કરે તો તેમની આવક ૧૯ વર્ષે બમણી થાય, એટલે કે લગભગ ૨૦૩૫માં બમણી થાય. પણ વડાપ્રધાને વચન આપ્યા પ્રમાણે ખેડૂતોની આવક સાત વર્ષમાં જ બમણી કરવી હોય (૨૦૨૨-૨૩માં) તો તેમની આવકમાં ૧૦.૪ ટકાના ચક્રવૃદ્ધિ દરે વધારો થવો જોઈએ. એ રીતે ગણતાં જીડીપીનો વૃદ્ધિદર જે ૭ ટકા જેટલો રહે છે તે વધીને ૨૦ ટકા થવો જોઈએ. ભૂતકાળમાં બે વર્ષોમાં આપણે ૧૦ ટકાનો વૃદ્ધિદર હાંસલ કરી શક્યા હતા, પણ એ વૃદ્ધિદર ટકાઉ નીવડ્યો નહોતો. પણ ૭૦ વર્ષમાં ન થયું હોય એવું ઘણું કરી બતાવ્યાનો દાવો કરતી સરકારના શાસનમાં ભૂતકાળમાં જે સિદ્ધિ ભારતમાં જ નહિ, દુનિયાના અન્ય કોઈ દેશમાં પણ હાંસલ ન થઈ હોય તે થાય પણ ખરી ! પૉઝિટિવ વિચારો સેવવાના આ યુગમાં આપણે આશાવાદી રહેવું જોઈએ !

**૨૭-૮-૧૮** **રમેશ શાહ**

**વૃક્ષો છે, તો જીવન છે !**

તાજેતરમાં બહાર પાડવામાં આવેલ 'નેચર જર્નલ'ના હેવાલ મુજબ ભારતમાં દરેક વ્યક્તિદીઠ માત્ર ૨૮ વૃક્ષો બચ્યાં છે અને દર વર્ષે તેની સંખ્યામાં સતત ઘટાડો થતો જાય છે. જો સમગ્ર વિશ્વની વાત કરીએ તો એક વ્યક્તિ દીઠ ૪૪૪૨૨ વૃક્ષો હયાત છે. બીજા દેશોની વાત કરીએ તો વૃક્ષોની સંખ્યાની દષ્ટિએ રશિયન ફેડરેશન સૌથી આગળ છે, ત્યાં લગભગ ૬૪૧ અબજ વૃક્ષો છે, જે બીજા કોઈ પણ દેશ કરતાં વધારે છે. બીજા ક્રમે આવે છે કેનેડા, ૩૧૮ અબજ વૃક્ષો છે. ત્રીજા ક્રમે આવે છે, બ્રાઝિલમાં ૩૦૧ અબજ વૃક્ષો છે. અને ચોથા ક્રમે આવે છે અમેરિકા, ૨૨૮ અબજ વૃક્ષો ત્યાં આજે પણ છે. જ્યારે ભારતમાં માત્ર ૩૫ અબજ વૃક્ષો છે. આપણે સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૫.૩ અબજ વૃક્ષો ગુમાવી રહ્યા છે. એટલે કે દરેક વ્યક્તિ દીઠ બે વૃક્ષોથી વધારે વૃક્ષો ગુમાવી રહ્યા છે.

નેચર જર્નલના રિપોર્ટ અનુસાર જે વૃક્ષો હયાત હતાં, તેમાં આશરે ૪૬ ટકાનો ઘટાડો થયો છે. એટલું જ નહીં દર વર્ષે ૧૦ અબજ વૃક્ષો કપાઈ રહ્યાં છે. આ રિપોર્ટ અનુસાર વૃક્ષો સૌથી વધારે ૪૫.૭ ટકા ઉષ્ણકટિબંધ અને ઉપઉષ્ણકટિબંધમાં છે. ત્યાં બૉરિયલ નામનાં વૃક્ષોની સંખ્યા સૌથી વધારે છે, એટલે ૨૪.૩ ટકા છે જ્યારે શીતોષ્ણકટિબંધમાં વૃક્ષોની સંખ્મયા માત્ર ૨૦ ટકા જ છે.

વૃક્ષોની સંખ્યા વિશે ઉત્તર પ્રદેશના વન વિભાગના સચિવ પાંડેય જણાવે છે કે અમારો હંમેશાં એ પ્રયાસ છે કે વૃક્ષોની સંખ્યા વધે પણ ભ્રષ્ટાચારને કારણે વૃક્ષોની ચોરી અને તેમને કાપવાને કારણે તેમની સંખ્યામાં સતત ઘટાડો થતો જાય છે. વૃક્ષોને બચાવવા માટે દરેક જણે

મદદ કરવી જોઈએ. વૃક્ષો ભલે આપણે વાવીએ, પણ તેની સતત દેખભાળ રાખવાની ખાસ જરૂર છે. છોડવા જ જીવન છે. કોઈ સ્મૃતિમાં લગાવવામાં આવેલ મૂર્તિ આપણને ઑક્સિજન નથી આપતી, જ્યારે વૃક્ષો તો ઑક્સિજન આપે છે. એટલે આપણે સૌએ વૃક્ષોનું મહત્ત્વ સમજવું જોઈએ.

મેડિકલ જર્નલ લાન્સેટમાં પ્રગટ થયેલ એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વિશ્વભરમાં લગભગ ૮૯૦ લાખ લોકોનાં મૃત્યુ વાયુપ્રદૂષણને કારણે થાય છે, તેના ૨૮ ટકા મૃત્યુ તો ભારતમાં થાય છે. ઉત્તર ભારતમાં ધુમ્મસ મોટું નુકસાન કરે છે, એક અભ્યાસ પ્રમાણે દર મિનિટે ભારતમાં બે જિંદગીઓ વાયુપ્રદૂષણને કારણે ચાલી જાય છે.

પર્યાવરણનું જતન-સંરક્ષણ કરવા માટે ગયા વર્ષે ઉત્તર પ્રદેશમાં માત્ર ૨૪ કલાકમાં પાંચ કરોડ વૃક્ષો વાવીને વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યો હતો.

**દિનેશ શુક્લ**

### ભારતના મોટા ભાગના લોકોની ભાષા 'હિંદી' છે

ભારતના ૫૨.૮ કરોડ લોકોનો દાવો છે કે હિંદી તેમની પ્રથમ ભાષા છે, વર્ષ ૨૦૦૧માં ૪૧ ટકા લોકો કહેતા હતા કે હિંદી તેમની પ્રથમ ભાષા છે, એનો અર્થ એ થયો કે હિંદી ભાષા બોલનારાઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે.

રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરના જણાવ્યા અનુસાર ભારતના બંધારણના શેડ્યુલ્ડમાં ૨૨ ભાષાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો, અને ૯૯ ભાષાઓનો ઉલ્લેખ 'અન્ય ભાષાઓ' તરીકે કરવામાં આવ્યો છે. ૨૦૧૧ના સેન્સસ અનુસાર ૧૯,૫૬૯ ભાષાઓ છે, જ્યારે બાકીની બધી 'બોલીઓ' છે.

દેશમાં બંગાળી બોલનારાઓની ટકાવારી ૮ ટકા છે. મરાઠી બોલનારાઓની ૬.૯ ટકા છે, તેલુગુ બોલનારાઓની ટકાવારી ૬.૭ ટકા છે, તમિળ બોલનારાઓની ટકાવારી ૫.૭ ટકા છે. ગુજરાતી બોલનારાઓની ટકાવારી ૪.૬ ટકા છે, ઉર્દૂ બોલનારાઓની ટકાવારી ૪.૨ ટકા છે, કન્નડ બોલનારાઓની ટકાવારી ૩.૬ ટકા છે, ઓડિયા બોલનારાઓની ટકાવારી ૩.૧ ટકા છે, મલયાલમ બોલનારાઓની ટકાવારી ૩.૧ ટકા છે, જ્યારે બાકીની બીજી બધી ભાષાઓ બોલનારાઓ ૧૦.૭ ટકા છે.

હિંદી ભાષાનું મહત્ત્વ એટલું છે કે સમગ્ર દેશને જોડનાર ગુંદરનું કામ કરે છે. ૨૪,૮૨૧ લોકો પોતાની પ્રથમ ભાષા તરીકે સંસ્કૃત કરે છે, જે ૨૨ જેટલી ભાષાઓનો સમાવેશ શેડ્યુલ્ડમાં કરવામાં આવે છે, જેમાં બોડો, મણીપુરી, કોંકણી અને ડૉગરીનો સમાવેશ થાય છે.

દેશના પશ્ચિમ અને મધ્ય ભારતમાં રહેતા લોકો ભીલી, ગોંડી વગેરે ભાષાઓ બોલે છે, તેની સંખ્યા અનુક્રમે ૧૦.૪ કરોડ અને ગોંડી બોલનારા ૨૯ લાખ લોકો છે.

અને છેલ્લે ૨,૬૦,૦૦૦ લોકોએ જણાવ્યું કે અંગ્રેજીનો ઉપયોગ તેઓ તેમની પ્રથમ ભાષા તરીકે કરે છે અને તે પૈકી ૧,૦૬૦૦૦ લોકો મહારાષ્ટ્રમાં રહે છે.

**દિનેશ શુક્લ**

### મૂર્ધન્ય સર્જક ભગવતીકુમાર શર્માની ચિરવિદાય

ગુજરાતી સાહિત્યના એક મૂર્ધન્ય સર્જક – વિવેચક – પત્રકાર ભગવતીકુમાર શર્માનું તારીખ ૫મી સપ્ટેમ્બરે લાંબી માંદગી બાદ અવસાન થયું છે એ સમગ્ર સાહિત્યજગત માટે દુઃખદ ઘટના છે. એમનો જન્મ સુરતમાં ૧૯૩૪માં. સુરત જ એમની જીવનભર કર્મભૂમિ બની રહી. સુરતમાં રહીને જ એ વિકસ્યા – એમની સર્જકતા અને વિવેચના સુરતમાં જ મહોરી.

એમની સર્જકતાની સાથે-સાથે પત્રકાર તરીકે પણ એમની સૂઝ અને ઝીણવટ સુરતથી પ્રગટ થતા 'ગુજરાતમિત્ર'ના તંત્રીપદ દરમિયાન પ્રગટ થવા માંડી. ગુજરાતમિત્રને અનેક રીતે વિકસાવવામાં એમનો કીમતી ફાળો છે.

સુરતની નર્મદ સાહિત્યસભામાં પણ એમનું મહત્ત્વનું પ્રદાન છે. એના ટ્રસ્ટી તરીકે પણ એમણે ઉત્તમ કાર્યશીલતા દર્શાવી છે. એમની સાહિત્ય અને સંસ્કાર સેવાએ એમને કુમારચંદ્રકથી માંડીને ૧૯૮૪માં રણજિતરામ સુવર્ણચંદ્રકોએ શોભાવ્યા છે.

સુરતમાં નિષ્ઠાવાન અને નિઃસ્પૃહી પ્રકાશક –

સર્જક નાનુભાઈ નાયક અને એમના પુત્ર જનક નાયકની સાહિત્યસંગમ સંસ્થામાં પણ તેમનું અતિ મહત્ત્વનું અર્પણ છે. બંને પિતા-પુત્ર દ્વારા થયેલી સાહિત્ય અને સંસ્કાર સેવાને એમણે ભરપૂર પ્રશંસી છે. નાનુભાઈ નાયકને 'નગરબાપા'નું હુલામણું નામ એમણે એ સંદર્ભમાં ઉચિત રીતે આપ્યું હતું. એમની સર્જકતા જીવનના વિશાળ પટ પર વિસ્તરી વિકસી છે. સાહિત્ય ક્ષેત્રે એમણે 'ઊર્ધ્વમૂલ', 'અસૂર્યલોક' આદિ દળદાર અને નવીન વિષયમાં પ્રસ્થાન કરતી નવલકથાઓ ઉપરાંત 'અડાબીડ', 'છિન્નભિન્ન' વાર્તાસંગ્રહો આપ્યા છે.

ગુજરાતીમાં ગઝલ સાહિત્યની પ્રવૃત્તિમાં ભગવતીકુમારે પણ પોતાનું આગવું પ્રદાન ગઝલસંગ્રહ દ્વારા આપ્યું છે.

કાવ્યક્ષેત્રમાં પણ એમની કલમનાં ફળ ગુજરાતે માણ્યાં છે. 'સંભવ', છંદ છે પાંદડાં જેવા. સહેજે સ્મરી શકાય.

હાસ્યનેય એમણે એમના જીવનક્ષેત્રની બહાર રાખ્યું નથી. ગંભીર પ્રકૃતિના આ સર્જકે 'સૂપડાં સાફ' હાસ્યનું પુસ્તક પણ આપ્યું છે.

સર્જક પોતે સુરતની ભૂમિના, પોતાની ભૂમિનું ઋણ કેમ ચૂકે સુરત મુજ ઘાયલભૂમિ' ગુજરાતી આત્મકથા સાહિત્યમાં ઉત્તમ ગણાય તેવી કૃતિ છે. નર્મદે

*સુરત મુજ ઘાયલ ભૂમિ*
*ભાંય તારી મેં ચૂમી*

એ પંક્તિઓ રચી હતી તેની પહેલી પંક્તિને તેમણે કૃતિનું શીર્ષક બનાવી છે.

અને છેલ્લે, ગુજરાત વિદ્યાસભા સાથે પણ તેમનું સ્મરણ એ રીતે ગૂંથી શકાય કે એમણે ૧૯૮૯માં ગુજરાત વિદ્યાસભાના ઉપક્રમે '૨૧મી સદીની ગુજરાતી નવલકથા' વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું.

ભગવતીકુમાર શર્માની બહુમુખી પ્રતિભા સહેજે ભુલાશે નહિ.

એમને ભાવભીની શ્રદ્ધાંજલિ.

**મધુસૂદન પારેખ**

**અ-પરિચય**

આપણે અમુક લોકો સાથે નિરંતર રહેવું પડે છે, તો એ લોકોને જોઈને મનમાં અમુક ભાવ પેદા થાય છે, એમના વિશે અમુક અભિપ્રાય બંધાય છે.

પણ આ રીતે કોઈ પણ વ્યક્તિને માપવી ન જોઈએ. કારણ કે આપણને તો તેના આ જન્મનાં જ દસ-વીસ વરસની જાણકારી છે. પણ આ પૂર્વે તેના તો કેટલાયે જન્મ થયેલા છે. એ તો એક પુરાણપુરુષ છે ! એ એક ગૂઢ તત્ત્વ છે, જેને એ પોતે પણ નથી જાણતો – તો પછી આપણે તેને શું જાણવાના હતા !

માટે દરેક વ્યક્તિ પ્રત્યે આપણું આદરયુક્ત અળગાપણું હોવું જોઈએ; એક જાતનો આધ્યાત્મિક અ-પરિચય હોવો જોઈએ. આસમાનમાં ચમકતી તારિકાઓ એટલી તો પ્રજ્વલિત છે કે સૂર્યનારાયણ તો એમની આગળ એક નાનકડા બિંદુ સમાન છે. છતાં આપણી આંખો ઉપર એ તારિકાઓની સૌમ્ય અસર થાય છે, એમનાં દર્શનથી આપણી આંખનું તેજ વધે છે. આનું કારણ એ છે કે તે તારિકાઓ આપણાથી અત્યંત દૂર છે.

એવી જ રીતે પરસ્પરનો પ્રેમ જાળવી રાખવા માટે, નિકટ રહેવા છતાં એક જાતનું અળગાપણું કાયમ રાખવું જોઈએ, આધ્યાત્મિક અનાસક્તિ અનુભવવી જોઈએ.

વિનોબા ભાવે

● વિનોદ ગાંધી

## ગીત

અમે આંધળી દોટ મૂકી ને તમે ગણતરીપૂર્વક,
તમે જોઈને લિસ્સે ચાલ્યા, અમે લીધો પથ બરછટ !
ઝીણી આંખે ભેદ કરીને
તમે તારવ્યા હીરા,
કાંસીજોડાં પડતાં મૂકી
અમે લીધાં મંજીરા,
આપ્યું એવું લેઈ લીધું, ના અમેકરી કંઈ રકઝક !
તમે જોઈને લિસ્સે ચાલ્યા, અમે લીધો પથ બરછટ !
અમને દોણી – ગાગર વચ્ચે
ભેદ કશો ના લાગ્યો,
લાગ આવ્યો તોય ચૂપ રહ્યા
ના, દાવ કદીયે માંગ્યો,
કશી ગણતરી કરી નહીં ને જવા દીધો જે નિજ હક !
તમે જોઈને લિસ્સે ચાલ્યા અમે લીધો પથ બરછટ !

● વિનેશ ડોંગરે 'નાદાન'

## ગઝલ

થૈ ગયા છે કેદ લ્યો હોઠોની ભીતર શબ્દ મારા,
કાયમી રૂપે થયા છે મૌનનું ઘર શબ્દ મારા.

હસ્તરેખામાં નથી હું માનતો તેથી કહું છું,
આપ માનો કે ન માનો છે મુકદ્દર શબ્દ મારા.

ઝાંઝવા પાછળ નથી દોડ્યો કદી હું એટલે તો,
શ્વાસ તૃપ્તિનો લઈને છે સમંદર શબ્દ મારા.

કાંખઘોડીની જરૂરત ન કશા ઉપકારની પણ,
નીકળે જો નાભિસોતા સાવ નક્કર શબ્દ મારા.

શબ્દ મારો નાદ છે ને શબ્દ મારો બ્રહ્મ 'નાદાન'
ચોદિશા, આકાશ-પાતાળ, બ્હાર-ભીતર શબ્દ મારા.

● રાધેશ્યામ શર્મા

## જંગલમાં

શિયાળની
લાળ
નથી
સિંહની
ગુહામાં
ગર્જે
છે
સર્જે
તે
પોતાની
ગરજે
જંગલનું
દેવું
ચૂકવવા
લાગ
આવે
તો
હરણાંને
ભગાડવા
જગાડવા...

● રાધેશ્યામ શર્મા

## પૂરા

વરસના પ્રેક્ષકગૃહમાં
ઘેને ચઢેલું હૈયું
ઠાંસોઠાંસ કપડાંથી તૂટું તૂટું થતી પેટીના
નાકે દીધેલા તાળા જેવું
ત્યાં
કોઈ ઢંઢોળે છે...
પાંપણનો ખેલ
ખલાસ થયા પછીનો
ઊંઘણશી પડછે
ઊંચકાતાં
મહાભારતના ૧૮મા દિવસ સમો
ભૂખરો રાખ દિવસ દેખું છું
અરે ! આ હું શું પેખું છું ?
ઘડિયાળના વાગ્યા બાર
ગણવાના મારે ફરી વાર !?
ના, આંખો બંધ કરું છું
ને, મારો વધ કરું છું !

● ભગીરથ બ્રહ્મભટ્ટ

## ગુરુગીત

ગુરુ કરતા માલામાલ
અજવાળાના ઘૂંટ ભરાવે અઢળક ઢોળે વ્હાલ !
અંગે અંગે કનડ કૂંપળ
ઊંડે અચરજ મૂળ
અકળ ગંધના ગજરા ગૂંથે
કરતા ગાંડીતૂર
ચેતન સઘળું ચોરી લઈને પળમાં પલટે હાલ
ગુરુ કરતા માલામાલ
એક ઘડીમાં ઊંચી થઈને
છેક ગગનમાં પ્હોંચી
ધોળી પાંખો પ્હેરાવીને
સોય મજાની ઘોંચી
એક નજરના પલકારામાં કરતા ન્યાલાન્યાલ
ગુરુ કરતા માલામાલ

● મયંક પટેલ

## સવારે

ડાળેથી ઊડીને જતાં જતાં
ખેરવાનો ગયો મોર
પિચ્છ એક.
શેઢે બેસી
ચલમ ફૂંકતો હું થાઉં ઊભો
ઉઠાવી પિચ્છ
ખોસૂં ચાસમાં
ને
વળું ઘર ભણી.
આવી સવારે
જોઉં તો,
લ્હેરાતું ખેતર આખ્ખું ય
પિચ્છ અસંખ્યથી...

# કૂંપળ ફૂટ્યાનો અવસર...

**રમણીક સોમેશ્વર**

મોં સૂંઝણાની વેળા છે. હમણાં ઘણા દિવસ પછી વહેલી સવારનો આ ઝલમલતો પ્રકાશ જોયો છે. કલકલિયો ક્યારનો એના ધ્વનિ – તરંગોને સવારની શીતળ હવામાં પ્રસારતો રહ્યો છે. બીજાં કેટલાંક પંખીઓ પણ એમાં ધીમે સાદે સૂર પુરાવે છે. હું કાન સરવા કરી એ બધા અવાજ ઓળખવા મથું છું, પણ ભોટ સાબિત થાઉં છું. એક-બે અવાજો પરખાય છે પણ નામ આપી શકતો નથી. અત્યારે તો મસ્તીમાં આવી ગયેલા કલકલિયાનો અવાજ જ બધે છવાયેલો છે.

સૂરજ ઊગ્યા પહેલાનું હીંગળોકિયું આકાશ. લાલ-કેસરીના મિશ્ર પર્દા નીચેથી સૂરજ ધીમે રહીને બહાર નીકળી રહ્યો છે. અંધકારના ઢગલા નીચે દબાયેલાં વૃક્ષો પરનું અંધારું હળવેકથી ઓગળી રહ્યું છે.

ચાલ્યા જતા અંધકારને આવનારા અજવાળામાં ઘૂંટીને શ્વાસમાં ભરું અને કામે લાગું...

**(ડાયરી ૦૨-૦૩-૧૯૮૯)**

> **"I am what I am, circumstance,
> history, have made of me,
> certainly;
> but I am also much more than
> that, So are we all."**

**– Jamer Baldwin**

મારા ઓરડામાં શાંત બેઠો છું. સામેના મકાનમાં કામ ચાલે છે. મશીનોનો ઘર્ઘરાટ સંભળાયા કરે છે. ઓરડાનો પંખો ગરજે છે એટલું વરસતો નથી. થોડી હવા મેળવવા એને વધુ સાંભળવો પડે છે. ચોમાસું ઠેલાતું ગયું છે. વાદળો બંધાય છે ને વિખેરાય છે. પવન ફૂંકાતો રહે છે. હમણાં જ પાસેના વૃક્ષ પરથી ટહુક્યું એ પંખીના સ્વરમાં પણ કદાચ વરસાદની જ ચિંતા ભરેલી છે. સવારે ચાલવા નીકળવામાં હમણાં મોડું થઈ જાય છે. ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાંથી મેં એક અવતરણ મારી ડાયરીમાં ઉતાર્યું છે.

> **"In euery walk with nature
> one receives far more than he
> seeks."**

વાત તો સાચી. ઇચ્છ્યાથી અનેકગણું કુદરત તો આપતી રહે. મારી પાસે અહીં – નેચર – કુદરતના નામે છે એક નાનકડો બગીચો અને આસપાસ થોડાં વૃક્ષો. અને જોઈતું તો શું હોય આપણને કુદરત પાસેથી ? કેવળ સંગાથ. હા, વૃક્ષો, ફૂલ-છોડ કે પંખીઓ સંગાથે થોડો સમય પણ રહેવાનું ગમે. એમાં ક્યારેક એવી પળો આવે કે સમય ભુલાઈ ગયો હોય. બસ, આ જ more than one seoks – ઇચ્છ્યાથી અદકેરું. આપણી ધારણા બહારનું કશુંક. ચાલતાં ચાલતાં ઘણી વાર અંદરની પ્રકૃતિ સાથે તાર જોડાઈ જાય ત્યારે આપણે ચાલતા હોઈએ તે રસ્તા પર ન હોઈએ. કશેક બીજે જ હોઈએ. કુદરત સંગે ચાલવાની આ અણધારી ઉપલબ્ધિ.

અણધાર્યું તો ઘણું બનતું રહે જે આપણને સાવ અજાણ્યા પ્રદેશોમાં ખેંચી જાય. આપણા બધા જ સમયપત્રકો – આયોજનો મોં વકાસીને જોતા રહે. આપણે ઘડીક મૂંઝાઈએ, પછી ચૂપચાપ એમાં જોડાઈ જઈએ...

**(ડાયરી ૦૨-૦૭-૨૦૧૪)**

સોનાલીની ડાળે દરજીડો પ્રલંબ સાદે ગાયા કરે છે – અને હું અહીં મારા ટેબલ પાસે બેઠો છું સુકાઈ ગયેલા લાકડા જેવો. ઝીણાં ઝીણાં પંખી સ્વરોમાં વરસાદ આવવાની આશા વર્તાય છે અને મારામાં કૂંપળ ફૂટ્યાના અણસાર...

**(૦૧-૦૮-૨૦૧૮)** **(ડાયરી ૧૦-૦૭-૨૦૧૪)**

# પ્રેતના પડછાયા

**લેખક : વંદના દેવેંદ્ર**

**મૂળ ભાષા : હિંદી, ગુજરાતી અનુવાદ : દક્ષા પટેલ**

સફેદ રંગથી તાજી રંગાવેલી બે માળની હવેલી તેના મોટા ઘેરાવાની વચ્ચોવચ બગલા જેવી ઊભી હતી.

દરવાજાની બહાર ભિખારીઓની ભીડ હતી. ત્રણ દિવસથી તે બધા ત્યાં ભેગા થતા હતા અને એટલી મોટી સંખ્યામાં હતા કે છેક ક્ષિતિજ સુધી તેમની ભૂખ અને ગરીબાઈ ધૂળની જેમ પ્રસરી ગયેલી. હવેલીમાં પ્રેતાત્માની મુક્તિ માટે અનુષ્ટાન ચાલી રહ્યું હતું. હવન પૂરો થયા પછી બ્રહ્મભોજન રાખવામાં આવેલું, જેમાં આ અણમાનીતા ભીખારીઓને નોતરું આપેલું. વારંવાર ગોઠવાતાં આવા પ્રસંગો આખા ગામના ભીખારીઓ માટે માનીતા હતા.

એ બની ત્યારથી જ ભયનો પર્યાય બની ગયેલી આ વૈભવશાળી હવેલીના લોકો શ્યામાના પ્રેતાત્માથી ત્રાસી ગયેલા. શ્યામા હવેલીના હાલના મુખી નાહરસિંહની પહેલી પત્ની હતી જેણે બે માળની હવેલીની અગાસી પરથી કૂદીને જીવ દઈ દીધેલો. આ પ્રેત બહુ જિદ્દી હતું. આટ-આટલા યજ્ઞો અને તાંત્રિક અનુષ્ઠાનો પછી પણ હવેલી છોડતું નહોતું. આ ભટકતા આત્મા માટે જાણે બીજું કોઈ ઠેકાણું નહોતું અથવા સમય તેના માટે અટકી ગયેલો.

ભોજાઈ રૂપવતીને અનુષ્ઠાનમાં રોકી રાખવા વરંડાની જાળી સાથે બાંધી દીધેલી. તે શ્યામાની સૌથી વધુ ગુનેગાર હતી. એટલે પ્રેતાત્માનો સૌથી વધુ પ્રકોપ તેની પર હતો. તેણે પોતાના હોશકોશ ગુમાવી દીધેલા.

કુંવર નાહરસિંહની બીજી પત્ની મુન્ની પોતાનાં બાળકો માટે ચિંતીત હતી. નાહરસિંહના મોટા ભાઈ કુંવર રૂપસિંહની પત્ની રૂપવતી એટલે ભોજાઈ જાણે તેના દિલમાં ઊંડે ને ઊંડે ઊતરી રહી હતી. ભોજાઈ માટે દિવસ કે દીવો બધું નિરર્થક હતું. તેની આંખોનું તેજ જતું રહેલું. તે કોઈ બીજી જ દુનિયામાં વિચરતી હતી, પોતાના વિખરાયેલા વાળમાં આંગળીઓ નાંખીને જૂ શોધવામાં મશગૂલ રહેતી. હંમેશાં પોતાના ઊંચા અવાજથી હેલી ગજવતો તેનો અવાજ વર્ષોથી શાંત થઈ ગયેલો. નાહરસિંહ અલિપ્ત થઈ ગયેલો.

હવેલીની ઘરડી વાળંદણ મઝિયાએ આંબા અને ચંદનના લાકડાના નાના ટુકડાઓનો છેલ્લો થેલો અંદર લઈ જતી વખતે હાથથી જરાક ધીરજ ધરવાનો ઇશારો કરી ભીડને વધારે અકળાવી મૂકી.

''દેવીમાની જૈ... કૈલામાની જય'' ભીડનો અવાજ ગુંજતો હતો.

હવનમાં આહુતિ આપી રહેલી મુન્નીનો ગોરો રૂપાળો ચહેરો સોનેરી લાલિમાથી ચમકી રહ્યો હતો. નાહરસિંહ અને મુન્ની બંનેની આંખો આગના ધુમાડાથી લાલ હતી. હવેલીના શુભેચ્છક એવા ગામના કેટલાક પુરુષો ત્યાં આવેલા. પણ પ્રેતાત્માના ડરથી સ્ત્રીઓ અને બાળકોની હાજરી ઘણી ઓછી હતી.

રૂપવતીએ પોતાની જગા પર પેશાબ કરી દીધેલો. તેની ગંદી વાસથી બધા અકળાતા હતા. આ અપશુકને બધાને ડરાવી દીધા. રૂપવતીની સારસંભાળ રાખનારી વાળંદણ કમલી તેને કપડાં બદલાવવા લઈ જતી વખતે ધીમા અવાજે કડક શબ્દોમાં તેને વઢી રહી હતી, ''એય ઠગણી તનેય જપ નથી, થોડી વાર થોભી ગઈ હોત તો...'' રૂપવતી પહેલાંની જેમ જ આંગળીઓ વાળમાં ભરાવી બીજી બાજુ એમ જોઈ રહી હતી જાણે તે ત્યાં હાજર જ ન હોય.

ત્રણ દિવસથી ચાલી રહેલા અનુષ્ઠાનની આ છેલ્લી

ઘડી હતી. એક બાજુ પૂજા પૂરી થઈ ને બીજી બાજુ દેવીનાં ભજન શરૂ થયાં.

આ દરમિયાન કમલી ભોજાઈને નવડાવીને પાછી લઈ આવી અને ફરી બાંધી દીધી.

તરત જ કમલીએ પોતાની જગા પર ઊભા ઊભા જ ભજન ઉપાડ્યું, ''શ્યામા મૈયાના ભવનમાં ઘૂંટણીએ રમે લાલો'' તેની સાથે બધા ગાવા લાગ્યા, ''શ્યામા મૈયા...''

હવે કમલી એક હાથ કમર પર અને બીજો હાથ માથા પર મૂકીને નાચવા લાગી. ધીમે ધીમે ગામની સ્ત્રીઓ ગરબામાં જોડાઈ ગઈ. ઢોલ પરની થાપ તેમના પગમાં ઉત્સાહ ભરતી હતી.

ભયે શ્યામાના પ્રેતાત્માને કેલાદેવીની સમકક્ષ મૂકી દીધેલો.

સર્વસંમતિથી એ વાત પહેલાં જ નક્કી થઈ ગયેલી કે આ મોટા અનુષ્ટાન પછી પણ જો પ્રેતાત્મા હવેલી છોડીને નથી જતો તો તે સંજોગોમાં તેના બધા જીવિત રહેવાસી હવેલી છોડીને શહેરના નાના મકાનમાં જતા રહેશે.

કહેવાય છે કે હવેલીના સ્થાને પહેલાં માટીનો એક ટેકરો હતો. ટેકરાની વચ્ચોવચ વાવવા અવશેષ હતા. તે સમયના જાગીરદાર ભીકમસિંહે પાણી મળે ત્યાં સુધી જમીન ખોદાવીને પાણીની અછત દૂર કરી તેને લીલુંછમ બનાવવાનું વિચાર્યું હતું.

એમ પણ કહેવાય છે કે ભીકમસિંહને સ્વપ્નમાં દેવી લક્ષ્મીએ વાવમાં દટાયેલા ખજાનાની જગા બતાવીને એમ કહેલું કે તે સંપત્તિથી તું ગરીબોનું ભલું કરજે. આથી તેમણે વાવ ખોદાવી ખજાનો કાઢી લીધો. વધુ ખજાનાની લાલચમાં તેમણે આખો ટેકરો ખોદાવી કાઢ્યો પણ ત્યાં સુધીમાં લક્ષ્મી તેમનાથી રિસાઈ ગયેલી. તેમને વધુ કંઈ મળ્યું નહીં.

ટેકરો ધનની લાલચમાં ખોદાયેલો કે આસપાસની ખાડાવાળી જમીન સમતલ કરવા માટે, એ વાત કોઈ નથી જાણતું. હા તે સ્થળને ભીકમસિંહે પોતાના નિવાસ સ્થાન માટે પસંદ કર્યું. ત્યાં તેમણે બે માળની એક વિશાળ હવેલી બનાવી અને આસપાસ ભમૌરા નામનું ગામ વસાવ્યું.

હવેલીના કડક સંરક્ષણને લીધે તે વિસ્તારમાં થતી લૂંટફાટથી ગામ ભમૌરા બચી ગયું. મુખ્ય માર્ગથી ઘણું દૂર હોવા છતાં કાચબાની ગતિથી વધતું વધતું હવે નગર બની ગયેલું.

આ મુસીબતની શરૂઆત તેર વર્ષ પહેલાંના આનંદભર્યા દિવસોમાં થયેલી. હવેલીના તે સમયના મુખી કુંવર રૂપસિંહે નાના કુંવર નાહરનાં લગ્ન બહુ ધામધૂમથી કરેલાં કુંવર નાહરની પત્ની શ્યામા રૂપસિંહના જિગરી દોસ્ત ઉત્તમસિંહની બહેન હતી. લગ્નનો જમણવાર લોકો ઘણા દિવસો સુધી યાદ કરતા'તા.

ડોલીમાંથી ઊતરેલી કુંવર નાહરની નવવધૂ શ્યામા બધાની ઉત્સુકતાનું કારણ બની ગામ-જ્ઞાતિની સ્ત્રીઓથી ઘેરાયેલી હતી. સાસુ મેમવતી ચાંદીના થાળમાં કપૂર સળગાવી નવી વહુની આરતી ઉતારી રહી હતી. હવેલીના રાણીવાસની સર્વ સત્તા મેળવી ચૂકેલી રૂપવતી સ્ત્રીઓની વચમાં ઊભી રહી કહેતી હતી કે, ''જ્યારે હું પરણીને આવેલી, સાસુજીએ ગર્વથી કહેલું કે એવી વહુ લાવ્યા છીએ કે હવેલીમાં રોશની થઈ જાય. કુંવર નાહર જૂ જેવી વહુ લાવ્યા છે કે હવેલીમાં ધુમાડો થઈ ગયો.''

આ એક પ્રકારની મજાક હતી. હાજર બધી સ્ત્રીઓ જોરથી હસી પડી. હકીકતમાં બનેલું એવું કે ઉતાવળમાં રસોઇયાના હાથમાંથી દળેલા મરચાનો ભરેલો ડબ્બો ભઠ્ઠીમાં પડી ગયેલો, જેનો ધુમાડો અને વાસ હવેલીમાં ફેલાઈ ગયેલો. વળી શ્યામા રૂપવતીના ગોરા રંગથી વિરુદ્ધ શ્યામ હતી.

નવોઢા શ્યામાની લજ્જાથી ઝૂકેલી પાંપણો પર સપનાંઓ સવાર હતાં. સાસુ મેમવતી તેને ''શ્યામ ચિરૈયા'' કહીને બોલાવતી. પતિ તેને જોતાં ધરાતો નહોતો. ભોજાઈ બોલતી'તી તો પ્રેમથી પણ તેના હાવભાવ શ્યામાને વિમાસણમાં મૂકી દેતા. બાળકોને તેણે પોતાની ટોળીમાં લઈ લીધેલાં. બાળકો અગાસી પરથી બૂમ પાડતા, ''કાકી જલદી આવો, જુઓ તો પેલી નીલગાય છે કે હરણ ?'' હવેલીની અગાસી પરથી દૂર ખેતરોમાં ચરતી એકવડા કદની નીલગાય પણ હરણ જેવી દેખાતી.

આ ત્રીજી વિધાનસભાની ચૂંટણીનો સમય હતો.

કુંવર રૂપસિંહ ઉમેદવાર હતા. તેમની જીત નક્કી હતી. હવેલીમાં ઉત્સાહ અને ઉત્સવનું વાતાવરણ હતું. ચૂંટણી સભાઓ અને ચૂંટણી પ્રચાર અભિયાનોએ અંગત સગાઓ, મિત્રો બધાને વ્યસ્ત કરી દીધેલા. એવામાં એક રાતે કલેક્ટરને મળીને શહેરથી પાછા ફરી રહેલા કુંવર રૂપસિંહની જીપને કેટલાક અજાણ્યા લોકોએ ઘેરી લઈ જીપમાં બેઠેલા રૂપસિંહ, ઉત્તમસિંહ વગેરે બધા લોકોને ગોળીએ ઠાર માર્યા. બધા જાણતા હતા કે સિંધૌલીના માથાભારે લોકોનાં આ કરતૂત હતાં. બંને કુટુંબોને જૂનું વેર હતું.

આખા વિસ્તારમાં માતમ ફેલાઈ ગયો. હવેલીથી માંડીને સ્મશાન સુધી એટલી ભીડ હતી કે જમીન જ દેખાતી નહોતી. હવેલીની સ્ત્રીઓ, બાળકોનું કલ્પાંત બધાના મનને ભયંકર આઘાત પહોંચાડતું હતું. ભોજાઈ રૂપવતીએ વારે વારે પોતાની કારમી ચીસોથી શ્યામા અશુભ પગલાંની છે તેમ જાહેર કરી દીધું.

બિચારી શ્યામા એક ખૂણામાં બેઠી બેઠી રડતી હતી. તેનું રુદન મનમાં ને મનમાં ઘૂંટાતું હતું. રડવાનો અવાજ બહાર નહોતો નીકળતો. જાણે ફેફસાંમાં હવા અને મોંમાં જીભ ન હોય. તેણે પોતાના જેઠ અને એકનો એક ભાઈ ગુમાવેલા. મેમવતી ઘણા કલાકોથી બેભાન હતી. નાહરસિંહ જાણે પથ્થર થઈ ગયેલો. ગામના લોકો, સગાસંબંધીઓ, હવેલીના નોકરો બધા જ દુઃખી હતા.

જેમતેમ સમય વીતી રહ્યો હતો. તે હૃદયોદ્રાવક દુર્ઘટનાને પાંચ મહિના થઈ ગયેલા. ભોજાઈ હજી સ્વસ્થ થઈ નહોતી.

ગોબરમાંથી નીકળતી વરાળ ઘટ્ટ થવા લાગી હતી. ઘઉંની વાવણીનો સમય થઈ ગયેલો. એટલે નાહરસિંહ કામમાં ડૂબેલા. તે દિવસોના દિવસો હવેલી નહોતા આવતા.

આ દિવસોમાં એક વાર બપોરે કુંવર નાહર હવેલી આવ્યા ત્યારે શ્યામા રસોડામાં એકલી હતી. પત્નીને એકલી જોઈ નાહરે મસ્તી કરતાં કહ્યું, ''શ્યામા રાતે બેઠકમાં સૂવા આવજે. ત્યાં સરસ પવન આવે છે.'' સાંભળતાં જ શ્યામા શરમાઈ ગઈ. તે જ વખતે કોણ જાણે કોઈ કામથી ભોજાઈ ત્યાં આવી.

તે પછી કંઈક એવું બન્યું કે શ્યામાના હાથે ક્યારેક દાળ-શાકમાં મીઠું-મરચું બરાબર ના હોય તો કુંવર નાહર જમવાની થાળી ફેંકી દેતા. ભોજાઈ મહેણું મારતી, ''ઠગણીને પરણી લાવ્યા છો તે કોઈ કામમાં ના આવે.'' પછીના બાર-પંદર દિવસ ઘરમાં ખૂબ કંકાસ થતો. એક વાર ભોજાઈએ કુંવર નાહરસિંહના એટલા કાન ભંભેર્યા કે તેમણે શ્યામાને મારવી પડી. ભોજાઈએ રસોડામાંથી તેની છુટ્ટી કરી દીધી. એ પછી ક્યારેય શ્યામાને રસોડામાં જવાનો મોકો ના મળ્યો. આ પ્રકારે શ્યામા માટે ભોજન દ્વારા પતિના દિલ પર રાજ કરવાની શક્યતાનો અંત આવી ગયેલો.

અચાનક નાહરસિંહે વધુ દારૂ પીવા માંડ્યો. તે બેઠકમાં સૂતો. પહેલાં પણ પત્ની શ્યામાનું સાંનિધ્ય તેને ઘણું ઓછું જ મળેલું. હવેલીમાં પત્નીની ઉપસ્થિતિ તેના માટે દૂર વાગતી વાંસળી જેવી હતી. તેમના લગ્ન પછી ઘટનાઓ – દુર્ઘટનાઓનો એવો સિલસિલો શરૂ થયો કે તે બંને નજીક આવી જ ના શક્યાં. છતાં એકબીજાના પ્રેમનો હંમેશાં અનુભવ કરતા.

હવે સ્થિતિ બદલાઈ ગઈ હતી. શ્યામાને સમજાતું નહોતું કે તેનો અપરાધ શો હતો. તે જાણતી હતી કે આની પાછળ ભોજાઈનો હાથ હતો, પણ શા માટે ? તેનો જવાબ તે જાણી ના શકી. મા મેમવતીને પણ કંઈ સમજાતું નહોતું. તેમણે પૂછેલું, ''બેટા નાહર શું વાત છે ? તેનો શું ગુનો છે મને પણ તો કહે ?''

''શું કરીશ જાણીને ? તેં જ તેનું મગજ ખરાબ કર્યું છે.'' બકબક કરતો નાહર બહાર જતો રહ્યો.

ભોજાઈએ રસોડાનું કામ પોતાના હાથમાં લઈ લીધેલું. કુંવર નાહર જ્યારે ત્યારે શ્યામાને મારતા. મેમવતીના સમજાયાનો કોઈ ફેર નહોતો પડ્યો. ભોજાઈએ કયો મંત્ર પઢાવેલો તે કોઈ નહોતું જાણતું. તેવામાં એક અભૂતપૂર્વ ઘટના ઘટી.

મા મેમવતીની તબિયત છેલ્લા કેટલાક દિવસોથી સારી નહોતી રહેતી. તેમની કરોડના નીચેના છેડા પર એક નાની ફોલ્લી થયેલી, જે ધીમે ધીમે મોટી થતી ગઈ. આ વાત તેમણે કોઈને કરેલી નહીં. હવે મોટો ઊંડો ખાડો થઈ સડી ગયેલો. તેમાંથી પરુ નીકળ્યા કરતું. જેનો ઇલાજ

મુશ્કેલ હતો. લખનૌ લઈ જઈ ઑપરેશન પણ કરાવ્યું. છતાં ફેર પડ્યો નહીં. થોડાક દિવસો પછી કમરથી નીચેનો ભાગ બહેરો થઈ ગયો. અને ઝાડા-પેશાબ પરનો અંકુશ જતો રહ્યો. પથારીવશ થઈ ગયાં. હવે શ્યામા તેમની સેવામાં રહેતી.

ભોજાઈ નાહરસિંહ અને પોતાના માટે રસોઈ બનાવતી. બંને બાળકો નૈનીતાલ ભણવા જતાં રહેલાં. શ્યામાને ક્યારેક જ ભરપેટ જમવાનું મળતું. આ કસર તે ખેતરમાંથી આવતાં શાકભાજી ખાઈને પૂરી કરતી. મેમવતીએ પગ જૂઠા પડી ગયા પછી ઝાડાપેશાબની ઉપાધિમાંથી બચવા માટે અનાજ ખાવાનું બંધ કરી દીધેલું. તે થોડાક દૂધ પર નભતાં'તાં.

મહિનામાં એક-બે વાર રૂપસિંહ હત્યાકાંડની તપાસ કરવા શહેરથી વકીલ સાહેબ આવતા. ભોજાઈ તેમની ખાસ મહેમાનગતિ કરતી. તે વખતે રસોઈમાં જાતજાતના પકવાનો બનવાને કારણે જમવાનું વધી પડતું અને શ્યામાને પેટ ભરીને ભોજન મળી જતું. વકીલસાહેબ એકાદ રાત રોકાઈને ચાલ્યા જતા.

જમાડતી વખતે ભોજાઈ વકીલ સાહેબ સાથે ગુસપુસ કર્યા કરતી. વકીલસાહેબ ભોજાઈ માટે શહેરથી મોજશોખની વસ્તુઓ લાવતા. એની જાણ ઘરના નોકરોથી લઈને શ્યામા સહિત બધાને હતી. પણ ભોજાઈના રુઆબ સામે કોઈની હિંમત નહોતી ચાલતી. આમેય ઘરધણિયાણીનાં કામોની ટીકા કરવાનું ક્યાં શક્ય હતું !

ટૂંકી સમજવાળા નાહર પોતાના દુઃખને ભૂલવા મુન્નીના સંગમાં મગન રહેવા લાગ્યા. શ્યામાનો મોહભંગ થયા પછી બેઠક સુધી જતા. વિશેષ કારણ હોય તો જ હવેલીની અંદર જતા. આખું ગામ જાણતું હતું કે નાહરસિંહ તિવારીની યુવાન વિધવા બહેન મુન્ની સાથે મોજ કરે છે. મુન્ની તેના લગ્નના ત્રણ વર્ષ પછી વિધવા થયેલી. તેને એક છોકરો થયેલો. પણ તેની નિઃસંતાન જેઠાણીએ છોકરો છીનવી લઈ મુન્નીને ધક્કા મારી બહાર કાઢી મૂકેલી.

પોતાના ખર્ચા સિવાય નાહરસિંહે હવેલીની વાર્ષિક આવકમાંથી એક પાઈ પોતાની પાસે નહોતી રાખી. ખેતી પર પણ ભોજાઈનો અંકુશ હતો. એના જોરે ભોજાઈ વધુ નિરંકુશ બની ગયેલી. એક વાર ખેતરની હદ અંગેના ઝઘડાના કેસ માટે નાહરને પૈસાની જરૂર પડી. ત્યારે ભોજાઈએ હાથ ઊંચા કરી દીધા, ''રૂપિયા ક્યાં રાખ્યા છે કુંવર !'' હવેલીની જાળવણી, સાસુ મેમવતીનો ઇલાજ, બાળકોનો ભણવાનો ખર્ચ અને વકીલસાહેબની ફી વગેરે મોટા ખર્ચા હતા. કોઈ રીતે બચત કરવાનું શક્ય નહોતું. હકીકતમાં આ રૂપિયા ભોજાઈના અંગત ખજાનામાં સોનાના ભારે દાગીના અને શુદ્ધ ચાંદીના રૂપમાં ભેગા થતા હતા. જે કાલાંતરે મુન્નીના પુત્રની શોધ બનશે.

હવેલીનાં પશુઓની દેખભાળ કરવાવાળો જૂનો નોકર ઘરડો થઈ ગયેલો. બીમાર રહેતો'તો. ભોજાઈએ શ્યામાને આ કામ કરવાનો આદેશ આપ્યો. શ્યામાના શરીરની કોમળતા ઘટાડવાનું આ ષડયંત્ર હતું. તેની પાસે પશુઓની સાફસફાઈ, ખાણ-પાણીથી લઈને ચારો કાપવા જેટલાં મહેનતનાં કામ લેવામાં આવતાં. શ્યામાને અપાતા ભોજનમાં પહેલેથી જ ઘટાડો કરી દીધેલો.

વાળંદણ કમલીનો જીવ શ્યામા માટે બળતો. જ્યારે તે કૂતરા શેરુને રોટલી ખવડાવવા જતી, ત્યારે મુઠ્ઠીમાં સંતાડીને એકાદ રોટલી શ્યામા માટે લઈ આવતી. પણ દુષ્ટ મઝિયાની ચાડીચૂગલીથી ભોજાઈ ચેતી ગઈ. કમલીની ખબર લઈ નાંખી. લાચાર બીમારીની હાલતમાં કેટલી વાર કમલીએ વૈદ્ય પાસેથી દવા લાવીને શ્યામાને આપી હતી પણ આટલી અમથી મદદ શ્યામાને મનુષ્ય બનાવી રાખવા માટે અપૂરતી હતી.

શ્યામા પ્રત્યે તેના પતિની ઉદાસીનતાને કારણે હવેલીમાંની સત્તાવાર સ્થિતિ અને સ્થાનથી શ્યામાને વંચિત કરી દેવાયેલી. જીવનજરૂરી સાધનોના અભાવમાં તે પોતાની વિધવા જેઠાણી કરતાં ઘણી ખરાબ રીતે જીવી રહી હતી. શ્યામા પારિવારિક દાવપેચ અંગે કંઈ જાણતી નહોતી. તેને લાગતું આ નિયતિનું નિર્માણ છે, નસીબનો ખેલ છે. ધીરજ ધરવા સિવાય બીજું શું કરી શકતી હતી તે ?

ભોજાઈ રણનીતિનું મહત્ત્વ સમજતી હતી. પોતાનાં લગ્ન થયાં ત્યારથી રાણીની જેમ જ રહેલી. હવેલીમાંનું રસોડું જોયું સુધ્ધાં નહોતું, જ્યારે ઘરની બીજી સ્ત્રીઓ

રસોઈનું કામ જાતે કરતી હતી. સમય વરતીને તેણે પોતે ભોજનની વ્યવસ્થા સંભાળી લીધી હતી. જોકે સાફસફાઈનું, વાસણ ઘસવાનું વગેરે કામ શ્યામા પાસે અથવા ઘરના નોકરો પાસે કરાવતી. કુંવર નાહરસિંહના ખાવા-પીવાની, પહેરવા-ઓઢવાની, સૂવાની વગેરેની કાળજી તે પોતે લેતી. શ્યામાના પતિ સુધી પહોંચવાના બધા રસ્તા તેણે બંધ કરી દીધેલા. રાતે શ્યામા મેમવતીના ઓરડામાં સૂતી, જેનો આગળો ભૂલ્યા વગર ભોજાઈ બહારથી બંધ કરી દેતી.

શ્યામાની વ્યાકુળતા અને દુઃખભરી રાતો વધુ લાંબી થઈ જતી. પથારીવશ મેમવતીનું રાત-દિવસનું અને ઉંઘવા-જાગવાનું સંતુલન બગડી ગયેલું. તે રાતના કોઈ પણ પ્રહરમાં પરોઢ થયાનું સમજી ફાટેલા ઘોઘરા અવાજમાં ભજન ગાવા લાગતાં, ''ઉઠ જાગ મુસાફિર ભોર ભઈ, અબ રેન કહાઁ તૂ.. સોવત હૈ.''

નાહરસિંહને કદાચ જ શ્યામામાં કોઈ રસ રહ્યો હતો અને શ્યામા પણ બોલતાં ગભરાતી હતી. નાહર નિર્દયતાથી તેને પીટતા. હવે તો ભોજાઈ પણ બેચાર ચોડી દેતી. શ્યામાને થતું ભોજાઈ તેને અપશુકનિયાળ માને છે એટલે તેની સાથે આવો વ્યવહાર કરે છે. તેની પોતાની ભોજાઈએ પણ તેની બહેનનાં બાળકો રાખી લઈ તેની માટે ઘરના દરવાજા બંધ કરી દીધેલા. કદાચ તે પણ તેને અશુભ પગલાવાળી માનતી હતી.

શ્યામા ચાસ પક્ષી જોવા માટે કોણ જાણે કેટલીવાર બે માળની હવેલીના પગથિયાં દોડીને ચડી જતી. કહેવાય છે કે એક વાર ચાસ પક્ષી જોવા મળી જાય તો એક મનકામના પૂરી થઈ શકે. આ મનકામના શું હતી, કોઈ જાણતું નથી. પણ તેનું કમનસીબ કે બધાં ચાસ પક્ષી ક્યાંક ચાલ્યાં ગયેલાં. તે ધીમા અવાજે રડ્યા કરતી.

ગમેતેમ કરીને શ્યામા મેમવતીની પાસે બેસી કલાકો સુધી તેમના પગ પર હાથ ફેરવતાં ફેરવતાં પોતાની આપવીતી અને જગવીતી કહીને મન હલકું કરી લેતી. ''મા, આજે ભોજાઈએ મઠો કબરીના ખાણમાં નંખાવી દીધો.'' જ્યારે દૂધ, દહીં, મઠો જરૂર કરતાં વધી પડતાં તો ઢોરને નાંખવામાં આવતાં પણ શ્યામાને આપતાં નહીં. તે દુઃખી થઈને કહેતી, ''મા, હું કોઈને ગમતી નથી. હું કેમ મરી નથી જતી ?''

સતત સૂઈ રહેવાના કારણે મેમવતીની પીઠમાં પાઠાં પડી ગયેલાં જે દિવસે દિવસે ફેલાઈને મોટાં થતાં હતાં. શ્યામા પાઠા પર હળદર-તેલ લગાવતી. દિવસમાં કેટલી વાર પડખું બદલાવતી. તેની પૂરેપૂરી કાળજી છતાં મેમવતીની હાલત બગડતી જતી હતી. ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી પથારીવશ હતી. શ્યામાની કાળજીને લીધે જ આજદિન સુધી હયાત હતી. ભોજાઈને મેનાવતીની હયાતી સાથે કોઈ લેવાદેવા નહોતી.

એક પૂનમની સવારે શ્યામાના ખોળામાં ઠાકુરણ મેમવતીએ પ્રાણ છોડ્યા. શ્યામા જાણે બાવરી થઈ ગઈ પણ જ્યારે ગામ આખાના લોકો ભેગા થયા ત્યારે ભોજાઈએ રડવાનું ચાલુ કરી દીધું, ''અરે... મા.. ઓ... મા...'' તેણે બધાને જણાવી દીધું કે તેણે પોતે પોતાનાં પૂજ્ય સાસુને આટલા સમય સુધી કેટલી મુશ્કેલીઓ વચ્ચે પણ સાચવ્યાં હતાં. તે હૈયાફાટ રુદન કરતી હતી, ''ઓ...માડી... અમને છોડીને ક્યાં ચાલી ગઈ, હવે કોના ભરોસે રહીશું, જીવીશું.'' તેની હામાં હા મિલાવવા બે વાળંદણે પૂરો સાથ આપ્યો. આખા ગામે જાણ્યું કે દેવીઓ જેવી સુંદર, દુઃખની મારી, હવેલીની પ્રામાણિક મોટી વહુરાણી કેવી મહેનતુ અને સરળ મનની છે.

આ વાત ફક્ત શ્યામા જાણતી હતી કે જીવ રેડીને રાતદિવસ એક કરીને પણ સાસુજીના શરીરને તે સડવામાંથી અને કીડા પડવામાંથી નહોતી બચાવી શકી. દુર્ગંધથી બચવા મેમવતીના શબને પોલીથિનની કોથળીમાં લપેટીને બાંધવામાં કોઈએ તેની મદદ નહોતી કરી. ભોજાઈ તો પાસે ઊભી પણ નહોતી રહી શકતી.

મેમવતીના અવસાનને સાડાચાર વર્ષ થઈ ગયેલાં. એકલતાનો શિકાર બનેલી શ્યામાના પાલતુ પશુઓ ભેંસ, ગાય, કૂતરાઓ સાથેનો વાર્તાલાપ જાહેર થઈ ગયેલો. તે કજરી કબરી ભેંસો સાથે વાતો કરતી, ''બેસી જાઓ. ઊભાં ઊભાં થાકી જશો.'' અથવા ''એ કજરી તેં તો કંઈ ખાધું નથી, પેટમાં બચ્ચું છે કંઈક તો સમજ.'' તે સેરુ કૂતરાને લાડ કરતી, ''સેરુ તું તો ભાઈ ઘણો હોશિયાર થઈ ગયો છે.'' તે પશુઓને બેસવા-ઊઠવા માટે, ચારો ખાવા માટે એમ કહેતી જેમ પોતાની ખાસ બહેનપણી

અથવા બાળકોને આગ્રહ કરતી હોય.

તે ગાય, ભેંસને પંપાળતાં તેમની તકલીફો સાંભળતી અને પોતાની કહેતી. તેમાંથી એક કજરી ભેંસ અને ભૂરી ગાય સાથે શ્યામાને વધુ આત્મીયતા હતી. તેને જોનારા કહેતા હતા કે કજરી શ્યામાની વાતો સાંભળે-સમજે છે અને માથું હલાવીને હા અથવા ના પણ જણાવે છે. આ પશુઓની આંખોમાંની કાળી કીકીઓ પ્રેમ, ઘૃણા અને મુગ્ધતા જેવા મુશ્કેલ ભાવ વ્યક્ત કરી શકતી'તી. જાનવરો માટેના શ્યામાના આ વિલક્ષણ પ્રેમની લોકો હાંસી ઉડાવતા હતા.

શ્યામાની વહાલી કજરી ભેંસ ગાભણી હતી. તેનો વિયાવાનો સમય થયો ત્યારે શ્યામા પડછાયાની જેમ તેની સાથે રહી. કજરીની જન્મ આપવાની આખી પ્રક્રિયા જાણે તેણે અનુભવી. કદી તે કજરીના પેટ પર હાથ ફેરવતી અને કદી માથે અથવા પીઠ પર હાથ ફેરવતાં કહેતી, ''જીવ નાનો ના કર, ગભરાતી નહીં, હું છું ને તારી પાસે.'' કજરીની સ્થિતિ એવી હતી કે શ્યામા તેની પાસેથી ખસે કે તરત ભાંભરવા લાગતી અને ત્યાં સુધી ભાંભરતી જ્યાં સુધી શ્યામા પાછી ના આવે.

વિયાવાનો સમય નજીક આવી રહ્યો હતો. કજરીની પેશીઓ ઝડપથી કંપી રહી હતી. આ કંપન કંપારી બની આખા શરીરમાં ફરી વળ્યું હતું, પણ બચ્ચું બહાર નહોતું આવી રહ્યું. શ્યામાએ કજરીની યોનિમાં હાથ નાખી પાડાને જન્મ દેવામાં તેની મદદ કરી. પાડો દેખાતો બરાબર હતો પણ કોઈક દર્દને કારણે ગરદન એકબાજુ ઢાળી દઈ નિર્જીવ જેવો પડ્યો હતો. પાડામાં ચેતન થોડું ઓછું હોવાથી કજરીને જણવામાં વધુ સમય લાગેલો.

શ્યામા સરસવનું તેલ ગરમ કરી પાડાને માલિશ કરવા લાગી. જેવું તેના શરીરમાં ચેતન આવ્યું તે લથડિયાં ખાતો ઊભો થયો અને કજરીના થાનને વળગ્યો. કજરી તેને વહાલથી ચાટવા લાગી. આ મિલન જોઈ શ્યામા તડકામાં થતી ઝરમર છાંટની જેમ રડતી રડતી હસવા લાગી.

શ્યામાની બહેનપણી ભૂરી ગાય નવયૌવના હતી. તાજું મુલાયમ ઘાસ મજાથી ચબ ચબ ચાવતી ભૂરીની આંખોમાં અભૂતપૂર્વ ચંચળતા જોઈને અણસમજુ શ્યામાની અંદર પણ કંઈક સીઝતું, જે તેના શરીરને ઠંડા ફરફરાટથી ભરી દેતું. જ્યારે તે પોતાના શરીરમાંથી નૈસર્ગિક માંગને જડમૂળથી ઉખાડી દેવા માંગતી હતી.

અગાસીની દીવાલ પર વાંદરાઓને અને પક્ષીઓને સાથોસાથ જોતી તો તે પ્રણયરત યુગલોને ''ભાગ... ભાગ... વાગશે હોં.. વાગશે...'' એમ બૂમો મારી પથરા ફેંકી ઉડાડવાની કોશિશ કરતી. જેમાંનાં ઘણાંખરાં તેમનો પ્રણય પૂરો કર્યા પહેલાં નહોતાં ઊડતાં. ખાસ તો વાંદરીઓ આવી ડાંડાઈ કરતી. નાની નાજુક ચકલીઓ તો ઊડી જતી. આ બધું તેને વ્યાકુળ કરતું. તે અસહાય બનીને ખિજાતી. તે આ બાબતને પાપ સમજતી હતી કે અપ્રિય વર્તન, કોઈને ખબર નહોતી. પ્રણય પ્રકૃતિનો ભાગ છે. તે ક્યાં સુધી ઉપેક્ષા કરતી ? એટલે જ તો ખૂંટાથી બંધાયેલાં પશુઓને પણ તાજા થવા માટે મોકલવામાં આવતાં હતાં. પોતાના શરીરની માંગ સામે કેટલું ઝૂઝતી હતી તે વાત તે જ જાણતી હતી.

વરસાદના આવતાં પહેલાં સુંદર ચમકતી આંખોવાળા મોર પાંખ ફેલાવીને નાચતા અને મોટા અવાજે ગાતા. દિવસમાં કેટલીય વાર તેમના ટહુકા ગુંજતા. ઘણા મોરના અવાજ સાંભળતાં જ, કામ કરતાં તેના થંભી જતા. તે જાણતી હતી, ''હવે ઢેલ પોતાની કૂખ ભરશે.''

તે ઢોરને ચરાવવા દૂર મેદાનોના છેડા સુધી જવા ઇચ્છતી હતી. પણ હવેલીનાં માન, મોભો આડે આવતા હતા, જેની દીવાલો ગૌશાળાની દીવાલોથી વધુ ઊંચી હતી. ચરાવવા જવાનું કામ ઈસુરીનો નાનો છોકરો ભોલા અથવા હવેલીનો જૂનો નોકર બનવારી કરતા. તે ઢોરને ચરાવવા મોકલતી વેળા શિખામણ આપતી, ''સારું સારું ખાજો... બહુ ઠાંસી ઠાંસીને ના ખાતા અને કજરી તું... એક વાર તળાવમાં બેસી જાય છે તો બહાર નીકળવાનું નામ નથી લેતી. હવેથી એવું ના કરતી. જાવ હવે.'' તે દરવાજામાંથી નીકળતા દરેક ઢોરને પીઠ થપથપાવી વિદાય કરતી. શ્યામાને હવેલીના દરવાજાની બહાર જવાની છૂટ નહોતી. દરવાજા પર ચોકી કરતો દરવાન તરત જ ફાટક બંધ કરી દેતો.

લોકો માનવા લાગ્યા હતા કે શ્યામા પાગલ થઈ

ગઈ છે. છતાં કોઈને તેની દયા નહોતી આવતી. ઢોરની દેખભાળ સિવાય ઘરનાં વાસણ ઘસવા, દળવું, મોટી હવેલીમાં ઝાપટઝૂંપટ કરી કચરાપોતાં કરવા જેવા મહેનતનાં કામ તેની પાસે કરાવાતાં. ઢોર પ્રત્યેના વધુ પડતા પ્રેમભાવને કારણે, તેમના સુખદુઃખમાં ભાગીદાર થવાને કારણે હવેલીના કામમાં વહેલુંમોડું થઈ જતું તો તેને વઢતા, ફટકારતા અને તેને અપાતું વધ્યુંઘટ્યું એઠુંજૂઠું ખાવાનું પણ આપતા નહિ. આ જ રીત હતી તેની પાસેથી કામ લેવાની અથવા અંકુશમાં રાખવાની. ઘણી વાર કોઈ ગુના વગર પણ ભોજનથી વંચિત રાખવામાં આવતી કેમ કે લોકો તેને ખાવાનું આપવાનું જ ભૂલી જતા. રસોડા બાજુ તે ફરકી પણ નહોતી શકતી. છેવટે દુઃખી થઈ શ્યામા ઢોરના લીલા ઘાસમાંથી થોડું ખાઈ લેતી, જે તેણે ઢોરની જેમ કલાકો સુધી ચાવવું પડતું, વાગોળવું પડતું. ધીમે ધીમે તે સ્વેચ્છાએ આમ કરવા લાગી. એમ પણ કહી શકાય કે ઘાસ-પાન પર નભવાનું તેના માટે સંભવ થઈ ગયેલું અને રસોડામાં બનતા ભોજન પરની નિર્ભરતાનો અંત આવી ગયો. આ અનોખી આત્મનિર્ભરતાને કારણે હવેલીના ખૂંટાથી બાંધેલી તેની રસી કંઈક ઢીલી પડી ગઈ.

સમયની સાથે શ્યામાનું માનસિક અને શારીરિક કાયાકલ્પ પણ થયું. સતત ઘાસ ચાવવાને કારણે કાનની બૂટ પાસે જડબાના જોડાણની માસપેશીઓ સખત થવાની સાથે ફૂલી ગઈ. કાનની બૂટ નીચેનો ભાગ અસામાન્ય રીતે ગોળ ફૂલવાની સાથે તેના દાંત પેઢાઓમાં ઘૂસી ગયેલા. કદાચ ઘસાઈને ખૂબ નાના થઈ ગયેલા. આ બધા ફેરફારને કારણે શ્યામા વિચિત્ર દેખાતી. તેનો શ્યામ રંગ વધુ શ્યામ બની ગયો. શરીર પર એક ચીંથરું લપેટતી પણ શરીર લગભગ ઉઘાડું રહેતું. તેના આ અનોખા રૂપ અને કપડાંથી તે મનુષ્ય અને પશુ વચ્ચેની કડી જેવી લાગતી.

હવેલી પર રાજ કરતી ભોજાઈ ''શ્યામા પાગલ થઈ ગઈ છે'' કહીને છૂટી પડતી. શ્યામા એટલી બદલાયેલી કે જગતના કોઈ પણ પુરુષની રુચિ તેના સ્ત્રી હોવાપણામાં ભાગ્યે જ રહેતી. આથી ભોજાઈ કંઈક નિશ્ચિંત થવા લાગેલી.

શ્યામા ઘરના ઢોરની દુનિયામાં પૂરેપૂરી ડૂબી ગયેલી કોઈ પણ ઢોર ભાંભરતું તો તેની પાસે દોડી જતી, જાણે તેનો જીવ બોલાવી રહ્યો હોય. ઊછળતાં કૂદતાં વાછરડાંઓને જોઈ તે ખુશખુશ થતી જેમ કોઈ મા પોતાના સંતાનને જોઈને થાય. હવે તે બધાં ઢોર નહોતાં, તેના પોતાના લોકો હતા. એવામાં અચાનક એક દિવસ તેને થયું કે તેમને રસી વડે ખૂંટે બાંધવાની જરૂર નથી અને તેણે બધાં પશુઓની રસી ખોલી કાઢી. ઢોર બાંધ્યા વગર પણ શાંત હતાં. શાંતિથી પોતપોતાનો ચારો ચરતાં. હા વાછરડાં-પાડાની કૂદાકૂદ વધી ગયેલી.

બધાને તકલીફ એ હતી કે છુટ્ટાં વાછરડાં દિવસમાં કેટલી વાર પોતાની માના થાનને વળગી દૂધ પી જતા. એટલે વ્યવસ્થા કરવાનું જરૂરી થઈ પડ્યું. ભોજાઈએ દરવાન અને બનવારીને બધા ઢોર બાંધવાનું જણાવ્યું. શ્યામાએ તેનો વિરોધ કર્યો એટલે સૌથી પહેલાં શ્યામાને પકડી ઘસડીને વાડાના બીજા છેડે લઈ ગયા. વાડાની ખરબચડી જમીન સાથે ઘસવાને લીધે શ્યામાને ઈજા થતી હતી. તે દર્દભરી ચીસો પાડતી હતી, ''ઓ...ઓ... માડી રે...''

શ્યામાનો અવાજ સાંભળી બધાં ઢોર ગભરાઈ ગયાં. કજરી દોડતી ત્યાં આવી. તેણે શ્યામા પર જબરદસ્તી કરતા દરવાનને પછાડી દીધો અને બનવારીના પેટ પર માથું મારી પાંસળીઓના પિંજરાની વચમાં પોતાના બંને શિંગડાં ખોસી ઊંચો કરી દીધો. બનવારી બેબાકળો થઈ જોરજોરથી બૂમો પાડી રહેલો, ''ઓ... મારી નાંખ્યો રે...'' ઘરના નોકરો અને ભોજાઈ અસહાયપણે ઊભાં ઊભાં જોઈ રહ્યાં. ભયને કારણે તેમના મોંમાંથી ''અરે... એય... હે...'' જેવા અવાજો નીકળી રહ્યા હતા.

કજરી બનવારીને અધ્ધર પકડીને હવેલીના વિશાળ વાડામાં ગોળ ગોળ ચક્કર લગાવતી હતી. આ દશામાં ત્રણ ચક્કર લગાવ્યા પછી તેણે બનવારીને ફાટક પાસે પટકી દીધો. કજરીએ તેને પોતાનાં શિંગડાં અથવા ખરીથી ઈજા નહોતી પહોંચાડી, પણ જમીન પર પટકાવાને કારણે તેનાં બધાં હાડકાં હલી ગયેલાં. પડ્યા પછી તે થોડી વાર માટે બેભાન થઈ ગયો. પછી થોડી વારે ઊભો

થઈ લથડિયાં ખાતો દરવાજાની બહાર ભાગી ગયો. તે કંદોઈની દુકાનની પાટલી પર પડ્યો પડ્યો કલાકો સુધી ધ્રૂજતો રહ્યો.

બનવારીને પટકી દીધા પછી પણ કજરી ગાંડાની જેમ ચક્કર લગાવતી હતી. શ્યામા ધીરેથી ઊઠી, તેને પુચકારી પછી કજરી ઊભી રહી ગઈ. શ્યામા તેની પાસે ગઈ, તેની પીઠ પંપાળવા લાગી. થોડી વાર સુધી કજરી પોતાનું માથું નમાવી જોરજોરથી હલાવતી રહી પછી ધીરે ધીરે શાંત થઈ ગઈ.

ધીમે ધીમે બંને છાપરામાં જતાં રહ્યાં. મોડી રાત સુધી તાપણા પાસે બેસી બંને વાગોળતાં રહ્યાં અને વાતચીત કરતાં રહ્યાં.

ભોજાઈએ શ્યામાને સમજાવી, ફટકારી પણ તે જાણે કંઈ સમજતી જ નથી એમ મોટી ભોજાઈને તેનું આ કામ કરતી જોઈ રહેતી અને પછી કંઈક પણ કહ્યા સમજ્યા વગર પોતાની દુનિયામાં ખોવાઈ જતી. હવે એણે માની લીધું કે શ્યામાએ પોતાની સૂધબૂધ ગુમાવી દીધી છે અને પાગલ થઈ ગઈ છે.

આ વણજોઈતી મુશ્કેલી પડકાર બનીને ભોજાઈને પજવી રહી હતી. બધાં ઢોરને બાંધવાં જરૂરી બની ગયેલું. એ માટે ભોજાઈએ સાડા દસ-અગિયાર વાગ્યાનો સમય પસંદ કર્યો જ્યારે બધાં ઢોર સવારનો ચારો ખાઈને નિરાંતે વાગોળતાં હોય. ભોજાઈએ ખેતરેથી છ મજૂર બોલાવેલા. સૌ પહેલાં કૂવે પાણી ભરી રહેલી શ્યામાને પહેલાં પકડી લઈ ઢોરની નજર સામેથી દૂર કરી હાથપગ બાંધી ચોકડીમાં નાંખી દીધી. હાથપગ બાંધીને ઘસડાવાને કારણે શ્યામાની કરોડની આજુબાજુની ચામડી છોલાઈ ગઈ. તેના દર્દથી તથા ઢોર માટેની અશુભ આશંકાથી ભયભીત થઈ શ્યામા વિચિત્ર અવાજમાં રડવા લાગી. મોઢું બાંધેલું હોવાથી તેનો અવાજ દબાઈને આવતો હતો.

જ્યારે હવેલીના લોકો રાતના બીજા પ્રહરમાં ગાઢ નિદ્રામાં હોય ત્યારે નાહરસિંહ દબાતા પગલે હવેલીમાં ઘૂસતા. તેમની પાસે બેઠકની ચાવી રહેતી. તે બેઠકમાં જ સૂતા. અહીંથી મુન્નીના ઘરે આવવા-જવામાં સરળતા રહેતી.

હવેલીના અને ગામ આખાના લોકો આ સંબંધ વિશે જાણતા'તા. છતાં પણ હવેલીના ઠાકુરોની શાન જેમની તેમ – યથાવત્ હતી. કોઈ બોલતું નહોતું. તે રાતે બેઠકમાં આવ્યા પછી સૂવા જતાં પહેલાં નાહરને પેશાબ કરવા જવાની જરૂર જણાઈ. પેશાબ જવા માટે તેમણે ચોકડી તરફનો દરવાજો ખોલ્યો અને આગળ વધ્યા. પેશાબઘરથી પાસે તેમનો બૂટ કોઈ વસ્તુ સાથે અથડાયો. તેમને લાગ્યું કે અનાજની ગૂણ પડી છે. નાહરસિંહ નમીને હાથથી તેને ખસેડવા ગયા. તેમના હાથને કોઈના શરીરનો સ્પર્શ થયો, તે ખચકાઈને પાછા ખસી ગયા. મોટેથી બોલ્યા, ''કોણ... કોણ ?'' બૂમ સાંભળીને ભોજાઈ ત્યાં આવી ગઈ. ત્યારે જ તેને યાદ આવ્યું કે ઢોરને બાંધતાં પહેલાં શ્યામાને બાંધીને અહીં નાંખી હતી. તે તેને સાવ ભૂલી ગયેલી. રાતના બીજા પ્રહરમાં શ્યામાને ખોલી. પીઠ પરનો ઘા મોટો હતો, તેમાંથી નીકળેલું ઘણું લોહી થીજી ગયેલું. હાથપગ સખત બાંધેલા રહેવાને કારણે શરીર જકડાઈ ગયેલું. જેમ ભેંસ વિયાતી વખતે ધ્રૂજે છે તેમ શ્યામા ડર અથવા શારીરિક આઘાતથી જોરજોરથી ધ્રૂજતી હતી. તે ઉઠવાનો પ્રયત્ન કરતી હતી. તેનો પતિ અને જેઠાણી બંને ત્યાં ઉભેલાં પણ કોઈને મદદ કરવાની જરૂર ન જણાઈ. તેની હયાતી, ઉપસ્થિતિ બિનજરૂરી જ નહીં પણ બધા માટે અડચણરૂપ બની ગયેલી.

આ બધું શ્યામાના મનમાં નહોતું ચાલતું. તે સહાય અને મદદ વિશે કંઈ નહોતી જાણતી.

''શું વાત છે ? તેને કેમ બાંધી છે ?'' નાહરના અણધાર્યા પ્રશ્નથી એક પળ માટે ભોજાઈ અચકાઈ ગઈ. શ્યામા માટે નાહરની લાંબા સમયની ઉદાસીનતા હોવાથી આ પ્રશ્ન કદાચ અનપેક્ષિત હતો. એટલે જવાબ આપવામાં તેને સમય લાગ્યો. ''ઢોરને બાંધવા નથી દેતી. લાકડી લઈને બધાને મારતી'તી... ગાંડી જે થઈ ગઈ છે !''

નાહરને ગુસ્સો આવ્યો, ''ખબર છે, ઢોરને કદી ના મારે એ માણસને શું મારશે ?''

ભોજાઈ ઢીલી પડી ગઈ, ''કુંવરજી તમે ઘરમાં રહો તો જુઓ ને સમજો.''

''હું બધું સમજું છું ભાભી સાહેબ'' નાહરે વ્યંગમાં કહ્યું અને બેઠક તરફ ચાલવા લાગ્યો.

તે પછી ઘણી વાર સુધી ભોજાઈ બબડતી રહી.

પહેલી વાર તેને થયું કે તેની વાતો પર કોઈ વિશ્વાસ કરતું નથી. છતાં પણ સ્થિતિ બધી રીતે તેના પક્ષમાં હતી અને હવે કોઈ ફેર પડવાનો નહોતો.

લગભગ દસ મિનિટ સુધી પ્રયત્ન કર્યા પછી શ્યામા માંડ ઊભી થઈ શકી. સાંકળ ખોલી લથડિયાં ખાતી બહાર નીકળી ગઈ. તે ધ્રૂજતા શરીરને છાપરામાં મૂકેલા ઘાસના પૂળા પર પડી. જેઠાણીએ છેક સુધી તેનો પીછો કર્યો. ભોજાઈ નિશ્ચિંત થઈ હસતાં હસતાં બોલી, ''આનો તો ઇલાજ થઈ ગયો.''

હવેલીમાં સવારે બધા જાગ્યા ને જોયું તો બધા ઢોર ફરી છૂટાં હતાં. સમસ્યા ગંભીર હતી. એક સારી અને સ્થાયી વ્યવસ્થાની જરૂર હતી. આ વાતની ખબર બીજા દિવસે પડી કે જ્યારે બપોર પડતાં ભોજાઈએ ફરી અભિયાન ચલાવ્યું. સૌ પહેલાં શ્યામાને બાંધીને અગાસી પરની ઓરડીમાં પૂરી દીધી. તેના હાથ-પગ ખુલ્લા હતા. પીઠ પરતી લોહી નીકળી રહ્યું હતું. બહુ તાવને કારણે ધ્રૂજતી હતી અને અર્ધમૂર્છિત હતી.

પહેલાં તો ઢોરે બંધાવાનો વિરોધ કર્યો. બંધાઈ ગયા પછી પણ વિરોધ ચાલુ રહ્યો. તે બધાં ભાંભરી રહ્યાં હતાં પણ કોઈ પ્રત્યુત્તર નહોતો મળી રહ્યો. તે બધા જીદે ભરાયેલાં. શેઢ કાઢવાની વાત તો દૂર રહી, કોઈને પોતાની પાસે પણ નહોતા આવવા દેતા.

દોઢ દિવસ ભૂખ્યાં ઊભાં રહ્યાં પછી છેક બીજા દિવસે સાંજે બનવારી માંડ ચારો નાખી શક્યો. ભૂખ્યાં હોવા છતાંતે બધાં ચારા પર તૂટી ના પડ્યાં. નાનાં વાછરડાં ને પાડા જ ખાણમાં મોં નાખતા'તા. બાકી ઢોરે રાતના છેક મોડા ચારો ખાધો અને છેક ચોથા-પાંચમા દિવસે શેઢ કાઢવાનું સંભવ બન્યું.

એવો વિચાર કરવામાં આવ્યો કે વધુ વિદ્રોહી ઢોર વેચી કાઢવાં. તે માટે ત્રણ મહિના પછી થનાર મોટા મેળાની રાહ જોવી જેથી આ ઢોરની સારી કિંમત મળી શકે. ઢોર જાણે બધું સમજતાં હતાં. જોવાવાળા કહેતા હતા કે તે વારેવારે રડતાં હતાં.

અગાસી પરની ઓરડીમાં પૂરેલી શ્યામાને ઘાસપાન કે પાણીથી વધારે કંઈ નહોતું જોઈતું. બેત્રણ દિવસના અંતરે તેની ઓરડી ખોલીને તાજો ચારો અને પાણી મૂકવામાં આવતું. ચારાને ભોજન બનાવ્યા પછી તે માણસો જેવો દુર્ગંધયુક્ત મળત્યાગ કરવાને બદલે છાણ કરતી. સૂવા માટે ઓરડીમાં એક બાજુ ભૂસું પડેલું. ઝાડાપેશાબ માટે એક મોરી હતી જે પાછળ ચરાણ જમીનમાં ખૂલતી હતી. બેચાર લોટા પાણીથી ગોબર અને પેશાબ સાફ થઈ જતાં.

પોતાની પશુ બહેનપણીઓથી અલગ થઈ જવાથી શ્યામા શાંત થઈ ગયેલી. લગભગ મહિનાથી કોઈએ તેનો અવાજ સાંભળેલો નહિ. એક રાતે ત્રીજા પ્રહરે શ્યામાને કોણ જાણે શું થયું કે તે દરવાજો ઠોકી ઠોકી જોરજોરથી ભાંભરવા લાગી. તેના જવાબમાં ભૂરી, કજરી અને બીજાં ઢોર પણ ભાંભરવા લાગ્યાં. ''અમ્હા...અ...મ્હા...'' આ સંવાદ લગભગ અડધો કલાક સુધી ચાલ્યો. તેઓ એકબીજાને શું કહી સાંભળી રહ્યાં હતાં, તે કોઈને ખબર ના પડી. તેમની વચ્ચે આટલે દૂરથી પણ સંવાદ શક્ય હતો. આ સામાન્ય સમજ બહારનું હતું. તે રાતે કજરીની બીજી પાડી મરી ગઈ હતી.

ધીમે ધીમે શ્યામા અને પશુઓ વચ્ચેનો આ ખાસ સંવાદ રાત્રિચર્યાનો નિયમિત બની ગયો. હવેલી વાળાઓની ઊંઘ હરામ થઈ ગઈ છતાં તેઓ કંઈ નહોતા કરી શકતા કેમ કે વઢવું, મારપીટ જેવા ઉપચાર શ્યામા માટે બિનઅસરકારક થઈ ગયેલા. શ્યામા અને પશુઓ વચ્ચેનો આ વાર્તાલાપ રાતે વધુ ચાલતો. રાતની શાંતિમાં એકબીજાને સાંભળવાનું કદાચ વધુ સારું ફાવતું હોય. પણ બાકી બધા માટે આ અપ્રિય ઘોંઘાટથી વિશેષ કંઈ નહોતું.

એક દિવસ હવેલીના નોકર આ પશુઓને બજારમાં લઈ જવા હાંકી રહ્યા હતા. બધાં પશુઓ જોરજોરથી ભાંભરવા લાગ્યાં. જવાબમાં શ્યામા ભાંભરતી હતી. બંને બાજુના અવાજમાં ખાસ પીડા હતી.

શ્યામાએ પોતાને કેદ કરનારા ઓરડીના બારણાને જોરજોરથી હલાવીને ખોલી કાઢ્યો. આજે તેને હંમેશની જેમ બારણું જોરજોરથી ખખડાવવાથી પડતાં અસહ્ય મારની સજાનો પણ ડર નહોતો. પણ હવેલીમાં જવાનો દરવાજો અંદરથી બંધ હોવાને કારણે તે નીચે ના ઉતરી શકી. અગાસીના કઠેડા પરથી તેણે ગુન્નો, કજરી, કાબરી, ભૂરીને જતાં જોયાં. તે બધાં લગાતાર ભાંભરતાં હતાં,

''ઓ... ઓં... ઓં... જેવા કરુણ અવાજો હવેલીમાં ગાજતા હતા. હવેલીના બીજા માળના કઠેડા પર ઊભેલી શ્યામા પણ લગાતાર ભાંભરતી હતી.

હવેલીના દરવાજાથી માંડીને મીઠાઈની દુકાન સુધી ભીડ જમા થઈ ગયેલી. લોકો ઉપરથી શાંત દેખાતા હતા પણ સૌનાં દિલ આક્રંદ કરી રહેલાં. જ્યાં સુધી શ્યામા અને પશુઓ એકબીજાને જોઈ સાંભળી શક્યાં, તેમની વચ્ચેનું જોડાણ ચાલુ રહ્યું. જેવાં ઢોર શ્યામાની દૃષ્ટિમાંથી ઓઝલ થયાં, શ્યામાએ કઠેડા પરથી છલાંગ મારી.

શ્યામાના મૃત્યુના દોઢ મહિના પછી અચાનક એક દિવસ નાહરસિંહ મુન્નીને હવેલીમાં લઈ આવ્યા. તેમણે કોર્ટમાં લગ્ન કરી દીધેલાં. મુન્નીને પાંચમો મહિનો ચાલી રહેલો. ભોજાઈના બધા મનસૂબા મનમાં જ રહી ગયા. તેની કૂખ સિવાય કોઈ બીજી પણ જમીન અને હવેલીનો વારસ જણવાવાળી હતી.

શ્યામાની પહેલી વરસી પર મુન્ની અને નાહરે એક મોટી પૂજા કરી શ્યામાને હાર્દિક શ્રદ્ધાંજલિ આપી. હવેલી અને ગૌશાળામાં ભટકતા શ્યામાના પ્રેતાત્માને શાંત કરવા આ કરેલું.

આ પછી અગિયાર વર્ષ શ્યામાના પ્રેતાત્માની પૂજામાં પસાર થયા. ઉત્સાહ, ઉત્સવ જેવા ભાવો સાથે હવેલીના રહીશોનો સંબંધ પહેલાં જ તૂટી ગયેલો. મુન્નીનું વાત્સલ્ય અને તેના બાળકોની કિલકારીઓ કિલ્લોલ બધું ડરના માર્યા સમેટાઈ જતું.

મુન્નીએ ભોજાઈ સાથે કદી ખરાબ વ્યવહાર ના કર્યો. તેને ડર હતો કે ક્યાંક આ પણ ચુડેલ ના બની જાય. તેણે નાહરને કહીને ગૌશાળાનાં બધાં ઢોર કઢાવી નાંખ્યાં.

શ્યામા મર્યા પછી અને મુન્નીના આવ્યા પછી ભોજાઈ ગુમસુમ થઈ ગયેલી. હંમેશાં પોતાના ઓરડામાં રહેતી. પહેલાં તો લાગ્યું કે ભોજાઈ નગમતા ફેરફારને કારણે દુઃખી અને નારાજ છે, પણ જ્યારે ત્યારે તેના ઓરડામાંથી આવતા અવાજો પરથી સમજાયું કે, કારણ કંઈ બીજું પણ હતું. તેની ભયભીત ચીસો, ''બધું... બધું લઈ લે પણ શ્યામા તું જા... શ્યામા તું જા''થી ખબર પડી કે શ્યામાનો પ્રેતાત્મા તેને હેરાન કરી રહ્યો હતો.

ભોજાઈનો મોટો દીકરો આ પ્રદેશના નામચીન ડાકૂનો જમણો હાથ બની ગયેલો, એક દિવસ પોલીસ સાથેની મુઠભેડમાં માર્યો ગયેલો. અમંગળની આશંકાથી નાનાને ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ મોકલી દીધેલો. પ્રેતાત્માનો શાપ કુટુંબને પાયમાલ કરી રહેલો.

છેવટના મોટો અનુષ્ઠાન પછી પણ શ્યામાનો પ્રેતાત્મા હવેલીમાં ભટકતો રહ્યો ત્યારે નાહરસિંહ અને મુન્નીએ પોતાનાં બાળકો સાથે હવેલી છોડવાની તૈયારી કરી દીધી. મગજનું સંતુલન ખોઈ ચૂકેલી ભોજાઈને શ્યામાના પ્રેતાત્માને હવાલે કરી દેવાઈ. દિવસે વાળંદણ કમલી ભોજાઈની દેખભાળ કરશે. રાતના તે શ્યામાની સાથે એકલી રહેવાની હતી.

હવેલીમાંથી નીકળતી વખતે મુન્નીની નજર અચાનક ભોજાઈના ચહેરા પર પડી. એક ગંભીર રહસ્યમય સ્મિત અને આંખોમાં અબુધ ભાવ સાથે તે તેને જોઈ રહી હતી. આ રહસ્યમય દૃષ્ટિ અને સ્મિત હવે જીવનભર મુન્નીનો પીછો કરવાનાં હતાં.

# સમાજ પરિવર્તન, રમણભાઈ નીલકંઠ (૧૮૬૮-૧૯૨૮) અને રમણલાલ ફિનોમિના

મકરન્દ મહેતા

આ લેખમાં એ વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે કે ૧૮૪૦ના દાયકાથી શરૂ કરીને ૧૯૧૫માં ગાંધીજીનું સ્વદેશમાં આગમન થતાં સુધીમાં અમદાવાદ અને ગુજરાતમાં એક નાનો પણ કૌવતવાળો રેશનલ અને સેક્યુલર પ્રવાહ પાંગર્યો હતો. અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને સુરતની માનવધર્મ સભા જેવી નવાચારી સંસ્થાઓને આધારે, મહીપતરામ રૂપરામ, ભોળાનાથ સારાભાઈ, દુર્ગારામ મહેતાજી અને નર્મદ જેવા પ્રથમ પેઢીનાં સુધારકોએ રૂઢિચુસ્ત સમાજ સામે ઝુંબેશ કરીને સમાજ પરિવર્તનની પ્રક્રિયા શરૂ કરી હતી. બીજી પેઢીના રમણભાઈએ તેને વધારે વ્યાપક અને સુગ્રથિત સ્વરૂપમાં વિકસાવ્યો હતો. સમાજ પરિવર્તન એટલે સમય, સ્થળ અને સંજોગોના સંદર્ભમાં વૈચારિક, વહીવટી, આર્થિક, ટૅક્નૉલૉજિકલ, શૈક્ષણિક, સાહિત્યિક અને રાજકીય પરિબળો. પણ સમાજનું નવસર્જન કરવામાં છેવટે તો નવાચારી વ્યક્તિઓ અને સંસ્થાઓ જ વધારે મહત્ત્વનો ભાગ ભજવે છે. આવી સંસ્થાઓ અને વ્યક્તિઓ 'ક્રિયેટીવ માઈનોરિટી' હોવા છતાં તે સ્થિતિચુસ્ત સમાજના રખેવાળો સામે સંઘર્ષ કરીને નવા સામાજિક આયામોની રચના કરે છે. આ દૃષ્ટિએ રમણભાઈ અને તેમનો સમય, સંજોગો અને ઘટનાઓ મહત્ત્વનાં છે. રમણભાઈ ગાંધીયુગનાં પણ સાક્ષી હોવાથી તે અંગે જરૂરી છણાવટ કરી છે. લેખમાં દર્શાવ્યું છે કે ગાંધીયુગમાં રેશનલ અને સેક્યુલર પ્રવાહ ક્ષીણ થઈ ગયો હતો.

લાંબા ગાળાની પ્રબળ અને વ્યાપક અસરની દૃષ્ટિએ રમણભાઈ ગુજરાતનાં સૌપ્રથમ પબ્લિક ઇન્ટેલેક્ચ્યુઅલ હતા. તેઓ પરિશ્રમની વિચારસરણી અને કાર્યપદ્ધતિથી પ્રભાવિત થયા હતા. એક સમાજ સુધારક, બૌદ્ધિક, સાહિત્યકાર, વક્તા, રાજકારણી અને મ્યુનિસિપલ આગેવાન તરીકે એમણે અમદાવાદ અને ગુજરાતનું ઘડતર નવી દિશામાં કર્યું હતું. તેમને પ્રથમ પેઢીના સુધારકો અને કેળવણીકારોએ પ્રગટ કરેલી રેશનલ, સેક્યુલર અને પ્રોગ્રેસીવ આઈડિયોલોજીનો લાભ મળ્યો હતો. કૉલેજિયન રમણભાઈ ઉપર વળી પચરંગી મુંબઈ નગર તથા બોમ્બે યુનિવર્સિટીની ઊંડી અસર પણ ખરી. ૧૮૩૦ના દાયકામાં પાંગરેલી અમદાવાદ મ્યુનિસિપાલિટી, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (૧૮૪૮) અને પ્રાર્થનાસમાજ (૧૮૭૧) માત્ર સંસ્થાઓ જ નહોતી. આ સંસ્થાઓ સમાજ પરિવર્તન માટેનું જબરદસ્ત આંદોલન પણ હતું. રમણભાઈ આવા વાતાવરણમાં ઘડાયા હતા. પુખ્ત વયના થતાં તેમણે આ ત્રણેય સંસ્થાઓની આગેવાની લઈને સિવિલ સોસાયટીનાં મૂલ્યો વિકસાવ્યાં. તેમણે જ્ઞાતિ, ધર્મ અને કોમનાં ભેદભાવ વગર વિનયી સમાજનાં બીજ રોપ્યાં. તેની શરૂઆત કરનાર મહીપતરામ, ભોળાનાથ, લાલશંકર ઉમિયાશંકર, ભોગીલાલ પ્રાણવલ્લભદાસ, નનામિયા રસુલમિયા, બહાઉદ્દીનભાઈ, સૈયદ ગુલામઅલી, નવરોજી પેસ્તનજી વકીલ, કાવસજી કારંજવાલા અને ડૉ. જોસેફ બેન્જામીન જેવા પ્રથમ પેઢીના સમાજ સુધારકો અને કેળવણીકારો હતા. જે જમાનામાં સવર્ણ હિંદુઓ દલિતોને 'હડે હડે' કરતા હતા તે જમાનામાં તેમણે અસ્પૃશ્યોને શાળાઓમાં દાખલ કરવાની ઝુંબેશ કરી હતી. રૂઢિચુસ્ત હિંદુઓનો વિરોધ સહન કરીને તેમણે ૧૮૯૧માં અસ્પૃશ્ય સુવાવડી સ્ત્રીને હૉસ્પિટલમાં દાખલ કરી. મહીપતરામ રૂપરામ અને લાલશંકર ઉમિયાશંકરે મુસ્લિમ આગેવાનો સાથે ભળીને ૧૮૮૪માં અંજુમને-ઇસ્લામ નામની શિક્ષણ અને સમાજ સુધારાની સંસ્થા રાયખડ વિસ્તારમાં સ્થાપી. રમણભાઈએ આ સંસ્થાને આગળ ધપાવી. તા. ૬ માર્ચ ૧૯૨૮ના રોજ રમણભાઈનું અવસાન થતાં તેમના મિત્ર

અને સહકાર્યકર હીરાલાલ ત્રિભુવનદાસ પારેખે તેમને આપેલી અંજલી મુજબ :

“સર રમણભાઈ વિધવા બહેનોને સહાયતા આપતા તેમજ અંત્યજો પ્રત્યે તેઓ સમભાવ ધરાવતા. તેમનો ઉદ્ધાર કરવા અને તેમને કેળવણી આપવા પોતે તજવીજ કરતા. તેમના હસ્તક લાલશંકર કેળવણી ફંડમાંથી અંત્યજ શાળાઓ હજી નભે છે જ. રાવ સાહેબ મહીપતરામના ૧૮૯૧માં અવસાન બાદ તેને બીજે વર્ષે મહીપતરામ અનાથાશ્રમ સ્થપાયો હતો. સ્વર્ગસ્થ રમણભાઈએ ૩૫ વર્ષ સુધી તેનો વહીવટ ચલાવ્યો હતો. સ્ત્રી-કેળવણીના તો તેઓ ચુસ્ત હિમાયતી હતા. સ્ત્રી-સ્વાતંત્ર્ય, સ્ત્રી-જીવનના વિકાસ અને સ્ત્રી-હક્કની સમાનતા અર્થે શ્રી રમણભાઈ અને એમનાં કુટુંબે જે કાર્ય કર્યાં છે, તેની અસર ચોતરફ પ્રસરેલી છે અને તેથી આદર્શ સુધારક તરીકે એ કુટુંબને ગુજરાતી સમાજમાં પ્રથમ સ્થાન અપાય છે. (બુદ્ધિપ્રકાશ, માર્ચ ૧૯૨૮, પૃ. ૬૫-૮૫)

સામાજિક, શૈક્ષણિક અને નગરજીવનને સ્પર્શતાં મ્યુનિસિપલ ક્ષેત્રોની જેમ રમણભાઈ સાહિત્યના ક્ષેત્રમાં પણ આધુનિક વિચારસરણી લઈ આવ્યા. નાટ્યકાર, નિબંધકાર, નવલકથાકાર, હાસ્યકાર, વિવેચક, ચિંતક અને કવિ તરીકે રમણભાઈએ ગુજરાતી સાહિત્યને આગળ ધપાવ્યું. ગુજરાતને હાસ્યરસ અને કટાક્ષ મિશ્રિત નવલકથા ‘ભદ્રંભદ્ર’ (૧૯૦૦) આપવાની પહેલ કરનાર રમણભાઈ હતા. એમણે મણિલાલ નભુભાઈ અને મનસુખરામ ત્રિપાઠી જેવા પ્રાચીન સંરક્ષક મતના વિદ્વાનો અને સાહિત્યકારોની ઠેકડી ઉડાડીને ગુજરાતને હસાવ્યું અને તેની સાથે માનવતાવાદી અને પ્રગતિશીલ સુધારાની દિશાને વધારે સ્પષ્ટ રીતે ખોલી આપી.

ભીખુ પારેખે એમના ગ્રંથ ‘Debating India : Essays on Indian Political Discoure’માં (Oxford Univerity Press, ૨૦૧૫) બુદ્ધથી શરૂ કરીને ટાગોર, ગાંધી, નહેરુ અને આંબેડકર સુધીના નેતાઓનાં રાષ્ટ્રીય કક્ષાના વાર્તાલાપો ઉપર પ્રકાશ નાંખ્યો છે. પણ પ્રાદેશિક કક્ષાના વાદવિવાદો અને વાર્તાલાપો પણ એટલા જ મહત્ત્વના હતા. જેમ કે રમણભાઈ નીલકંઠ અને મણિલાલ નભુભાઈ ત્રિવેદી (૧૮૫૮-૧૮૯૮) વચ્ચે પૂરા દસકા સુધી ગુજરાતી ભાષામાં થયેલો વાદવિવાદ. મણિલાલ ગુજરાતના સમર્થ તત્ત્વજ્ઞ અને વિદ્વાન હતા. રમણભાઈની જેમ તેઓ પણ મુંબઈની એલ્ફિન્સન કૉલેજમાં પોલિટિકલ ઇકોનોમી, લૉજિક અને અંગ્રેજી સાહિત્ય ભણ્યા હતા. એમનો મુખ્ય વિષય સંસ્કૃત હતો. ઉત્તર નર્મદની અસર હેઠળ મણિલાલે પ્રાચીન હિંદુ પરંપરા આધારિત પુનરુત્થાનવાદી વિચારસરણી અને પદ્ધતિને બૌદ્ધિકો સમક્ષ વહેતી કરી. એમણે પિયંવદા / સુદર્શન (૧૮૮૫માં ‘પ્રિયંવદા’, ૧૮૯૦થી ‘સુદર્શન’) દ્વારા જે બૌદ્ધિક અને તાર્કિક સ્તર પર અદ્વૈતવાદની ફિલસૂફીને આધારે પશ્ચિમી સુધારાનો વિરોધ કરીને પ્રાચીન આર્યધર્મની (‘સ્વધર્મ’) ભાવનાને પુષ્ટ કરી તેનો સામનો કરવા રમણભાઈએ ‘જ્ઞાનસુધા’ પાક્ષિક (પ્રાર્થના સમાજને મુખપત્ર, સ્થાપના : ૧૮૮૭) દ્વારા એટલી જ ધારદાર કલમ ચલાવી હતી. ૧૯મા સૈકાનો ગુજરાતી ભાષામાં થયેલો આ વાદવિવાદ / વાર્તાલાપ /’ ડીસ્કોર્સ ખૂબ મહત્ત્વનો બૌદ્ધિક પ્રવાહ હતો. તેને લક્ષ્યમાં લીધા વગર ૧૯મા સૈકાના સમાજ પરિવર્તનના ડાયનેમિક્સને (“રમણભાઈ ફિનોમીના”) સમજવું મુશ્કેલ છે. આ વાદવિવાદ આજની આપણી પેઢી માટે ૧૯મા સૈકાનો એક અમૂલ્ય વારસો છે.

મણિલાલ ૧૮૯૮માં માત્ર ૩૯મે વર્ષે ગુજરી ગયા. રમણભાઈ તો ગાંધીયુગના પણ સાક્ષી હતા. ગાંધીજી પ્રત્યે રમણભાઈને સંપૂર્ણ માન હોવા છતાં જ્યારે ગાંધીજીએ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ૧૯૧૯માં ઉમેદવારી નોંધાવી ત્યારે તેનો પ્રબળ વિરોધ કરનાર રમણભાઈ હતા. રમણભાઈએ ઘોષણા કરી કે “જે વ્યક્તિએ સાહિત્યનું જરા પણ ખેડાણ કર્યું ના હોય તે ગમે તેટલી મહાન હોય તોપણ તેને પ્રમુખસ્થાને કેવી રીતે બેસાડી શકાય ?!” ગાંધીજી ચૂંટણી હારી ગયા. ૧૯૨૦માં અમદાવાદમાં મળેલી પરિષદનાં પ્રમુખ તરીકે સાહિત્ય માર્તંડ હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળા બિરાજમાન થયા. ત્યાર બાદ ૧૯૨૬માં મુંબઈમાં મળેલી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે રમણભાઈએ સૂચક રીતે કહ્યું :

“સાહિત્ય પરિષદનું લક્ષ્ય વિદ્વત્તા ઉપર છે. કેટલેક સ્થળે એવી માન્યતા થઈ છે કે સારા માણસને અમુક

માનની પદવી આપવાનું માથે લેવું એ પરિષદનું કાર્ય હોવું જોઈએ. તે માટે અમુક વિદ્વત્તાભર્યું કાર્ય અમુક મનુષ્યે નથી કર્યું છતાં તે સમર્થ છે, અથવા ઇંતેજાર છે તે લક્ષ્યમાં લઈ પરિષદે તેને ધન્યવાદ આપવો અથવા પદવી આપવી એવી કેટલાકની તીવ્ર ઇચ્છા થઈ છે... વર્તમાનપત્રોમાં વપરાતી શૈલી અને ભાષા તે સાહિત્ય માટે આદર્શભૂત થઈ શકે છે. પ્રૌઢ, સુંદર ગદ્યશૈલી માટે ઇતિહાસના બહોળા સાહિત્યની આવશ્યકતા છે. એમ જણાય છે કે ઇતિહાસ લખવાનો શોખ ગુજરાતી સાહિત્યકારોમાં હજી જામ્યો નથી. ઐતિહાસિક વૃત્તિ ઉત્પન્ન થાય એવું ઇતિહાસવાચન ગુજરાતની પ્રજામાં ફેલાવો પામ્યું નથી'' (ગુજરાતી સાહિત્ય પરિષદ, પરિષદ પ્રમુખોનાં ભાષણો, ભાગ પહેલો, પૃ. ૩૧૮-૩૨૪)

રાજ્ય પ્રકરણમાં રમણભાઈ અને ગાંધીજીની વિચારસરણી ભિન્ન હતી. રમણભાઈની વિચારસરણી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને પ્રાર્થના સમાજના પ્રવાહોમાંથી નિષ્પન્ન થઈ હતી. ૧૮૮૫માં કૉંગ્રેસની સ્થાપનાના એક વર્ષ પહેલાં અમદાવાદમાં મોડરેટ શૈલીની રાજકીય સંસ્થા, 'ગુજરાત સભા' સ્થપાઈ હતી. તેમાં હિંદુ, જૈન, પારસી, મુસ્લિમ, યહૂદી અને ખ્રિસ્તી આગેવાનો એકસમાન પ્લૅટફૉર્મ પર રાજકીય ઉપરાંત સામાજિક અને શૈક્ષણિક બાબતોની ચર્ચા કરતા. તે સમયના આગેવાનો અને ચર્ચાઓના સંખ્યાબંધ અહેવાલો પ્રસિદ્ધ થયા છે, પણ જગાને અભાવે અત્રે તે અપ્રસ્તુત છે. મુદ્દો એ છે કે લિબરલ-ડેમોક્રેટિક શૈલીને વરેલા નેતાઓએ રાજકારણમાંથી અને સમાજકારણમાંથી ધર્મને છૂટો પાડીને જનમત કેળવ્યો હતો. તેનો જોટો ગુજરાતના ઇતિહાસમાંથી શોધ્યો જડે તેમ નથી.

ગાંધીયુગ પહેલાં ગુજરાતમાં લિબરલ-મોડરેટ રાજકીય શૈલીના બે તેજસ્વી નેતાઓ હતા. અંબાલાલ સાકરલાલ દેસાઈ (૧૮૪૬-૧૯૧૪) અને રમણભાઈ નીલકંઠ. પણ ગાંધીજીનાં અમદાવાદમાં આગમન પહેલાં ૧૯૧૪માં અંબાલાલનું અવસાન થતાં રાજકીય નેતાગીરી રમણભાઈના હાથમાં આવી. ૧૯૧૫થી ગાંધીજીને મળવા રમણભાઈ અને એમનાં પત્ની વિદ્યાબહેન અવારનવાર આશ્રમમાં જતાં. રમણભાઈ ગાંધીજીને મહાપુરુષ ગણતા હોવા છતાં એમણે ગાંધીજીના અસહકારના આંદોલનનો જબરો વિરોધ કર્યો. ૧૯૧૮માં એમણે ''લીગ ફૉર પીસ એન્ડ પ્રોગ્રેસ'' નામની સંસ્થા સ્થાપીને વિનીત વિચારસરણીની તરફેણમાં જનમતને વાળવાનો પ્રયાસ કર્યો હતો. રમણભાઈ અને તેમના સહકાર્યકરોએ પ્રવચનો કર્યાં હતાં કે હિંદની અભણ, પછાત, વહેમી અને જ્ઞાતિવાદી તેમજ કોમવાદી પ્રજા માટે આધુનિક શિક્ષણની ખૂબ જરૂર છે, અસહકારનું આંદોલન આધુનિક શિક્ષણ પદ્ધતિ અને સમાજ સુધારાના પ્રવાહને રૂંધી નાંખશે, અને તે લોકશાહીને બદલે 'ટોળાશાહી'માં પરિણમશે. પણ ગાંધીજીની માસ મુવમેન્ટ ધોધમાર પૂરની જેમ એવી તો આગળ ધપી કે માઈનોરીટી ગ્રૂપનાં માણસો ડઘાઈ ગયા અને પાર્શ્વભૂમિકામાં ધકેલાઈ ગયા.

રમણભાઈ અને અન્ય લીબરલોએ ગાંધીજીની એક બીજી વિચારધારાનો પણ વિરોધ કર્યો હતો. ૧૯૧૮માં પ્રસિદ્ધ થયેલા ગ્રંથમાં લખ્યું છે : ''ગાંધીજી તદ્દન સાદા અને નિસ્વાર્થ વૃત્તિના છે. આધુનિક સુધારો તેમને પસંદ નથી અને રેલવે, તાર, દવાખાનાં, વકીલો, ડૉક્ટરો, મિલો, આગબોટો ઇત્યાદિથી દેશને ઘણું નુકસાન છે અને તેથી તે સર્વથા બંધ થવા જોઈએ એવી તેમની માન્યતા છે.'' (વલ્લભજી સુંદરજી પુંજાભાઈ, 'રાજનગરનાં રત્નો', અમદાવાદ, ૧૯૧૮, પૃ. ૧૫-૧૯) ખરેખર તો ૧૯મા સૈકામાં અમદાવાદમાં વિકસેલા મિલ ઉદ્યોગ, આધુનિક પ્રોફેશન્સ, સ્ત્રી-શિક્ષણ અને કોમી એખલાસની ભાવનાનું ધોવાણ થતું હોય તેવું વાતાવરણ પ્રગટ થતું રમણભાઈએ જાતે નિહાળ્યું હતું. રમણભાઈએ ગાંધીજીનો જબરો વિરોધ કર્યો, પણ તેઓ ફાવ્યા નહીં. ગમે તેમ પણ રમણભાઈ નીલકંઠ અને રમણભાઈ ફિનોમિના ૧૯૨૦ સુધીમાં પૂરો થયો હતો અને વધારે વ્યાપક અને જટીલ સ્વરૂપમાં ગાંધીયુગનાં પ્રવાહો શરૂ થયા હતા.

આજે તો ગાંધી વિચારસરણી પણ તદ્દન હાંસિયામાં ધકેલાઈ ગઈ છે અને તેનું સ્થાન ધર્મબદ્ધ, કટ્ટરપંથી રાજકારણ અને સમાજકારણે લીધું છે. રમણભાઈ અને ગાંધીજી માત્ર 'હિસ્ટોરિકલ ફિગર' તરીકે આજે જીવંત છે પણ તેઓ આજની પેઢી માટે કીમતી નૈતિક સંઘર્ષનો વારસો છોડતા ગયા છે.

# બાજુના બ્લોકમાં નર્ક અને અંતે આશાવાદ...

આસ્વાદ :
રાધેશ્યામ શર્મા

**બાજુના બ્લોકમાં**

**બાજુના બ્લોકમાં કશુંક ચાલી રહ્યું છે.**
**ત્યાં ભૂતપ્રેત નાચે છે કે પછી બાળકની બર્થડે છે,**
**એ ચોક્કસપણે કહી શકાય એમ નથી.**
**કદાચ બાજુના બ્લોકમાં ઠાકુર હીરોઇન પર રેપ કરે છે, જસ્ટ.**

**આવતી કાલે સવારે લોકલ છાપું આવે ત્યારે વાત.**
**સ્ટાર ન્યૂઝ કે ઝી ન્યૂઝમાં આવે, એવી બીના બની હોય**
**એવું તો ક્યાંથી બને, આ બાજુના બ્લોકમાં ?**

**જોકે ચોક્કસપણે એ પણ કહી શકાય એમ નથી.**
**બની શકે.**

**હિંગની વાસ આવે છે.**
**વઘારનો અવાજ તો નહોતો આવ્યો, જોકે**
**બિલ્ડિંગમાં ઘોંઘાટ એટલો છે કે નયે આવે, થયો હોય**
**તોયે.**

**પેટ પર ચોળતા હશે, સ્હેજ ગરમ કરીને ?**
**ગેરકાયદે ગર્ભપાત કરાવતા લાગે છે, બાજુના બ્લોકમાં,**
**વડોદરા જેવી સંસ્કારનગરીમાં, ફત્તેહગંજ જેવા સુંદર વિસ્તારમાં.**

**['વખાર' પૃ. ૭૯]** **સિતાંશુ યશશ્ચંદ્ર**

કાવ્યમાં કથા અથવા કથામાં કાવ્ય, ગદ્યઘન કૃતિનો વિશિષ્ટ પ્રયોગ 'બાજુના બ્લૉક'માં ઊતર્યો છે.

રચનાનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આંતર માળખું માણવા જેવું છે. શરૂઆત શીર્ષકથી જોઈએ, કેટલી વાર કઈ પંક્તિ સાથે એનો વિનિયોગ સધાયો છે. દા. ત.,

**બાજુના બ્લૉકમાં કશુંક ચાલી રહ્યું છે.**
**કદાચ બાજુના બ્લૉકમાં ઠાકુર હીરોઇન પર રેપ કરે છે, જસ્ટ.**
**એવું તો ક્યાંથી બને, આ બાજુના બ્લૉકમાં**
**ગેરકાયદે ગર્ભપાત કરાવતા લાગે છે, બાજુના બ્લૉકમાં...**

એવી રીતે ભાતે 'ચોક્કસપણે'નો ઉપ-યોગ જોઈએ :

**એ ચોક્કસપણે કહી શકાય એમ નથી.**
**જોકે ચોક્કસપણે એ પણ કહી શકાય એમ નથી**

'જોકે'નો પણ બીજી વાર લાભ લેવાયો છે આ લીટીમાં :

**વઘારનો અવાજ તો નહોતો આવ્યો, જોકે.**

કૃતિનાયકનો કુતૂહલભાવરસ એની સંવેદનપટુતાની સમાન્તરે અનિષ્ટોની ધારણા-અનુમાન તથા કલ્પિત કલ્પનોની કુંડળી કાઢે છે ! કશુંક ચાલી રહ્યું છે, કેવું ?

**ત્યાં ભૂતપ્રેત નાચે છે (અનિષ્ટ)**
**કે પછી બાળકની બર્થડે છે (ઇષ્ટ)**

નાયક અવઢવમાં ખરો, ચોક્કસપણે તે પણ અચોક્કસ છે ને મનોઝુકાવ વિકરાળ, હિડિયસ કલ્પના તરફ ભાવકને દોરી જાય છે :

**કદાચ બાજુના બ્લૉકમાં ઠાકુર હીરોઇન પર રેપ કરે છે, જસ્ટ.**

'ઠાકુર' શબ્દમાત્રથી ફ્યૂડલ પ્રકૃતિની નિમ્ન વૃત્તિ કર્તાએ ''છતી કરી છે, તેથી આગળ મુકાયેલો અંગ્રેજી શબ્દ 'જસ્ટ', સુંદર હીરોઇનને થયેલા 'ઇન્જસ્ટિસ'નો એહસાસ અફસોસ કરાવે.

બાજુનો બ્લોક એટલે નગરોનો અડોસપડોસ. નાયકને ભર્ત્સનાસભર પ્રસંગપાત્ર પ્રતિ રુચિ છે કે સહાનુભૂતિયુક્ત માનસ ? બંને એક સાથે હોઈ જ શકે.

હોરેસનું એક કથન પ્રસ્તુત નથી ? 'વ્હેન યૉર નેબર્સ વૉલ ઇઝ ઑન ફાયર, ઇટ બિકમ્સ યૉર બિઝનેસ.'

પાડોશીની દીવાલને આગ ચંપાય એટલે તમારો વાતૂલ-વ્યવહાર ચાલુ. આની સામે ઈસુનું જગતખ્યાત સૂત્ર વજનદાર છે : 'લવ ધાય નેબર.'

રચનાના બીજા ગુચ્છમાં, વિવિધ માધ્યમોની બિના નાયકમાં રણઝણી છે; લોકલ પાછી અવઢવ તો પાકી, 'એવું તો ક્યાંથી બને ?' (સ્વગતોક્તિમાં)

બાજુના બ્લોકમાં ચાલી રહ્યું છે, પણ નાયકના ચલચિત્રી ચિત્તમાં જાતભાતનું દોડી રહ્યું છે.

**હિંગની વાસ આવે છે.**

**વઘારનો અવાજ તો નહોતો આવ્યો**

શંકા, મગજની ડોલનશૈલી, વિકલ્પ વગેરે વગેરે... બિલ્ડિંગમાં ઘોંઘાટ એટલો છે કે (હિંગની વાસ) નયે આવે, થયો હોય તોયે.

અણધાર્યો ઓચિંતો ચોથો ગુચ્છ, ભાવકને 'હિંગની વાસ' સૂંઘાડે છે એટલે થાય કે – હિંગના ઝાડને (?) અહીં શા કાજે હલાવ્યું. ત્યાં તરત દાન અને મહાપુણ્ય જેવી ત્રિપંક્તિ વહારે આવી :

**પેટ પર ચોળતા હશે, સ્હેજ ગરમ કરીને ?**
**(સંદેહ પ્રશ્ન)**
**ગેરકાયદે ગર્ભપાત કરાવતા લાગે છે, બાજુના બ્લૉકમાં (અનિષ્ટ)**

પેટ પર ગરમ હિંગ ચોળી ગર્ભપાત કરાવી મારવાનું ગેરકાયદેસર કૃત્ય બન્યું નથી, પણ નાયકનું નાક હિંગવાસનો વઘારો ધારી આઘાત આલેખે છે.

**વડોદરા જેવી સંસ્કારનગરીમાં,**
**ફત્તેહગંજ જેવા સુંદર વિસ્તારમાં. (મધુર સમાપન)**

નાયક સાચો સી.એમ. છે, કૉમન મૅન છે. સંસ્કાર અને સુંદરતાનો અનિષ્ટો સત્યાનાશ કરે એ કેમ ચાલે ? આઘાતપ્રદ છે.

કોઈ ચુસ્ત વાસ્તવવાદી વાચકને કર્તાની સંસ્કાર-સુંદર-નગરી-વિસ્તારવાળી બે પંક્તિ કદાચ વસમી લાગે, તો લાગે જ.

કવિ સિતાંશુ સિધ્ધહસ્ત નાટ્યસર્જક છે એટલે એમને તો અમેરિકન નાટ્યવર્ય ઍડવર્ડ ઍલ્બીના નિરીક્ષણની ખાંખતાભરી ખબર અને પતીજ હોય જ :

'ધ ઍક્ટ ઑવ રાઇટિંગ ઇઝ ઍન ઍક્ટ ઑવ ઑપ્ટિમિઝમ. યૂ વુડ નોટ ટેક ધ ટ્રબલ ટુ ડુ ઇટ, ઇફ યૂ ફેલ્ટ ધૅટ ઇટ ડીડન્ટ મૅટર'

'વખાર'માં તો વિપુલ વૈષમ્ય હોય, અહીં પણ બ્લોકમાં ક્યાં નથી ? તોયે આઘાતમિશ્રિત મધુર સમાપન અહીં સાભિપ્રાય છે.

# 'હણહણાટી' – એક દૃષ્ટિપાત

**પ્રફુલ્લ મહેતા**

મોહન પરમાર ગુજરાતી સાહિત્યમાં સુપેરે જાણીતા છે. એમણે દસ નવલકથાઓ, આઠેક વાર્તાસંગ્રહ, એક એકાંકીસંગ્રહ, ચાર વિવેચનસંગ્રહ અને તેર સંપાદકનો ગુજરાતી સાહિત્યને અર્પણ કરેલ છે. એમની ઢગલાબંધ વાર્તાઓ 'ઉદ્દેશ', 'પરબ', 'કુમાર' અને 'શબ્દસૃષ્ટિ' જેવા ગણનાપાત્ર સામયિકોમાં પ્રકાશિત થયેલ છે, એટલું જ નહીં ઘણી વાર્તાઓને પારિતોષિકો મળેલાં છે અને અગ્રણી વિવેચકોએ એમને પોંખ્યા છે.

'હણહણાટી' એમનો નોંધપાત્ર વાર્તાસંગ્રહ છે. પરિશિષ્ટમાં રાધેશ્યામ શર્મા (દેરી), 'સુમન શાહ (નજર), સતીશ ડણાક (સોનકડી), વિક્રમ સોલંકી (જાળું), દશરથ પરમાર (શ્યામજી – ઘનશ્યામ), પંકજ પરમાર (ઇચ્છા નિદ્રા) જેવા સાહિત્યકારોએ એમની વાર્તાઓની સરસ ચર્ચા કરી છે. 'હણહણાટી' વાર્તાસંગ્રહમાં ચૌદ વાર્તાઓ છે તે પૈકી કેટલીક વાર્તાઓ પર દૃષ્ટિપાત કરીએ.

આ સંગ્રહની પહેલી વાર્તા 'દેરી'માં કેન્દ્રસ્થાને તરસંગજીનું પાત્ર છે. 'દેરી' એક નાનકડું મંદિર છે, એનું ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી નિરૂપણ કર્યું છે. તરસંગજી દરરોજ દેરીએ જાય છે. આ દેરીનું રહસ્ય ગામના પ્રભાશંકર પુરોહિત જાણે છે પણ એ કાંઈ કહેતા નથી. વાર્તાનાયક એ રહસ્યને જાણવા ઉત્સુક છે એટલે તે પ્રભાશંકરને દેરીના પરચા જણાવવા વિનવે છે, પણ વાર્તામાં કાંઈ સ્પષ્ટતા જોવા મળતી નથી. વાચક – ભાવકને પણ એ રહસ્યને પામવા આતુરતા જણાય છે. 'દેરી'ના સંદર્ભમાં પ્રભાશંકર પુરોહિત વિષ્ણુ ભગવાન અને લક્ષ્મીજીએ અત્રે વિશ્રામ કર્યાની તેમજ મુગટ મૂકી ગયાની વાત કરે છે. એ મુગટની શોધ કરવાની કોશિશ થાય છે ખરી પરંતુ એનું રહસ્ય અકબંધ રહે છે. સમગ્ર વાર્તા 'દેરી'ની આસપાસ ચક્રાવો લે છે. એ ચક્રાવાને લેખક કેવી કલાત્મક રૂપે ગૂંથ્યો છે એમાં વિશિષ્ટતા રહેલ છે.

'અકબંધ' વાર્તામાં મંદાર અને નાયિકા રુચિના સ્નેહની વાર્તા કરવામાં આવી છે. મંદાર એક અકસ્માતમાં ઘાયલ થઈ હૉસ્પિટલમાં ઘણા સમયથી કૉમામાં સરી પડ્યો છે. એ મોટી કંપનીમાં ચીફ મૅનેજર છે. સ્ટાફ અને સગાંવહાલાનો અનહદ પ્રેમ તેણે સંપાદન કર્યો છે. સૌ ચિંતાતુર છે અને એ જલદી સારો થઈ જાય એ માટે આતુર છે. કર્મચારીઓ એને દેવરૂપ માને છે ત્યાં ઑફિસના પટાવાળા દ્વારા મંદાર અને મીનાક્ષીની પ્રેમલીલાની વાત જાણવા મળે છે. રુચિ એ પ્રેમલીલાનું રહસ્ય જાણવા પ્રયાસ કરે છે પરંતુ મંદારની આખરી ઘડી સુધી આ પ્રણયકથા અકબંધ રહી જાય છે. વાર્તાકારે આખી વાર્તામાં પ્રણયલીલાને કેવી રીતે 'અકબંધ' રાખીને કલાત્મક આલેખન કર્યું છે એ દૃષ્ટિગોચર થાય છે.

'જાળું' એ વિશિષ્ટ કોટીની પ્રતીકાત્મક વાર્તા છે. પ્રથમ પુરુષ એક વચન 'હું'ના કેન્દ્રસ્થાને એની માંડણી કરાઈ છે. સીધાસાદા કથનને બદલે વાર્તાકારે પ્રતીકો, અર્થચ્છાયાઓ, વ્યંજનો, સંકેતો, ઇંગિતોનો સહારો લીધો હોવાથી સામાન્ય વાચકને સમજવી અઘરી પડે એવી આ વાર્તા જાળાની જેમ ગૂંથાયેલી છે. પરિશિષ્ટમાં વિક્રમ સોલંકીએ એનું સરસ વિશ્લેષણ કર્યું છે.

વાર્તાનાયક મોટી વયના સંન્યાસી છે. ઉત્તર અને દક્ષિણ એ બંને દિશાઓની વચ્ચે ઊભેલો છે. ઉત્તર દિશા એ વૈરાગ્યનું પ્રતીક છે. અને દક્ષિણ દિશા એ સંસારનું પ્રતીક છે. એનું મન રાગ અને ત્યાગ વચ્ચે ઝોલા ખાય છે. 'જાળું' એ મોહ-માયા, રાગ-દ્વેષ, વિકાર-વાસના, રૂપ-પ્રેમનું પ્રતીક છે. ઈશ્વરે માનવ-દેહ આપ્યો છે પણ માણસનું મન, દૃષ્ટિ, વચન અને વાણી એના કહ્યામાં નથી. વાર્તાકારે દેહમાંથી નીકળેલું મન અત્ર, તત્ર, સર્વત્ર ફર્યા કરે છે. એને પોતાનામાં પાછું સ્થાપિત કરવા મંત્ર-તંત્ર અને સાધના દ્વારા પ્રયત્નો કર્યા કરે છે, પરંતુ એ સફળ

થતો નથી. કારણ એ સંસારી મોહરૂપ જાળામાં કેવો ફસાયેલો છે એનો ચિતાર સુપેરે અત્રે નિરૂપ્યો છે.

આમ, આ વાર્તા સાચા અર્થમાં એક ઉત્તમ કોટિની બની છે એની પ્રતીતિ ઘણા વિવેચકોને થઈ છે એ માટે લેખક અભિનંદનને પાત્ર છે.

'સાંત્વન' જગા અને શાળાના સંવાદથી વાર્તાનો પ્રારંભ થાય છે. ક્યાં મોટી મોટી મૂંછો, પડછંદ બાંધો, બરાડા પાડી બૂમાબૂમ કરતો જગો અને ક્યાં કામગરી, શાંત, સુશીલ, ગભરૂ શાંતા. જગાની સામે બિચારી શાંતા ચૂં કે ચાં કરી શકે નહીં. આખો દિવસ જગો શાંતાને ધમકાવ્યા કરે, પાણીમાંથી પોરા કાઢે અને રોજેરોજ ભવાડા કર્યા કરે. આ બે વિષમ પ્રકૃતિનાં પાત્રો વચ્ચે વાર્તા ગૂંથવામાં આવી છે.

આવો મરદમૂંછાળો પહેલવાન જેવો જગો એક વાર સામાજિક ઝઘડાના મારફાડવાળા કેસમાં પાછી પાની કરતો જોવા મળે છે અને હતાશ થઈ જાય છે. એની આવી લાચાર સ્થિતિ જોઈને ગભરુ શાંતા આશ્ચર્ય પામે છે અને આવી હતાશામાં નીચી મૂડીએ રહેલા જગાને જોઈને શાંતા સાંત્વન આપે છે એ દૃશ્ય લેખકે સરસ રીતે કંડાર્યું છે.

'સોનકડી' એ આધુનિક યુગની સંકેત સ્વરૂપે કહેવાયેલી વિશિષ્ટ વાર્તા છે. ડૉ. સતીશ ડણાકે પરિશિષ્ટમાં એની સરસ છણાવટ કરી છે કે ટૂંકી વાર્તા એ સર્જનશીલા છે અને સર્જક એની અનુભૂતિને ક્રમશઃ લીલયા કેવી રીતે સાંકેતિક રૂપે નિરૂપે છે એનો પરિચય કરાવ્યો છે. નાયક અને નાયિકાના પ્રણયની અતૃપ્ત ઝંખનાએ – એમના આંતરબાહ્ય સ્વરૂપને કલાત્મક રૂપે આલેખન કર્યું છે.

આ વાર્તા ત્રણ ખંડમાં વહેંચાયેલી છે. વાર્તાનાયક મધ્યમવર્ગનો છે અને એ કલ્યાણરાય નામના વેપારીની પેઢીમાં નોકરી કરે છે. નાયકને લગ્નપૂર્વે એક પ્રેમિકા છે સંજોગવશાત્ એ બંને લગ્ન કરી શકતાં નથી. પૂર્વ પ્રેમિકાનાં લગ્ન ધનાઢ્ય બીજવર સાથે થાય છે અને વાર્તાનાયક અન્યત્ર પરણી જાય છે, પરંતુ બંનેમાં પ્રણયની ઝંખના અતૃપ્ત રહી જાય છે.

બીજા ખંડમાં નાયકને સાળાના જન્મદિનના સમારંભમાં જવાનું હોય છે, પણ કલ્યાણરાય એને એક જરૂરી કામે જમનાશંકર – ધનાઢ્ય શેઠના ત્યાં મોકલે છે.

આ ત્રીજા ખંડમાં જમનાશંકરના ઘેર જે મુલાકાત થાય છે તેમાં શેઠ અને નોકર, શેઠાણી અને શેઠ તેમજ અતૃપ્ત પ્રેમની ઝંખનામાં બે પ્રેમીજનોના મિલનમાં રાય-રંકનો વર્ણભેદ સ્પષ્ટ જણાય આવે છે. સાથેસાથે વાર્તાના કેન્દ્રસ્થાને રહેલા આ પ્રણયી જીવોની અતૃપ્ત ઝંખનાઓ સાંકેતિક રીતે રજૂ થયેલ છે. નાયકની પૂર્વ પ્રેમિકા સાથે નાયકનું મિલન, રોષ અને પ્રણય ઝંખનાને સાંકેતિક રૂપે વર્ણવી છે એમાં એક સિદ્ધહસ્ત વાર્તાકારની કાબેલિયત દર્શાવાઈ છે.

'નજર' વાર્તામાં લેખકે એક ગરીબ વર્ગની સ્વરૂપવાન સ્ત્રી ધનવાન અને કામાંધ વ્યક્તિઓની ખરાબ નજરથી બચવા કેવી લાચાર હોય છે એની મનોવ્યથા અસરકારક રીતે અભિવ્યક્ત કરી છે.

'પ્રતિક્રિયા' વાર્તામાં લેખકે ઉચ્ચવર્ણ અને દલીલ વર્ગના લગ્નને કારણે કેવી સ્થિતિ સર્જાય છે એની પ્રતિક્રિયા આપી છે. તે દ્વારા આપણી વર્ણવ્યવસ્થાની પારાશીશી રજૂ કરી છે.

આ વાર્તામાં ઉચ્ચ વર્ણની ચંદ્રપ્રભા અને કહેવાતા દલિત યુવાન અશોક સાથે પ્રેમસંબંધ બંધાયો અને બંનેએ લગ્ન કરી દીધાં, પરંતુ એ સંબંધ સગાંસંબંધીઓને મંજૂર ન હતો. એક વાર બંને વચ્ચે નાની સરખી બાબતમાં તડાતડી થતાં વિખૂટાં પડ્યાં. બંનેનો અહમ્ ટકરાયો આને કારણે બંને પક્ષ કેવી વિવશતા સર્જાય છે એનો અસરકારક ચિતાર આપ્યો છે.

'કટકા' પ્રણયચેષ્ટા, 'સમસ્યા', 'ગતિભ્રંશ', 'ઈચ્છાનિદ્રા', 'શ્યામજી – ઘનશ્યામજી' ઇત્યાદિ પ્રમાણમાં સામાન્ય કક્ષાની વાર્તાઓ છે, પરંતુ લેખકે વાર્તાસંગ્રહનું શીર્ષક આપ્યું છે એ 'હણહણાટી' ધ્યાનાર્હ વાર્તા છે.

આ વાર્તામાં સીતાપુરની કુંવરીબાના ખવાસ અને અંગરક્ષક મહિપાલનાં સોનેરી સ્વપ્નો ભાંગીને કેવાં ભુક્કા થઈ જાય છે એનું આલેખન પ્રતીકાત્મક રીતે કર્યું છે. ઓછામાં ઓછાં પાત્રો અને આછેરી ઘટનામાં માણસની

મનોદશાને અસરકારક રીતે લેખકે વર્ણવી છે.

કનકપુરના રાજાએ મહિપાલ નામના એક દાસીપુત્ર – ખવાસને ઘોડારના ખાસદાર તરીકે કામગીરી સોંપેલી. પોતાની હોશિયારીથી ક્રમશઃ રાજાનો પ્રીતિપાત્ર બનીને રાજકુંવરીબાના અંગરક્ષક તરીકે બનેલો. ત્યારબાદ રાજાએ એને યૌદ્ધો બનાવેલો. સીતાપુરનો વિગ્રહ ઠારવામાં એ સફળ થતાં રાજાએ પોતાના ખાસ સેવક તરીકે કનકપુરથી સીતાપુર મોકલેલો. મહિપાલે સીતાપુરનો બળવો શમાવ્યો હોવાથી રાજાનો પ્રીતિપાત્ર બની તારણહાર થયેલો. પાંચ વર્ષે રાજાનું તેડું થતાં મહિપાલ સીતાપુરથી કનકપુર જવા નીકળે છે.

મહિપાલ રાજકુંવરીબાના અંગરક્ષક તરીકે રહેલો ત્યારે એણે રાજકુંવરીબાનો બેત્રણ વાર જીવ બચાવ્યો હોવાથી રાજા, મહારાણી અને રાજકુંવરીબાનો પ્રેમ સંપાદિત કરેલો. એક વાર કુંવરીબા હીંચકે ઝૂલતાં ઝૂલતાં નીચે પડતાં બચાવેલ એ જ રીતે વનમાં ફરવા ગયેલ કુંવરીબાને ઝરખના હુમલાથી બચાવેલ હોવાથી મહિપાલને એમ લાગે છે કે એ કુંવરીબાનો પ્રીતિપાત્ર છે એટલું જ નહીં કુંવરીબાના પ્રેમમાં છે. પરિણામે કનકપુરના રાજાનું તેડું આવતાં એ સ્વપ્નના હિંડોળે ચઢે છે.

પરંતુ કનકપુર પહોંચતાં જ્યારે કુંવરીબા સાથે મુલાકાત થતાં ખબર પડે છે કે આ એનો એક પક્ષી પ્રેમ હતો, કારણ કુંવરીબાના મનમાં તો મહિપાલ માત્ર ને માત્ર દાસીપુત્ર, ખવાસ અને સામાન્ય અનુચર સિવાય કોઈ જ ન હતો. પરિણામે એનું સ્વપ્ન કેવું ભાંગીને ચૂરેચૂરા થઈ જાય છે !

સીતાપુરનો આ વીર યૌદ્ધો માનહાનિ પામીને કોઈને પણ મળ્યા સિવાય ઘોડાની હણહણાટીની જેમ પરત ફરે છે એનું અસરકારક આલેખન વાર્તાકારે કર્યું છે :

"ઘોડાની હણહણાટી એનામાં પ્રવેશી, આખા શરીરમાં ઘણઘણાટી ઊપડી, દેહમાં દટાઈ બેઠેલા ભીરુ હૃદયમાં વીજસંચાર થયો. બાવડાં ફૂલ્યાં, પગમાં જાણે ખરીઓ ફૂટી, ચહેરો ઘોડાની જેમ ડોલવા લાગ્યો. અનાયાસે એના મોંથી કશુંક હણહણાટી જેવું વછૂટ્યું. સામે ઊભેલો અનુચર એનું બદલાયેલું રૂપ જોઈને ધ્રૂજી ઊઠ્યો. સામે જ તરવરિયો તોખાર, એના પલાણ અને ડામણ ફેલાવી પગ ઊંચા કરી ખરીઓ ભોંય પર પછાડતો હતો. એ ઊછળ્યો, હરપળે પહેરાવી દીધેલું ખવાસનું મહોરું નામશેષ થઈ ગયું હતું... રાતીચોળ નજરથી સોંસરો તિરસ્કાર છોડી ઘોડો હંકારી મૂક્યો... આઘે આઘે ઊડતી ધૂળની ડમરીમાંથી છૂટેલી હણહણાટી સંભળાઈ" (પૃ. ૨૧૭)

સાચે જ શીર્ષકને સાર્થક કરતો વાર્તાનો અંત કેવો ચોટદાર છે !

આમ આ વાર્તાસંગ્રહની વાર્તાઓની વિષયવસ્તુ, પાત્રો, પ્રતીકો, સંવાદ, વર્ણનો, ભાષાશૈલી ઇત્યાદિને કારણે મોહન પરમારને એક ઉચ્ચ કોટિના સક્ષમ વાર્તાકાર તરીકે ઉજાગર કરે છે.

**જેમ ગાડીમાં, તેમ ગામમાં**

સ્ટેશન પર ટિકિટ લેવા અનેક લોકો આવે છે. ટિકિટ-બારી પાસે સો માણસ ઊભા છે. દરેકને જુદી જુદી જગ્યાની ટિકિટ જોઈએ છે. બીજાને દૂર હડસેલીને તે પોતાની ટિકિટ લેશે. એકમેક સાથે કોઈ સંબંધ નથી. એક જ ગાડીમાં અડધો કલાક સાથે બેઠા રહેશે. કોઈ એક ઊતરી જશે તો બીજો આવશે. પાસેવાળા સાથે કશો સંબંધ નહિ.

જે ગાડીમાં થાય છે તેવું જ ગામમાં પણ થાય છે. ગામમાં સૌ પોતપોતાના સ્વાર્થમાં મગ્ન છે. એમાંથી કોઈ મરી જાય છે, કોઈનો જન્મ થાય છે. કોઈનો કોઈનીયે સાથે સંબંધ નહિ.

પ્રાંત-નિર્માણ થઈ ગયું. રાષ્ટ્ર-નિર્માણ થઈ ગયું, પરંતુ હજી ગ્રામ-નિર્માણ થયું નથી. આ અજબ વાત છે. મકાનના બીજાત્રીજા મજલા બની ચૂક્યા છે, પરંતુ નીચેનું ભોંયતળિયું નથી બન્યું !

**વિનોબા ભાવે**

# કેળવણી વિશે...

**સંધ્યા ભટ્ટ**

પરમ આદરણીય નાનાભાઈ ભટ્ટને આપણે ઋષિતુલ્ય કેળવણીકાર તરીકે ઓળખીએ છીએ. તેમનું કેળવણીચિંતન એટલું પ્રગાઢ હતું કે રાત્રે પથારીમાં બેઠા થઈ અર્ધજાગ્રત અવસ્થામાં તેઓ વક્તવ્ય આપવા લાગતા. પ્રસ્તુત પુસ્તકના લેખક નાનાભાઈ ભટ્ટના પુત્ર ભરત ના. ભટ્ટ છે અને આ વાત તેમણે આ પુસ્તકના નિવેદનમાં લખી છે. લેખક કહે છે, 'હું અધ્યાપક તરીકે લોકભારતીમાં ૧૯૭૧માં સ્થિર થયો પછી મને પણ આવી ટેવ છે તે જાણવા મળેલું.' આમ, શિક્ષક તરીકે જેમના મન-હૃદય-આત્મા સમગ્રપણે કેળવણીથી જ રસાયેલાં – પોષાયેલાં છે તેવા ભરત ના. ભટ્ટ તેમના કેળવણીવિષયક લેખોના સંચય તરીકે આ પુસ્તક આપે છે.

તેઓ જ્યારે શિક્ષક તરીકે કાર્ય કરતા ત્યારે જે ચિંતન ચાલતું તે વર્ગમાં અને છાત્રાલયસંચાલનમાં જ પ્રગટ થતું, પરંતુ ૨૦૦૦ની સાલમાં નિવૃત્ત થયા બાદ ગુજરાતભરની નઈ તાલીમની સંસ્થાઓમાં વક્તવ્ય આપવા માટે જવાનું શરૂ થયું ત્યારે તૈયારીરૂપે જે નોંધો થતી તેના પરથી લેખ લખવાનું શરૂ થયું. આ રીતે 'કોડિયું'માં અને અન્યત્ર પ્રગટ થયેલા લેખો અહીં સંગૃહિત થયા છે.

આ પુસ્તકને 'ચેતનાની ખેતી' શીર્ષકથી ગુણવંત શાહ દ્વારા પ્રસ્તાવના મળે છે. ગુણવંત શાહ લખે છે, 'જે વિચારો ભરતભાઈએ પ્રગટ કર્યા તેમાં વૈચારિક સઘનતાનું જે તત્ત્વ છે તે એવું સૂચવે છે કે એમણે પિતાશ્રીનો ઉદાત્ત વારસો શોભાવ્યો છે.' (પૃ. ૮)

પુસ્તકની અનુક્રમણિકામાં બે વિભાગ છે. એકથી બાવીસ લેખ 'લેખો' શીર્ષક અંતર્ગત છે અને બીજા દસ લેખો 'રેખાચિત્રો' અંતર્ગત છે. 'નઈ તાલીમની સંસ્થામાં કાર્યકરોની ગૃહસ્થી' શીર્ષકથી ત્રણ લેખ છે, જેમાં શિક્ષણસંસ્થામાં કાર્ય કરતા કાર્યકરોનું કુટુંબજીવન, તેમની જીવનશૈલી, તેમનો મહિલાઓ પ્રત્યેનો અભિગમ, પત્ની તથા સંતાનો સાથેનો વ્યવહાર, ગુપ્તતા-નિખાલસતા વચ્ચે વિવેક, વગેરે વિશે વાત થઈ છે. આ તમામ મુદ્દે મૂળ લક્ષ્ય જીવનઘડતરનું છે. તે માટે ગાંધીજીવનદર્શનને પોતાની નજર સામે રાખવાનું છે, પણ આમ છતાં તેઓ કહે છે, 'માણસની મૂળભૂત, સહજ કે નિસર્ગદત્ત વૃત્તિઓના આવિષ્કારના યા પ્રગટીકરણના મુદ્દે તેમ જ તે અંગેના શિસ્ત, આચારસંહિતા, માપદંડ, માત્રા તથા સ્વરૂપ બાબતે આપણે ગાંધીવિચારથી થોડા અલગ ચાલવું પડશે.' (પૃ. ૧૭)

લેખક જીવનરસના સમર્થક છે. તેમના મતે ગાંધીજીની કક્ષાની વ્યક્તિઓ માટે દમન-નિગ્રહનો સાચો માર્ગ છે, પરંતુ ગાંધીજીના અને આપણા જેવા સામાન્ય જનના મનોબળ વચ્ચે બે ધ્રુવો જેટલું અંતર છે. અહીં તેમણે સંસ્થાના પરિવારની ગૃહિણીઓ માટે પણ કેટલાક માર્ગદર્શક સૂચનો કર્યાં છે. સંસ્થાના કાર્યકરની ગૃહિણીઓએ મૂલ્યો અને પરંપરા સાચવવાના છે, પ્રેમનું વાતાવરણ અસ્ખલિત રચવાનું છે, બિનજરૂરી સંગ્રહખોરી ટાળીને ટ્રસ્ટીભાવ કેળવવાનો છે, બૌદ્ધિકતા કેળવવાની છે, લાગણી-કલા-અહિંસાનું વહન કરવાનું છે અને અન્ય મહિલાઓ પ્રત્યે ઈર્ષ્યા અને સ્પર્ધાભાવને દૂર કરવાનો છે.

'૬૫મા સ્વાતંત્ર્યદિને' શીર્ષક હેઠળના ત્રણ લેખોમાં ભારતે પોતાની સાંસ્કૃતિક ઓળખને સાર્થક બનાવવા માટે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ તેની ચર્ચા થઈ છે. આપણી પ્રજાની મૂળભૂત નબળાઈઓને તેમણે તપાસી છે. તેઓ કહે છે આપણે નથી પૂરા આસ્તિક કે નથી સંપૂર્ણ નાસ્તિક, નથી પૂરા ભૌતિકવાદી કે નથી સાચા આધ્યાત્મિક, નથી ભણેલા કે નથી અભણ. વાસ્તવમાં આપણે પોતાપણું છોડી

પારકાપણું હાંસલ કરવા દોડીએ છીએ. આપણા દેશની સમસ્યાઓને તેમણે બરાબર પારખી છે. તેઓ કહે છે આપણી વર્તમાન હીન દશાનું કારણ આપણાં શિક્ષણ, ધર્મ તથા રાજકીય આગેવાનીમાં વેઠેલો સડો છે. અનિવાર્ય અનિષ્ટ એવી ચૂંટણીને કારણે વેડફાતા પારાવાર સમય, શક્તિ અને નેતાઓના ભ્રષ્ટાચારની તેમણે પીડા સાથે વાત કરી છે. આપણા દેશના આંતરિક વિખવાદો અને વિવાદો તથા ભાષા, પ્રદેશ, જાતિ અંગેના સંઘર્ષો એટલા છે કે ભારતના રાષ્ટ્રીય આત્માને લૂણો લાગ્યો છે. આ સમસ્યાના ઉપાય તરીકે તેઓ જનઆંદોલન, રાઈટ ટુ રીકોલ, સ્વાયત્ત સ્તંભોની પ્રામાણિક સક્રિયતા, સસ્પેન્શન, સમવાયતંત્ર, વગેરે સૂચવે છે.

વ્યક્તિત્વઘડતર માટે પ્રેમ એ શ્રેષ્ઠ માધ્યમ છે. જુદાજુદા પ્રસંગો બતાવીને તેઓ દર્શાવે છે કે શિક્ષકમાં બાળકો પ્રત્યે કેવો વાત્સલ્યભાવ હોવો જોઈએ. આ માટે શિક્ષકમાં નિર્ભયતા અને ધીરજની જરૂર છે. વિદ્યાર્થીને હૂંફ, તૃપ્તિ અને સ્વાતંત્ર્ય મળવાં જોઈએ. જ્ઞાનની સાથે વિદ્યાર્થીમાં ચારિત્ર્યનિર્માણ પર તેઓ ભાર મૂકે છે. ગુરુનો – શિક્ષકનો શિષ્ય-વિદ્યાર્થી માટેનો પ્રેમ સહજ હોય. અનુભૂતિજન્ય હોય. ગુરુ ઇચ્છે કે ન ઇચ્છે તેનાથી શિષ્યને પ્રેમ કર્યા વગર રહેવાય જ નહીં. માતાનું વાત્સલ્ય કેવળ સંતાનને જ પ્રસન્ન નથી કરતું, તે ખુદ માતાને પણ પ્રસન્નતા અર્પે છે; ગુરુનો શિષ્યપ્રેમ પણ આવો હોય છે.

નઈ તાલીમે કેળવણીમાં અનુબંધ, શ્રમ, માતૃભાષા, પ્રેમ, વગેરેને પોતાના પાયાના સિદ્ધાંતોમાં સ્થાન આપ્યું છે. લેખક કહે છે કે નઈ તાલીમ એ કોઈ પદ્ધતિ, સાધન કે માધ્યમ નથી; તે મૂળે તો માનવજીવનનું તત્ત્વજ્ઞાન છે. આ વાત તેમણે નઈ તાલીમના સિદ્ધાંતો અને તેના અમલીકરણ દ્વારા બતાવી છે.

'ગુરુ અમૃતકી ખાન' શીર્ષકથી તેઓ કબીરની ફિલસૂફી સમજાવે છે અને ગુરુનાં લક્ષણો વર્ણવે છે. શંકરાચાર્યજીએ 'ગુર્વષ્ટકમ્' નામે સ્તોત્ર લખીને તેમાં સર્વ પ્રાપ્તિ છતાં પણ ગુરુ ન મળ્યા તો કાંઈ જ નથી મળ્યું તેમ કહી ગુરુનો મહિમા ઉપસાવ્યો છે. ગુરુ જ્ઞાની હોય, ગુરુ શીલવાન હોય, ગુરુ પ્રેમાળ હોય, ગુરુ કર્મશીલ હોય. બે-ત્રણ ગુરુ-શિષ્યની જોડીમાં તેઓ કૃષ્ણ-અર્જુન અને ગાંધી-વિનોબાની વાત કરે છે. શિષ્યમાં પણ જ્ઞાનતૃષા, નમ્રતા, પરિશ્રમ અને સ્વમૂલ્યાંકનના ગુણો હોવા જરૂરી છે.

લેખક દુઃખને વરદાન સમાન ગણાવે છે, કારણ કે દુઃખ આપણને ઘણું શીખવાડે છે. દુઃખના કારણ પરિસ્થિતિજન્ય અને મનોજન્ય હોય છે. વાસ્તવિકતાનો અસ્વીકાર, વધારે પડતું ભૌતિક સુખ, નબળું મનોબળ, અસંતુષ્ટ માનસ, વગેરે દુઃખનાં કારણો હોય છે. કેટલાંક દુઃખ ભવિષ્યના સુખ માટેની ભૂમિકા પૂરી પાડે છે.

દુઃખ અનેકવિધ રૂપે આપણી બાહ્ય સજ્જતાનું, આંતરિક સ્વસ્થતાનું તેમ જ ખુમારીનું કારણ બને છે. તેના થકી આપણે આપણને જ પામીએ છીએ. દુઃખ એટલે સંઘર્ષ. ઊર્જાની ઉત્પત્તિના પાયામાં સંઘર્ષ રહેલો છે. કોઈ પણ પ્રકારની ગતિ માટે સંઘર્ષ (ઘર્ષણ) અનિવાર્ય છે. માનવીને પણ આગળ વધવા માટે ગતિ-પ્રગતિ માટે વિઘ્ન, આપત્તિ, દુઃખ વગેરેરૂપી સંઘર્ષની જરૂર પડે છે.

ઇતિહાસ અને ભૂગોળને તેઓ જિગરજાન મિત્રો ગણાવે છે. આ શબ્દની વ્યુત્પત્તિથી માંડીને આ વિદ્યા કેવી મહાસાગર જેવી છે તેની વાત તેઓ બે પ્રકરણમાં કરે છે. 'સ્વાન્તઃ સુખાયથી સહયોગ સુધી' શીર્ષક અંતર્ગત બે પ્રકરણોમાં તેઓ વાચક, લેખક અને પ્રકાશકની વાત મૂકે છે. આ લેખો દ્વારા પુસ્તક પ્રકાશન અંગેની ઝીણી ઝીણી વાતોની ખબર પડે છે.

'રેખાચિત્રો' – આ બીજા ભાગમાં દસ લેખો છે જેમાં વ્યક્તિચિત્રો મળે છે. નાનાભાઈ ભટ્ટ, જુગતરામ દવે, મનુભાઈ પંચોળી – ગુરુ તરીકે અને મનુભાઈ પંચોળી – વાલી તરીકે, મૂળશંકર ભટ્ટ, બુચભાઈ, રતિભાઈ, હરભાઈ, ગિજુભાઈ અને મહેતાસાહેબ – આ મૂલ્યનિષ્ઠ શિક્ષણકારો વિશે વાંચતાં ઘણું ઘણું ભાથું મળે. આ વ્યક્તિચિત્રોના આલેખનમાં કેટલાંક વાંચવાલાયક પુસ્તકો અને મૂલ્યનિષ્ઠ સંસ્થાઓના સંદર્ભો પણ મળે છે જે નવી પેઢીએ જાણવા જોઈએ. કેળવણીને સંગીત કહીએ તો કેળવણી માટેની સાધનાને 'સા' ગણીએ અને આ સંગીતની ઉપાસના કરીએ.

# રજની વ્યાસની ચિરવિદાય

**પ્રફુલ્લ રાવલ**

આજીવન પોતાને ચિત્રકળાના વિદ્યાર્થી માનતા રજની વ્યાસનું ૨૨ ઑગસ્ટ, ૧૯૧૮ને બુધવારે અવસાન થયું. પારંપરિક શૈલીના એ ચિત્રકાર હતા. 'કુમાર'માં આવતા ચિત્રોનું એમને ભારે આકર્ષણ હતું અને જ્યારે નાનપણમાં 'કુમાર'ના અંકો એમને મળ્યા ત્યારે એમની અંદર બેઠેલો ચિત્રકાર પ્રફુલ્લ વદને એમાંનાં ચિત્રો જોતો રહ્યો. ચિત્ર પ્રત્યેની રુચિને વેગ મળ્યો અને એ રુચિએ પહોંચ્યા ભરૂચથી મુંબઈ – જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં. મુંબઈમાં રહેવાની સગવડ નહોતી અને કલાના વિદ્યાર્થીને હૉસ્ટેલમાં પ્રવેશ શક્ય નહોતો, રજની વ્યાસે ખાલસા કૉલેજના આર્ટ્સમાં પ્રવેશ લીધો અને રહેવાની સમસ્યાનો હલ નીકળ્યો. કલાની યાત્રા આરંભાઈ. ૨૩ સપ્ટેમ્બર, ૧૯૩૩માં બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા રજની વ્યાસનું પહેલું ચિત્ર 'વંદે માતરમ્' પ્રસિદ્ધ થયેલું. ત્યારે એમને બેસુમાર આનંદ થયેલો. વળી એ કાળે રવિશંકર રાવળના શિષ્ય ભીખુ આચાર્યનો સંપર્ક થયો એટલે એમની ચિત્રકળાને નવો આયામ મળ્યો. 'ચિત્રલેખા'ના વજુ કોટકે એમની કળાને સધિયારો આપ્યો. મુંબઈના વાતાવરણ એમને પ્રિય એવી પ્રવૃત્તિ મળતી રહી. 'ધર્મયુગ'માં આવેલાં રેખાંકનોએ એમને પ્રતિષ્ઠા આપી. એમણે 'નવચેતન'માં લખેલી સ્મરણકથા 'બારીમાંથી આકાશ'માં સહુનું કૃતજ્ઞભાવે સ્મરણ કર્યું છે.

મુંબઈ ફાવી ગયેલું, પણ નસીબ એમને અમદાવાદ લઈ આવ્યું. એ ૧૯૫૬ની સાલ હતી. 'ગુજરાત સમાચાર'માં જોડાયા. ઠીક સમય ત્યાં રહ્યા. પછી 'સંદેશ', 'સમભાવ' અને છેલ્લે 'દિવ્ય ભાસ્કર'માં રહીને પત્રકારત્વ ક્ષેત્રે મહત્ત્વની કામગીરી કરી. એ છાપાંઓની પૂર્તિઓનું સંપાદન – સુશોભન રજનીભાઈનું રહેતું. સાથે અન્ય સાપ્તાહિક – સામયિકોમાં એમનાં ચિત્રો પ્રગટ થતાં. એમણે અનેક પુસ્તકોનાં મુખપૃષ્ઠો બનાવ્યાં. ચિત્ર સાથે લેખન પણ કર્યું અને ખાસ તો ચરિત્રાત્મક સાહિત્યમાં એમનું પ્રદાન વિશિષ્ટ રહ્યું છે. '૧૧૧ ગરવા ગુજરાતીઓ' જેવું પ્રકાશન એની સાહેદી પૂરે છે. એમણે લખેલું 'પુરુષોત્તમ ગ. માવળંકર : એક સન્નિષ્ઠ જીવન' એ જીવનચરિત્ર તો ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત પણ થયેલું. 'ગુજરાતની અસ્મિતા', 'મૂઠી ઊંચેરાં ગુજરાતીઓ', 'વિશ્વવિજ્ઞાનકોશ' ઇત્યાદિ એમનાં અન્ય પ્રકાશનો છે. 'ધર્મલોક', 'ઝગમગ', 'બુલબુલ', 'વિજ્ઞાનબંધુ' જેવાં સામયિકોના તંત્રી રહેલા. જીવનનાં છેલ્લાં વર્ષોમાં એમણે 'નવચેતન'નું તંત્રીપદ સંભાળેલું અને 'નવચેતન'ને નવો ઓપ આપેલો. એ ગુજરાતી સામયિક જગત વિશિષ્ટ ઘટના છે.

રજની વ્યાસનું બાળસાહિત્ય ક્ષેત્રે પણ ન ભુલાય એવું પ્રદાન છે. 'અતુલ્ય ભારત' એમનું મહત્ત્વનું પ્રકાશન છે. 'ગુજરાતી બાલવિશ્વકોશ'માં એમનું કલાનિદર્શન જોઈ શકાશે.

સ્વભાવે નિખાલસ, વ્યવહારમાં સૌમ્યતા, આડંબર તો ફરકે પણ નહીં એમની નજીક. પોતાની વાત અચકાતાં અચકાતાં કરે એવા આત્મકેન્દ્રી, છતાંય એમનો પ્રેમનો ઝરો ક્યારેય સુકાય નહીં. ગુજરાત વિશ્વકોશ અમારા સંબંધનું માધ્યમ. ટૂંકા ગાળામાં એમની આત્મીયતાનો અનુભવ થયો. એમના અવસાને મેં તો સાચ્ચે જ સ્વજન ગુમાવ્યા છે.

# મૂઈર એડવીન (૧૮૮૭-૧૯૫૯)

સુરેશ શુક્લ

મૂઈરનો જન્મ (સ્કોટલેંટ) ડીરનેસ, ઓર્કેનીમાં થયો, પિતાનો વ્યવસાય ખેતીનો, બાળપણ નાનકડા ટાપુ વેરમાં વિતાવ્યું પણ ઈ. સ. ૧૯૦૧માં કુટુંબ ગ્લેસગોમાં સ્થાયી થયું. કુટુંબની જરૂરિયાતોને પહોંચી વળવા માટે એડવીને બીયરની કંપનીમાં 'બોટલીંગ એટેન્ડન્ટ' તરીકે કામ કર્યું. થોડા સમયમાં કંપનીના અધ્યક્ષે એમની કદર કરીને કંપનીના કાર્યાલયમાં કામ આપ્યું જેથી આર્થિક લાભ મળે. અચાનક કુટુંબમાં ત્રણેક સ્વજનો ગુમાવ્યા એ અંગેની વિગતે વાત એમણે આત્મકથામાં કરી છે. ઈ. સ. ૧૯૧૯માં મિસ વીલા એન્ડરસન સાથે લગ્ન કર્યાં. ઈ. સ. ૧૯૨૧માં યુરોપનો પ્રવાસ કર્યો. મૂઈરે ડ્રેસ્કનમાં સ્થાઈ થવા માટેનું આયોજન કરેલ. પાંત્રીસ વર્ષની વયે એમણે કાવ્યયાત્રા શરૂ કરી અને કાફકાના સાહિત્યનો અનુવાદ અંગ્રેજીમાં આપવાનું કામ કર્યું. પણ કવિ તરીકે બાળપણમાં જે કથાકાવ્યો (સ્કોટીશ) એમણે સાંભળ્યાં હતાં. એ પ્રકારની કથાવસ્તુને દીર્ઘ કાવ્યોમાં રજૂ કરી છે. સુજ્ઞ અભ્યાસીઓને વોલ્ટર સ્કોટ અને લોર્ડ ટેનીસનનું સ્મરણ થાય. મહદ્અંશે એમની પૌરાણિક પાત્રોની પસંદગીમાં ઓડિસિયસ, ઈડિપસ, ઓરફિયસ, એકીલસ અને પ્રોમિથિયસ છે. એમના અગત્યના કાવ્યસંગ્રહોમાં : 'ધ વોયેજ', 'ધ એસકેઈપ' અને 'ધ જર્ની લૉ.'

મૂઈરે એમની કાવ્યયાત્રાને સમજદારીપૂર્વક, સભાનપણે એમના સમકાલીન કવિઓ કરતાં (રોબર્ટ ગ્રેવ્ઝ, ચાર્લ્સ ટોમીલસન, વિલયમ એમ્પસન) કાંઈ નવું વલણ અપનાવવા પ્રયત્ન કર્યો છે. કાવ્યરસિકોને એમની કવિતામાં પ્રવર્તતી, ભાષાશૈલી, છંદોરીતિ, અલંકાર યોજના અને વિષયની પસંદગીમાં નવીનતા અચૂક લાગે : એ કવિના શબ્દોમાં જોઈએ :

> 'One foot in Eden Still, I stand
> And look across the other land
> The world's great day
> in growing late
> yet these strange fields that we
> have plasted
> So long with crops of
> love and hate.'

(One foot in Eden)

**'ધ વેસાઈડ સ્ટેશન' :**

આ કાવ્ય 'નેરો પ્લેઈસ' કાવ્ય સંગ્રહમાંથી છે. એડવીન આર્નોલ્ડે 'ટુંડીફુડ' ઑફિસમાં સામાન્ય ક્લાર્કની નોકરી ઈ. સ. ૧૯૪૦-૪૧ દરમિયાન કરી એ દિવસોમાં તે સેંટ એન્ડુઝમાં રહેતા અને અવરજવર કરવા માટે વહેલી સવારે 'હાઈવે સ્ટેશન'થી ટ્રેનમાં મુસાફરી કરતા શિયાળાની સવારે ટ્રેનની પ્રતીક્ષા કરતાં ઊંચે આકાશ તરફ નજર કરીને જોયું તો ટ્રેનનો ધુમાડો સર્પની ગતિએ ધીમે ધીમે ખેતર અને વાદળો તરફ ફેલાતો હતો. એનું વાર્તાકાર કવિના શબ્દોમાં જોઈએ :

> 'I watch the smoke term from
> the funny engine
> Crawling across the field in
> serpent sorrow...'

ધીમે-ધીમે સૂર્યોદયને લીધે અવનિમાં વાદળીઓની જાણે હરીફાઈનું નિરીક્ષણ પણ કવિ મુગ્ધ મને કર્યા કરે છે. બીજી તરફ કવિને દૂર રહેલા સાગરનાં મોજાં ઊછળતાં સંભળાય છે, પણ સૂર્યનાં કિરણો કવિના મનને તાજગી અને પ્રેમનો ઉલ્લાસ પ્રેરે છે. પણ જાણે દિવસ દરમિયાન જે પેટિયુ ભરવા માટે દોડાદોડ કરવાનું સ્મરણ થતાં કહે છે :

> 'Here is a day again...
> Unwillingly Now the sad cattle

wake
In every byre and stall...'

કવિ પ્રકૃતિએ સર્જેલા રમ્ય વાતાવરણનું સ્મરણ કરતાં નોકરીના કાર્યભારનું સ્મરણ કરાવે છે. ફરી એક વાર પેલી નાની ટેકરી ઉપરનાં વૃક્ષો જાણે ચોકી કરી રહ્યાં હોય એવી કલ્પના કરતાં કહે છે :

'Great and mysterious, as deep
hills of snow,
An inaccessibie land...'

કવિ રોજના કાર્યભાર હેઠળ પણ પ્રકૃતિનું મનોમન સ્મરણ રાખીને હળવાશ અનુભવે છે. કવિના અંતરંગને જાણનારી અને એમના સુખદુઃખની સંગિની કવિતા કવિને જે કાંઈ ઑફિસકાર્યમાં વેઠિયાગીરી કરવી પડે છે એ ભૂલવાનો પણ પ્રયાસ છે.

**'ટ્રાન્સરેગ્યુરેશન' (રૂપાંતર)**

કવિએ અલૌકિક શક્તિમાં અખૂટ શ્રદ્ધાની વાત કરી છે. વિરાટ બ્રહ્માંડને મુકાબલે શૂન્ય સમા દેખાતા માનવની ક્ષુદ્રતાની વાત કર્યા પછી સેંટ મેથ્યુના ગોસ્પેલનું સ્મરણ કરવા કવિ સહજ રીતે કહે છે :

'... did we see that unseable our
glory of the ever lasting world.
Christ discruierucified his death
undone.
His agony unmade his cross
unmanted his cross dismantled.
Be quite undone, and never more
be done.'

એ મહામાનવનો વધસ્તંભ થયો નથી. ઐક્ય આદિશુભ ભાવનાઓનું નિરૂપણ તેમણે કર્યું છે. મધુર ભાવનાવાળાં યુગલોના ત્યાગમય જીવન આદર્શનું સૌ સ્મરણ રાખે એવી કવિની શીખ છે.

**ટ્રાન્સમ્યુટેશન (બદલાવ)**

આ કાવ્ય 'ધ વૉયેજ' કાવ્યસંગ્રહમાંથી છે. ઈ. સ. ૧૯૩૯માં કવિએ બ્રિટિશ કાઉન્સિલ, એડીનબર્ગમાં સેવા આપવાનું શરૂ કરેલું. એ સમયે એમણે 'ધ સ્ટોરી એન્ડ ધ રૂબલ' પણ પ્રસિદ્ધ કરેલું. આપણા વિશ્વમાં પ્રથમ વિશ્વયુદ્ધ પછી તુરત જ જાણે પ્રલયકાળની જ્વાળાઓ એવી પ્રસરી પરિણામે ચોમેર અશાંતિ અને કલહનાં વાદળો છવાયાં. માનવતાવાદી વલણ ક્યાંય ન મળે. સુખનાં શિખરો પર મુઠ્ઠીભર લોકો એક તરફી અડ્ડો લગાવીને બેઠા. આ કારણ કવિ શરૂઆતથી જ આપણને વેદનાનો સૂર સંભળાવે છે...

... We who fall
Through times long rain should
weave this phantom ground.

કાવ્યમાં કવિની સમાજ તરફની દૃષ્ટિમાં કાંઈક આક્રોશ જણાય છે. આખાય વિશ્વને જાણે માત્ર કરુણ નહિ પણ નિર્બળ બનાવનાર તત્ત્વો કામ કરી રહ્યાં છે. કવિની કોઈ વિશિષ્ટ શૈલી નથી પણ ક્યારેક નાદાની અને નિગૂઢતાનું ત્રસ્ત કરતું મિશ્રણ છે. કવિએ સભાનતાપૂર્વક માનસશાસ્ત્રીય વિશ્લેષણને અગત્ય આપી છે. આ કદાચ પ્રવર્તમાન સામાજિક, રાજકીય અને વૈજ્ઞાનિક વિચારસરણીનો પ્રભાવ હોઈ શકે. આ પ્રકારના બદલાવને પણ કવિ સરળતાથી સ્વીકારવા તૈયાર નથી. એટલા માટે તેઓ કહે છે :

'And so transmuted stand beyond
all change...

આ રીતે કાવ્યયાત્રા અશ્રદ્ધામાંથી ગૂઢવાદ તરફ ગતિ કરતી જણાય છે.

**ધ ગુડ ટાઉન :**

ઈ. સ. ૧૯૪૫માં ઈડવીન મૂઈરે ઝેકોસ્લેવિયાની બ્રિટિશ કાઉન્સિલમાં (પ્રેગ) મુખ્ય અધ્યક્ષ તરીકે સેવા આપી. વર્ષો પહેલાં એમણે પ્રેગમાં કામ કર્યું હતું. જ્યારે કોમ્યુનિસ્ટ પક્ષે (૧૯૪૮) ઉપદ્રવ કર્યો હતો એ વખતે એમને અચાનક પ્રેગમાંથી નીકળી જવાની ફરજ પડેલી. આ કાવ્યમાં કવિ એક 'ગુડ ટાઉન' અને 'બેડટાઉન.' જે શહેરમાં વર્ષો સુધી રહીને નિશ્ચિંત રીતે કામ કર્યું હતું. એ જ શહેરના રાજકીય વાતાવરણમાં બદલાવ આવ્યો અને એ શહેરના જ કવિ 'બેડટાઉન' કહે છે. 'શહેર...'

એક પ્રતીક છે, સમગ્ર યુરોપના અચાનક અવનવા અનુભવ કરવા પડ્યા. સામાજિક ધોરણોમાં બદલાવને કારણે લોકોની ખરીદશક્તિ ઉપર માઠી અસર થઈ. કવિ ખૂબ જ સદ્‌ભાવપૂર્વક 'ધ ડોર્સ સ્ટુડ ઓપન.' આ વિશ્વમાં ખુદ માનવ જ માનવતાનો લોપ કરવા પ્રયત્ન કર્યા કરે છે, હવે તિરસ્કારનાં જે પડ જામ્યાં છે એ દૂર કરવામાં આવે તો ભૌતિક સુખનાં શિખરોની હૂંફ સૌને મળે. કવિની એ પ્રકારની ઝંખના એમના શબ્દોમાં જોઈએ :

**.... These our houses had**
**Long fallen inlo delay but we know**
**Kindness and courage can repair time's faults.**
**There is a virtue in tranquility**
**That makes all fitting, childhood and youth and age**
**Each in its place.**
**.... When evil comes**
**All things turn adverse, and we must begin**
**At the beginning, leave the treaking world**
**Back in its place again and clamp there.**

**'ધ લેબરીન્ધ'**

ઈ. સ. ૧૯૪૫-૧૯૪૮માં જે કાવ્યો તૈયાર કર્યાં એ સંગ્રહ 'ધ લેબરીન્ધ' તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો. એ દિવસોમાં કવિ પ્રેગમાં (ઝેકોસ્લેવિયા) બ્રિટિશ કાઉન્સિલમાં કાર્યરત હતા. આ દીર્ઘ સિત્તેર કડીઓમાં છે. 'લેબરીન્ધ' એટલે કે ભુલભુલામણી, કવિએ ગ્રીક હીરો થેસિયસ અને મીનોટોરની પૌરાણિક વાતને કેન્દ્રમાં રાખી છે. થેસિયસ એ એથેન્સના રાજા એઈજસનો પુત્ર હતો. પણ રાજાએ એક મોટી તલવાર અને એમની પાદુકા એક મોટા પથ્થર નીચે મૂકીને તેણે એથેન્સનો ત્યાગ કરેલો, પણ મહેલમાંથી જતાં પહેલાં, આ પ્રકારની વાત રાણીને કરી હતી. જો એમનો પુત્ર એ મોટા પથ્થરને દૂર કરીને તલવાર લેશે તો એમને કોઈ હરાવી શકશે નહીં. આ રીતે ગ્રીકમાં થેસિયસનું મહત્ત્વ ખૂબ વધ્યું :

**Nothing without Thesus.**

મીનોટોર પણ ખૂબ જ શક્તિશાળી રાક્ષસી પ્રકૃતિનો - અડધો માનવ અને અડધો આખલાનું સ્વરૂપ ધરાવતો. મીનોટોરની પત્ની પેસીફે પણ તેના પતિ જેવી દેખાવે હતી. આ ભુલભુલામણી (ધ લેબરીન્ધ) ડેડલસે તૈયાર કરેલી, જે કોઈ ભુલભુલામણીમાં પ્રવેશે તેને કોઈ પણ પ્રકારે એમાંથી બહાર નીકળવાનો રસ્તો ન મળે. અહીં પ્રવેશ લેનાર વ્યક્તિ હંમેશાં મીનોટોરનો ભોગ બનતાં. પણ થેસિયસને આ વાતની જાણ થતાં, તેણે 'ભુલભુલામણી'માં પ્રવેશ લઈને મીનોટોરના સંતાપથી એથેન્સના લોકોને બચાવવાનો નિર્ણય કર્યો અને એ ભગીરથ કામમાં થેસિયસને સફળતા મળી. આ રીતે એથેન્સના લોકોએ થેસિયસને હંમેશાં પ્રેમ અને સદ્‌ભાવ મળતો રહ્યો. થેસિયસે સર્વનાં સુખ, શાંતિ અને અભય ચાહતો. થેસિયસ સર્વનાં સુખ, શાંતિ અને અભય ચાહતો. એ વીરપુરુષે એથેન્સમાં અમરત્વ પ્રાપ્ત કર્યું. આ રીતે કવિએ બંધુતા-પ્રેમનું કવચ ધારણ કર્યાની કથા સૌ માટે રુચિકર બને છે.*

*Referenc work : Cambridge Book of English Verse, Edited by Alan Bold

# ‘ભવોભવની ભવાઈ’ : ઇડરિયા મલકના ગામતળની જીવનઘટમાળ

પ્રેમીલા પટેલ

નવલકથાનો સાહિત્યપ્રકાર પશ્ચિમની સાહિત્યવાડીનો છોડ છે. એના ઉગમ અને ઉછેરમાં મોટી અને મહત્ ભૂમિકા મૂડીવાદી સમાજરચનાની છે. સામંતી સમાજરચનાની કૂખે અવતરેલ મૂડીવાદી સમાજ અથવા યંત્રયુગીન સમાજરચનાએ અખબારોની ઈજાદ કરી અને તેથી ગદ્યના ખેડાણનો આરંભ થયો. નવા યુગના મંડાણ અને વિકાસને પગલે ગદ્ય ખેડાતું ગયું, તેથી સાહિત્યમાં નવીન યુગને વાચા આપનાર ગદ્યસ્વરૂપો પ્રગટ્યાં. એમાં નવલકથાનો વિકાસ યંત્રયુગીન અથવા મૂડીવાદી સમાજરચના વિકાસની સાથોસાથ ચાલ્યો છે. વિશ્વમાં ખાસ તો પશ્ચિમના જગતમાં ૧૯મી સદી મૂડીવાદના વિકાસની સદી છે તો તે નવલકથાના વિકાસની સદી પણ છે.

આપણે ત્યાં તો, ઠીક ઠીક મોડો, ઓગણીસમી સદીમાં નવા જમાનાના ગદ્યનો પ્રારંભ થયો અને નંદશંકર મહેતા કૃત ‘કરણઘેલો’થી નવલકથાનો પ્રારંભ થયો. જેને ખરેખર તો આછીપાતળી કે કાચી નવલકથા કહી શકીએ. તે પછી જે સમય વહ્યો તેમાં શહેરી સમાજ, મધ્યમ વર્ગ ને પછી ગામડાના જીવનને આલેખતી નવલકથાઓ રચાઈ. ખાસ જનપદને આલેખતી જાનપદી નવલકથાઓ રચાઈ. જ્યારે ડૉ. આંબેડકરનો ઉદય થયો, દલિત યુવકોને ભાગે ઉચ્ચ શિક્ષણ આવ્યું, તેમાંથી જે દલિત ચેતના પ્રગટી તેનું પ્રાગટ્ય સાહિત્યિક ગદ્યમાંયે પ્રગટ્યું. તેનાં મૂળ અનામત વિરોધી આંદોલનની હવામાં પડેલાં છે. દલિત સાહિત્ય પ્રથમ તો પ્રગટ્યું કવિતામાં, પણ પછીથી એવી અભિવ્યક્તિની આવશ્યકતા વરતાઈ જે કવિતાસ્વરૂપમાં ન સમાઈ શખી. વિકસિત દલિત ચેતનાને દલિત સમાજના સંદર્ભમાં, એક દલિત શોષણ મુક્તિસંઘર્ષના સંદર્ભમાં આલેખવા માટે ઉચિત વાહન નવલકથા જ હતું. જૉસેફ મૅકવાને ‘આંગળિયાત’ નવલકથા આપીને એ સિદ્ધ કર્યું. મુખ્ય ધારાના નવલકથાસાહિત્યમાં જે સ્થાન ગોવર્ધનરામ અને ‘સરસ્વતીચંદ્ર’નું છે. તે જ સ્થાન દલિત નવલકથાસાહિત્યમાં જૉસેફ મેકવાન અને ‘આંગળિયાત’નું છે.

જેમ ગુજરાતી નવલકથા ‘સરસ્વતીચંદ્ર’ પછી વિકસતી જ રહી તેમ દલિત સાહિત્યમાં ‘આંગળિયાત’ પછી તો નવલકથા ખાસ વિકસતી ગઈ. દલિત સાહિત્યમાં નવલકથા ક્ષેત્રે ઠીક ઠીક કલમોને પ્રવૃત્તિ થયેલી આપણે જોઈ શકીએ છીએ. કાલે ઊઠીને એમાંથી જ વિકાસના ઊંચા પડાવો આવતા જશે.

આટલી ભૂમિકા પછી દલિત નવલકથાકાર દિનુ ભદ્રેસરિયા આલેખિત નવલકથા ‘ભવોભવની ભવાઈ’ (૨૦૧૪)* વિશે જરા વીગતે વાત કરીશું. પ્રસ્તુત કૃતિ તેમની બીજી નવલકથા છે. લેખકે પોતે તો ખુલ્લી રીતે પ્રસ્તુત નવલકથાને દલિત નવલકથા લેખે નથી ઓળખાવી. તેમણે તો એને ઇડરિયા મલકના ગામતળની જીવનઘટમાળ તરીકે આલેખી છે. પણ એ દલિત નવલકથા જ છે. એમાં કથિત સવર્ણો સામેનો સંઘર્ષ તો છે જ પછી ભલે એ શરૂઆતી હોય કે એ માટેનો ઉધામો હોય. કથિત સવર્ણો થકી થતા અન્યાય-અત્યાચાર સામે પહોંચી વળવા માટે તેથી કરમલા ગામના ટીંબે વસેલા ચાર વાસ (અલગ અલગ દલિત જ્ઞાતિઓના)ની એકતાની વાતે લેખકે લગભગ એક આખું પ્રકરણ ખરચ્યું છે. એકતા માટે મોતીની વાતને ટેકો આપતાં કુબેરવજા કહે છે : “જુઓ ભઈ, માર્ય ખાવી પડ્અ, મારવા પડ્અ, કૂઅ મારવા પડ્અ, પણ અમ્અ તો કાઠા થ્યા વના નઈ સાલ્અ.” (પૃષ્ઠ : ૪૧)

લેખકની પાસે પોતાનો અનુભવ હોય, તેના

*[‘ભવોભવની ભવાઈ’ : દિનુ ભદ્રેસરિયા, પ્રકાશન : દામિની પબ્લિકેશન, અમદાવાદ, આવૃત્તિ : ૨૦૧૪, પૃષ્ઠ : ૧૯૨]

આલેખન માટેની જીવંત મુહાવરેદાર લોકભાષા હોય તો પ્રસંગોનાં જીવંત દશ્યો તો આલેખી શકાય, પરંતુ નવલકથાના આલેખનમાં માત્ર કથા જ ન હોય, એમાં નવલતત્ત્વ પણ હોય અને તેને માટે નવલકથાકારે, એ દલિત નવલકથા હોય તોપણ, એનું સંવિધાન રચવું પડે. કથા બનેલી કહેવાતી હોય એમ નહિ, પણ બની રહેલી, બનતી જતી કથા આલેખાવી જોઈએ. તે પૂરી થાય ત્યારે એક નવીન વાસ્તવિક સૃષ્ટિની સમગ્ર છાપ વાચક પર પડે. મને લાગે છે, આટલી બાબતમાં તો નવલકથાનું મૂલ્ય આંકનાર કોઈનેય મતભેદ ન હોઈ શકે.

દિનુ ભદ્રેસરિયા કથાની માંડણી તો સરસ કરી આપે છે. જુઓ : ''છેવટે કરમલાના ટેંબા પર ના થવાનું થઈને જ રહ્યું, ડુંગરા કોરની ખાણમાં સંતાયેલાઓએ હુમલાની શરૂઆત ઓરગણાં અને સેનમાંના છાપરાંથી કરી.'' આટલા જ કથનથી લેખક આપણને એ હુમલાના દશ્યમાં રોપી દે છે. (પૃષ્ઠ : ૧) પણ બીજા જ પ્રકરણથી પાછો કથનનો દોર લેખક લઈ લે છે. મિયાંબાપુ અને ભરવાડના સંવાદમાં પાછી કથા જીવંત બને છે. માત્ર એ નાનકડા સંવાદ માત્રથી મિયાં બાપુનું પાત્ર જીવંત પાત્રત્વ ધારણ કરે છે. (પૃષ્ઠ : ૩૩) ત્રીજા પ્રકરણમાં કરમલાના ટીંબા પરના ચારે દલિત-વાસ પર થયેલા હુમલા પછીની પરિસ્થિતિનું આલેખન છે. એમાંથી એકતાની વાત ફૂટે છે. આ દલિત-એકતાવાળી ચર્ચા અલગ અલગ વાસના પ્રતિનિધિઓ દ્વારા થઈ છે તે જીવંત લાગે છે. એક એક ઉક્તિ તેને ઉચ્ચારનાર પાત્રની પાત્રરેખાઓને ઉપસાવી રહે છે.

ચોથા પ્રકરણમાં પાછું લેખકનું કથન. કરમલા ગામનાં ભૂગોળ-ઇતિહાસનું આલેખન, ફોજદાર ને ઇન્સ્પેક્ટર હુમલાખોરોને બાંધીને લઈને જાય છે એ આલેખન રસપ્રદ બને છે. એ આખું આલેખન વાસ્તવિક બન્યું છે. પાંચમા પ્રકરણનો ઠીક ઠીક ભાગ નવું પાત્ર ભોગીલાલ કચ્છી રોકે છે. છઠ્ઠા પ્રકરણમાં કલ્યાણગિરિ દલિતોને કાલી છાયાનો ડર બતાવી જમીન પરનો હક છોડી દેવા સમજાવે છે ને સફળ થાય છે.

સાતમા પ્રકરણમાં કલ્યાણગિરિ માધા જેઠાની માણકીને લઈને નાસી ગયો તે ઘટનાએ ગામમાં જે ચર્ચા ઊભી કરી છે તે વિશે છે. એમાં જ બૈરાંની એકબીજાની જાંઘ ખુલ્લી કરવા જેવી જે વાતો આલેખી છે તે કોઈ પણ રીતે નવલકથાના વાતાવરણમાં જરૂરી લાગતી નથી. એ જ રીતે આઠમા પ્રકરણમાં લેખક કહે છે તેમ, ''બીજે દિવસે સવાર પડતાં જ પાછી ગામમાં એકબીજાની આઘાપાછી કરવાનો આરંભ થયો.'' (પૃષ્ઠ : ૧૩૩) પણ આ 'આઘાપાછી'ની આલેખનામાં એક આખું પ્રલંબ પ્રકરણ ? જે વાત એક પાનામાં આપી શકાય તેમાં પાનાંનાં પાનાં રોકવાથી નવલકથાની કલાને કયો ને કેટલો લાભ થાય ?

નવમા પ્રકરણમાં મંજુબા અને તખતસિંહના પ્રસંગને જે રીતે આલેખ્યો છે તે ચટાકેદાર તો બન્યો છે પણ નવલકથાના સંવિધાનમાં જરૂરી તો જરા પણ લાગતો નથી.

દસમા પ્રકરણનો આરંભ આ રીતે થાય છે : ''શિયાળાની ટાઢમાં ઠૂંઠવાતો ગૂહાઈનો કાંઠાનો ટાઢો વાયરો કરમલામાં પણ સુસવાટા મારતો ત્યારે વેળાસર રાંધી ખાઈપાલી સૌ કોઈ ખાટલાં-ગોદળાંમાં લપાઈ જતું.'' (પૃષ્ઠ : ૧૭૦)

શિયાળાની વાત આ છેલ્લા પ્રકરણમાં આવી એટલું જ. બાકી ટાઇમ-મૅનેજમેન્ટની તો કથામાં વાત જ નથી. જાડી રીતે જોઈએ તો કથા સ્વરાજ આવ્યા પહેલાંના નજીકના ભૂતકાળની છે. અને તે સ્વરાજ્ય આવ્યા પછીની થોડીક ગતિવિધિ બાદ પૂરી શકાય છે. એટલે કહી શકાય કે સામંતકાળ ને મૂડીવાદી સમયના સંધિકાળની આ નવલકથામાં ઇડરિયા મલકના કરમલા ગામના વિસ્તારની લોક ગતિવિધિનું આલેખન છે.

ભોગીલાલ કચ્છીનું પાત્ર આ કરમલા ગામના વિસ્તારમાં નવા જમાનાનું અજવાળું પ્રગટાવે છે. તેનો લકુંબાનો કંપો વૈજ્ઞાનિક રીતે ખેતી કેમ થાય તેનું નિદર્શન કરે છે. દાંના રાંમાના દીકરા મોતીના લગ્નમાં દલિતોના ચારે વાસના લોકોને જમવાનું આમંત્રણ હોય અને તે જમણવારનો તમામ ખર્ચ ભોગીલાલ કચ્છીને માથે હોય એટલું જ નહિ, ભોગીલાલ ચારેવાસના લોકો સાથે અડોઅડ બેસીને જમે એ જૂની આંખોવાળા માટે તો નવું જોણું બની રહી.

"ભોગીલાલ કચ્છીએ જરૂર પડતાં અરધી રાતે ટેંબાના કામમાં ઊભા રહેવાનું" વચન આપ્યું તે પણ કંઈ નાની વાત હતી ?

કથાનો અંત જુઓ : "દાંના રાંમા એકીટશે ભોગીલાલ કચ્છીના ગાડાને દૂર સુધી તાકી રહ્યા હતા. આજે તેમની આંખોની ઝાંખપ ઓછી થઈ ગઈ હતી. બળદગાડાંથી ઊડતી ધૂળ જાણે મોટો વંટોળિયો બની કરમલામાંની ભવોભવની ભવાઈને ગૂહાઈ નદીના કોઈ ઊંડા ધરામાં ધરબી દેવા ફંગોળી રહ્યો હતો." (પૃષ્ઠ : ૧૮૮)

તો, જૂનો જમાનો જઈ રહ્યો છે ને નવો આવી રહ્યો છે તે નવા જમાનાનું પ્રતીક ભોગીલાલ કચ્છી છે. આટલું થયું તો બીજું પણ થશે એવી આશા કથાનો આ અંત બંધાવે છે, ભોગીલાલના કામની પ્રક્રિયા આપણે જાણીએ છીએ એટલી આલેખનમાંથી ઊપસતી નથી તેય કહેવું જોઈએ. કથામાં મોટી મુશ્કેલી સંકલનની છે અને ઘટનાના આલેખનના ઘટે તેવા પ્રમાણની છે.

સંવાદોમાં અને વર્ણનમાં બોલી પરની પકડને લીધે 'ભવોભવની ભવાઈ' વાચનક્ષમ બને છે. ટૂંકામાં એટલું જ કહેવાનું કે કથાના તાણાવાળાને બરાબર મેળવી આલેખનમાં વણાટને ઘટ્ટ કરવામાં આવ્યો હોત તો નિરૂપણમાં જરૂરી લાઘવ આવી શક્યું હોત. અને તો ટીંબો જુલમ વેઠનાર, શોષણનો ભોગ બનનાર વસતીના પ્રતીક તરીકે વિશેષ ઊપસ્યો હોત !

પાત્રચિત્રણ જોતાં એવી છાપ ઊભી થાય છે કે ખલપાત્રો તેમની ખલતાના ચિત્રણથી જેવાં વાસ્તવિક બન્યાં છે તેવાં ખલતાનો ભોગ બનનાર પાત્રો નથી ઊપસ્યાં. તેમની દરેકની જેટલી રેખાઓ આલેખાઈ છે તેટલી તો બરાબર છે પણ તેમાં હજી કેટલીક રેખાઓ ખૂટતી હોય તેમ લાગે છે.

લેખકની ઇડરિયા બોલી પરની પકડ ગજબની છે. પન્નાલાલ પટેલ અને ઉમાશંકર જોશી આ મલકના જ ગણાય પણ તેમણે જે લોકબોલી પોતાના સર્જનમાં લેખે લગાડેલી છે તેના કરતાં અલગ અને સાહિત્યક્ષેત્રે અપ્રગટ રહેલી બોલીને દિનુ ભદ્રેસરિયાએ જીવંતતાથી ખપમાં લીધી છે તે તો કહેવું પડશે. બીજી રીતે કહીએ તો નવલકથાની ભાષા પરત્વે તેમણે ઠીક ઠીક પ્રમાણમાં નવી જમીન થોડી છે, પન્નાલાલ પટેલ કૃત 'પાછલે બારણે'માં ગલબાજીનું પાત્ર વાક્યે વાક્યે 'કારણ કે' બોલે છે એ એની બોલીની ટેક છે, એમ આ ઇડરિયા પ્રદેશનાં પાત્રો 'આપરઅ જીનં' બોલે છે. જુઓ ઉદાહરણ : "આપરૂઅ જીનં આજૂઅ શ્યારેઅ વાહ બેઠા સં એટલ્અ મું કઉ સું ફ્અ આપરામાં પેંહેલી ઊસનીસની ઘો તો કાઢવાની પેંલી વાત કરાં, પસૂઅ ગાંમ હામું તાક હ્યું." (પૃષ્ઠ : ૪૩)

ટૂંકમાં કહેવું થાય છે કે એવી એવી સોનાની સામગ્રી પ્રસ્તુત નવલકથામાં વેરાયેલી પડી છે કે જો એના પર સંવિધાનનો ઉચિત સંસ્કાર થયો હોત તો 'આપરૂઅ જીનં' રંગ રહી જાત ! જોકે હજીય એક તક છે કે આ 'ભવોભવની ભવાઈ'ના અનુસંધાનમાં દિનુ ભદ્રેસરિયા બીજી નવલકથા 'અમે ઇડરિયો ગઢ જીત્યા રે' લખવાના છે તેમાં આપણી આ સંવિધાનના સંસ્કારની આશા ફળે તેની રાહ જોઈશું.

આપણે જો કોઈની નિંદા સાંભળીએ, તો એમ સમજવું કે કાંઈક ગેરસમજ થઈ છે. સગા કાનનો યે ભરોસો ન કરવો. કહેવા-સાંભળવામાં કેટલીયે ભૂલો થઈ જતી હોય છે. એક જણ એક ભાવનાથી બોલે છે, ને બીજો અન્ય ભાવનાથી સાંભળે છે. એટલે જ્યારે ગેરસમજ થાય ત્યારે પોતાના માનસિક તર્કનો અવિશ્વાસ કરવો જોઈએ, અને સામી વ્યક્તિ તેનો જે અર્થ કરે તેને જ ખરો માનવો જોઈએ; એ પોતે જે કહે તે જ શ્રેષ્ઠ સાબિતી. માણસ પોતાના દોષ કહેવા માંડે ત્યારે સાંભળવા, કારણ કે તેથી દોષ ધોવાય છે; પણ તેથી એમ ન માનવું કે એ કહે છે તેવા દોષ તેનામાં છે જ. પણ એમ માનવું કે એવા દોષોનો આભાસ તેને થયો છે તો, ચાલો, એનું નિરાકરણ કરવામાં મદદરૂપ થઈએ.

વિનોબા ભાવે

# આંતરિક ભાવાભિવ્યક્તિનો પડછાયો એટલે ડૉ. મનુભાઈ પાંધી

**હસમુખ અબોટી 'ચંદન'**

સામાજિક જીવન અને સામાજિક પરિવેશ એ સાહિત્યકારની સર્વે ચૈતસિક પ્રવૃત્તિઓનું ઉદ્‌ગમસ્થાન છે. સમાજ વિના સાહિત્યકાર સંભવી શકતો નથી, કારણ કે એના સર્જનપ્રવાહનું મૂળ જ મનુષ્ય-મનુષ્ય વચ્ચેના આંતર સંબંધો ઉપર છે એટલે કે સમાજજીવન ઉપર આધારિત હોય છે. તેથી જ આપણે કહી શકીએ કે સાહિત્યકાર અને સમાજ વચ્ચેનો સંબંધ એ અવિનાભાવી સંબંધ છે અને તેથી એ સંબંધને કોઈ સાહિત્યકાર કદી તોડી કે અવગણી શકતો નથી. સનાતન નીતિના એ મૂલ્યો સામે કોઈ સાહિત્યકાર કદી બળવો પોકારી શકે નહીં. આ નીતિ ને રીતિનાં અનુસંધાને માનવીના જીવનમાં કેવી ગ્લાની, કરુણતા અને અસહ્ય લાચારી સર્જી દે છે તેનું માર્મિક વેધક આલેખન ડૉ. મનુભાઈ પાંધીએ પોતાના 'ફીણોટા' વાર્તાસંગ્રહમાં કર્યું છે. વિષયની વાત કરું તો સાહિત્યસર્જનની પ્રક્રિયા સાથે શૈલીને નિકટનો સંબંધ છે. તે લેખકની આંતરિક ભાવાભિવ્યક્તિનો જ પડછાયો છે. કેવળ રીતિ યા ગોઠવણીને શૈલી નહીં ગણી શકાય. એ તો કંઈ અનેરું જ તત્ત્વ છે. લોહીના ગુણ જેવું કાર્યશૈલીનું છે. ટાગોર આને 'આમાર જીવન, આમાર બાની' કહે છે. એટલે કહેવું પડે કે 'ફીણોટા' અનુભવોનું ગાંઠણું છે.

'ફીણોટા' વાર્તાસંગ્રહમાં સ્થૂળ ઘટનાઓ ઓછી અને આછી છે. એ ઘટનાઓ નિર્મિત કેન્દ્રવર્તી પાત્ર તથા અન્ય પાત્રોનાં મનઅંતરમાં વિવિધ ભાવ સંવેદનોના જે ઘાત – પ્રત્યાઘાતો ઉદ્‌ભવે છે તે જ આ કથામાં બહુધા આલેખાયા છે. એટલે 'ઘટના' તથા 'વ્યથાનો આનંદ' જેવી વાર્તાઓ આ ઘટનાઓ નહિ પણ એ ઘટનાઓએ સર્જી આપેલાં માનસિક ઊર્મિમય સર્વાંગો જ મહત્ત્વનાં બની રહે છે.

એ જ રીતે ને આ જ સ્થિતિએ જે માનસિક સંક્ષોભો જગાડે છે તેવું જ આલેખન અહીં મુખ્યત્વે થયું છે અને તેથી આ કથા સૂક્ષ્મ ચૈતસિક સ્તરે વિહરતી મનોવૈજ્ઞાનિક કથા બની રહે છે. આનો ધડો લઈને પ્રસ્તાવનામાં જ્યોતીન્દ્ર દવે લખે છે, 'ડૉ. મનુભાઈ હંમેશ સ્થૂળ ને સૂક્ષ્મનું એકનું વાચ્યાર્થથી, બીજાનું લક્ષ્યાર્થ કે વ્યંગ્યાર્થથી એક સાથે જ દર્શન કરાવતા રહે છે.'

કથા-ઘટના, કાચો મસાલો એ કોઈ પણ વાર્તાનું મુખ્ય તત્ત્વ છે. કથા વગર વાર્તાનો ઘાટ આપવો શી રીતે ? વસ્તુ પસંદગી, સમાજ, ઇતિહાસ, જીવન અને કલ્પનામાંથી વાર્તા લેખક કરે એટલેથી એનું કામ પતી જતું નથી. વસ્તુ તો તેનો કેન્દ્રવર્તી વિચાર માત્ર છે. એ કેન્દ્રવર્તી ભાવ વાર્તાનો આત્મા બની રહે છે. વાર્તાકારની કસોટી તે પછી શરૂ થાય છે. વસ્તુરૂપી જે કાચો માલ એને મળ્યો છે એનો કલાદેહ ઘાટ રચવાનું જ કામ કપરું છે. વિચારબીજ અને ઘટના એક સૂત્રે બાંધી, એનો ગોફ ગૂંથી એ કામ મોતીની મીનાકારીના જડતરનું કામ વાર્તાલેખક કરે છે. એણે પસંદ કરેલી ઘટના અને પાત્રોનો સુમેળ સાંધતો સાંધતો સર્જક ગૂંથણી કરે છે. માનવમનમાં અરમાનો, એષણાઓ, ગમા-અણગમા, રાગદ્વેષો, મહત્ત્વાકાંક્ષાઓ, સિદ્ધિઓ અને પતનોને એ વાર્તાના દોરમાં ગૂંથતો ગૂંથતો સમય કથયિતવ્યનો એવો ઘાટ ઉતારે છે જેનાથી ઘટનાની એકત્વની સમગ્ર છાપ જળવાઈ રહે. આ જ રીતે ને નીતિ સંબંધે મનુભાઈએ કામ કર્યું છે.

સુશ્લિષ્ટ ગૂંથણી ઉત્તમ વાર્તાકારનું એક આભૂષણ બની રહે છે. છટાદાર વાર્તા પ્રવાહ અને વેગવંતા બની રહેતાં વાર્તાપૂર આપણને જીવતરની સભાનતાનો અનુભવ કરાવે છે. મનુભાઈનાં પાત્રો એકદમ સાચૂકલાં ને જીવંત લાગે છે. વ્યક્તિત્વની બધી પાત્રસૃષ્ટિ સંકીર્ણતા સાથે એવી જીવંત બની ઊઠી છે કે એના દુઃખની ચોટ આપણા હૈયાને ય વીંધી જાય છે. એના પ્રત્યે આપણી અનુકંપાના તાર જોડાઈ જાય એવી સજીવન પાત્રસૃષ્ટિ નિર્માણ થઈ છે. પ્રાણીઓનો પાત્રરૂપે વિનિયોગ કરવો અને સામાજિક

– આર્થિક રીતે પછાત કહી શકાય એવાં અદ્દલ પાત્રો જ્યારે બોલે છે ત્યારે તેમની બાની કસુંબલ બની જાય છે. હિંદુ-મુસ્લિમ કોમોમાં જે બોલચાલનાં નામો છે તે જ અહીં ડોકિયાં કરે છે. એમની જ ભાષા અને એમની જ બોલી સંવાદોમાં સાંભળવા મળે છે. પશુ, પક્ષી અને પ્રાણીનાં વર્તન, અવાજ અને સ્વભાવના લેખક અભ્યાસી છે એ પણ તેમનાં આ પાત્રો પરથી લાગે છે. હા, એક બાબતની નોંધ લેવી પડે છે તે એ કે, મનુભાઈ હંમેશાં મિતભાષી રહ્યા હશે યા તો વાતચીતમાં જ્યાં એક શબ્દથી પતી જતું હોય ત્યાં બીજા શબ્દનો ઉપયોગ શાયદ નહિ કરતા હોય.

લેખનશૈલીની બાબતમાં ડૉ. પાંધી ધનિક દેખાયા છે. કથનશૈલી, વર્ણનાત્મકશૈલી તો ક્યાંક આત્મકથનાત્મક શૈલીનું કામ પણ લીધું છે. ડૉ. ધીરેન્દ્ર મહેતા સાચું કહે છે – 'મનુભાઈની ભાષાશૈલીગત અભિવ્યક્તિની લાક્ષણિક છટા, રંગદર્શિતા અને મર્યાદા ખાસ તો ભાષાકીયના નિદર્શન પણ જોવા મળશે. જે બકુલેશ, જયંત ખત્રી અને ગૌતમ શર્મામાં પણ જોવા મળે છે.' શીલ તેવી શૈલીના આધારે કહું તો તેમનાં પાત્રો બહુ ઓછા બોલાં દેખાયાં છે. સંવાદો અતિ ટૂંકા યા તો ટૂંકામાં કામ ચલાવ્યું છે. છતાંય વાર્તાપ્રવાહ ક્યાંક અવરોધાતો નથી કે અટકતો પણ નથી. આવી 'લેખણલીલા' ઓછા વાર્તાકારોમાં જોવા મળે છે. તે પૈકીના આપણા આ લેખક છે. સલામ છે પાંધીની 'લેખણલીલા'ને !

વાર્તાનિરૂપણમાં પરિવેશ – વાતાવરણે ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો છે. વાર્તા ઘટનાઓ સ્થળ અને કાળમાં વિકસે છે. પરિવેશના માધ્યમ દ્વારા પાત્રો અને પ્રસંગો એકબીજાને ટકાવી રાખી, રંગપૂર્ણી કરવાનું કામ સર્જકે કર્યું છે. જળ, સ્થળ અને સમય પ્રમાણે પોતે જે કાળમાં જીવ્યા હતા તે મુજબની લાગણીઓ, રીતરિવાજો, તહેવારો, ગમા-અણગમા અપ્રચ્છન રીતે તેમની કૃતિઓમાં આબાદ ઝિલાયાં છે. રણ, દરિયો, ડુંગર, જંગલ જેવી પ્રાકૃતિક જણસોનો સારી રીતે ઉપયોજન કરવામાં મનુભાઈ પાવરધા અને સફળ દેખાયા છે.

ડૉ. પાંધીનો આપણને એકમાત્ર વાર્તાસંગ્રહ 'ફીણોટા' મળ્યો છે, જેમાં કુલ્લે ૧૮ વાર્તાઓ છે. આ ઉપરાંતનું સાહિત્ય અપ્રગટ રહ્યું છે. ડૉ. ધીરેન્દ્ર મહેતા આ બાબતે 'કચ્છમિત્ર'ની તા. ૨૪-૯-૨૦૧૪, બુધવારની 'પરાગ' પૂર્તિમાં પોતાના લેખમાં શ્રી પાંધીની અપ્રગટ કૃતિઓ વિશે માહિતી આપી છે તે મુજબ 'હિંદુસ્તાન', 'પ્રજામિત્ર' અને 'ચાંદની' દીપોત્સવી અંકોમાં તેમની વાર્તાઓ છપાતી. 'ગુજરાતનું વહાણવટું' અને 'અવિશ્રાંત સાગર'ના લેખો, આકાશવાણી પર પ્રસારિત થયેલી દશ દરિયાઈ વાર્તાઓનું સંપાદન, અન્ય અઢાર જેટલી વાર્તાઓ, 'દક્ષા' નામની નવલકથા તથાપિ લોક સંસ્કૃતિના લેખોનું પુસ્તક 'અસીં માડુ કચ્છજા' આ સમગ્ર અગ્રંથસ્થ સાહિત્ય ટૂંટિયું વાળીને બેઠું છે. અને પોતાને નવપલ્લવિત થવાના ટાણાને ત્રાંસી આંખે જોઈ રહ્યું છે. આટલાં વર્ષો પછી ભારતીબહેન પાંધી અને તેમના પરિવારે લગભગ ઉજ્જડ બની ગયેલા ઉપવનને સંવારવા, સમતળ કરવા અને મઘમઘતાં પુષ્પોના ઉપવનને ફરી મહેકતો કરવા કમર કસી રહ્યાં છે. પ્રસ્તાવનામાં જેમ જ્યોતીન્દ્ર દવેએ અંજલી આપી છે તે રીતે ડૉ. પાંધીના શબ્દદેહને સજીવન કરવા યત્ન આદર્યો છે.

તેમની સુગઠિત અને અદ્‌ભુત રચનારીતિની વાતમાં અલંકૃત ભાષા સૌષ્ઠવતાને મૂલવવી જોઈએ. બધી વાર્તાઓમાં લેખકે કરેલ નિરૂપણરીતિના કિનખાબી પાનેતરમાં ક્યાં અને કેવા પ્રકારનું કસબ કર્યું છે તે વાંચવા લાયક છે. અહીં માત્ર પાંચ વાર્તાઓ જ રણ અને મહેરામણમાં સંવાદોએ કેવાં કેવાં કામણ પાથર્યાં છે તે જોવા જેવું છે. રણ અને દરિયાના પટ્ટમાં વસતા લોકો સંઘર્ષની જિંદગી વિતાવે છે. ડગલે ને પગલે પ્રચૂરમાત્રામાં અડચણો, યાતનાઓ અને વિભીષિકાઓનો ભોગ બનવું પડે છે. 'પાર્ટિશનની પેલી બાજુ', 'ભૂરિયું', 'શહીદીનું મૂલ્ય' વાર્તાઓમાં રણ અને 'નીતરતી આંખો' અને 'ફીણોટા'માં મહેરામણ સતત દેખા દે છે. અલબત્ત, અહીં ત્રીજા તત્ત્વને પણ અવગણી શકીએ નહીં, તે પર્વતમાળા છે. રણ, ઉદધિ અને ડુંગરામાંથી કોણ કોનાથી ચડિયાતું છે એ મને ના પૂછતા; અહીં માત્ર સંવાદોનો વેપાર છે ! હા, તમારા હૈયાને જરૂર ડોલાવે તેવા છે આ ઘટકો, જ્યાં પ્રકૃતિ તત્ત્વો છે ત્યાં અભાવનો, ગરીબીનો, બેકારીનો કે શોષણનો સંઘર્ષ હોવાનો જ. જોઈએ સંઘર્ષના મહિમાને પણ !

– સરુ, આપણી પાસે કંઈ નથી. મારે નોકરી નથી. આપણું શું થશે ? (પાર્ટિશનની પેલી બાજુ)

– વરસના ઘણા મહિના આ ગામની ચોમેર માઈલોમાં વિસ્તરેલા ખારા પાટ રણમાં દરિયાનાં ખારાં પાણી ફરી વળતાં અને દુખિયા સાથેનો વ્યવહાર ખોરવી દેતા. એ મહિનાઓમાં આ ગામ એક બેટ જેવું બની જતું. (ભૂરિયું)

– હું એ શેરીને નાકે આવીને ઊભો. અને આખી શેરીમાં સળવળાટ થઈ રહ્યો.

– ધગધગતો સૂર્ય જાણે લાલ બનીને હમણાં જ ઉપર ઢોળાઈ પડશે, રેતીને પીગળાવીને જવાનને જીવતો જ ભૂંજી નાખશે, ચામડી શરીરથી છૂટી પડી નીચે સરકી જશે... લૂનો એક વધુ ઝાટકો અને પોતે આ ઉષ્ણ રેતી પર ઢળી પડી પરોઠાની જેમ શેકાઈ જશે... (શહીદીનું મૂલ્ય)

– હંમેશની જેમ, રસ્તાની બંને બાજુ – ઓળખ માટે મડદાં ગોઠવી રાખ્યાં હોય તેમ – લોકો બિસ્તર બિછાવી સૂઈ રહે છે. (બેકાબૂ)

– ઓચિંતું આકાશ ઘેરાઈ ગયું. વીજ ગર્જના સાથે ઝબકી ગઈ. લોકો દોડીને કોઈ છાપરાં નીચે આશરો લે, તેટલામાં તો વરસાદ રૂપિયાની ચિલ્લર જેમ ચોમેર વેરાઈ પડ્યો. (સુલેમાન વાર્તામાં અભાવ વચ્ચે પણ કેવી વિસંગતતાનો રણકો દેખાડ્યો છે !)

– હુસેનનું મન અતિ ચંચળ અને વર્તન બેફામ ઘોડા જેવું થઈ ગયું. એની હડફેટ આવી કોને કેટલી ઈજા થઈ, કોને કેટલું નુકસાન થયું એ તો પાછો વાળીને જોતો જ નહીં. નફ્ફટ, નાલાયક, મવાલી જેવી ગાળો સાંભળી એનું ઘોડાના હણહણાટ જેવું હાસ્ય વેરાઈ પડતું... એની ચામડી આ માટે બહુ જાડી હતી. (બેકાબૂ)

'ફીણોટા' વાર્તા જે દરિયાઈ વાર્તાઓમાં બેનમૂન ગણાઈ છે તેમાં પ્રત્યેક સંવાદો, વાતાવરણ, અલંકૃતભાષા અને રસ-સામર્થ્ય પહેલેથી છેલ્લે સુધી જોવા મળશે.

– યાદના સમુદ્રનાં મોજાં એકબીજા પર પછડાટ ખાવા લાગ્યાં. (ફીણોટા)

સફર માટે તૈયાર થયેલા વહાણના વર્ણનથી આપણને નવ્ય ચૈતસિક દૃષ્ટિનો પરિચય થાય છે. તેનું વર્ણન આબેહૂબ છે.

– ફૂરજામાં કંડારેલી તોપોમાં બાંધેલ રસ્સા છૂટ્યા. લંગર ઊપડ્યું. આલાત ખુવા સોંસરી તંગ બની, પાવડાઓનો કચ-કચાટ થયો, પરબાણો પર ખલાસીઓ સવાર થયા, સઢ ખૂલ્યા, એના ગાલ ફુલાયા અને ઊગતી ઉષાની સામે આસપાસનાં બીજાં વહાણો વચ્ચે થઈને તીરની જેમ વહાણ દરિયામાં વછૂટ્યું. (ફીણોટા) આવાં નાનાં નાનાં વાક્યોની ગૂંથણી લાજવાબ રહી છે.

– પૂર્વનો તૂફાની સૂરિયો વાવડો પોતાના ગાંડપણમાં હજુ મસ્ત હતો. ઊછળતાં મોજાં વરસાદનાં છાંટણાંમાં ભળી જઈ ખારાં બની મોઢા પર આવી છંટાયાં, ત્યારે કાશીની આંખનાં ખારાં પાણીની યાદ મનને અડકી મને ધ્રુજાવી ગઈ.

'ઘટના', 'વ્યથાનો આનંદ' અને નવા ઢબની વાર્તા 'ફીણોટા' વાર્તારીતિના અણમોલ નંગ કહી શકાય તેમ છે.

'ભૂરિયું' વાર્તામાં રણનો પરિવેશ્ય તરીકે છેવટ સુધી ઉપયોજન થયો છે. રણનું આધિપત્ય છેવટ સુધી માનવમન પર જળવાઈ રહ્યું છે. રણ કાંઠાના છેવાડાના ગામમાં હોમરસિંહની થયેલી બદલીથી વાર્તાનો આરંભ છે. અંત સુધી રણની વિષમતા અને ભયાનકતા હોમરસિંહના મનમાં અટવાયેલી પડી છે તેનો આભાસી ડર છલકતો રહ્યો છે. છતાં તેની બહાદુરીને સલામ કરવાનું મન થઈ આવે છે. રણપ્રદેશમાં બદલાતી ઋતુઓ, પ્રકૃતિ અને ભુલભુલામણા માર્ગોનું વિશ્લેષણ તથાપિ જાણકારીથી થયેલું વર્ણન એ લેખકની હોશિયારી તરફ અંગૂલીનિર્દેશ કરી જાય છે. આવું એટલે શક્ય બન્યું છે કે કચ્છમાં વસેલા અને સેલા મનુભાઈ આ મુલકનાં ખમીરવંતા લોકોની વચ્ચે રહી સમગ્ર પરિવેશથી વાકેફ છે.

મનુભાઈ વાર્તામાં જે ક્ષણનું નિરૂપણ કરવાનું થાય ત્યાં જ અને તે સમયે જ અટકી જઈ કરકસરની કલા કરી દેખાડી છે. મધ્યવર્તી ક્ષણના અંત પછી વાર્તાની સંગાથે ચાલી સમષ્ટિનું ઘનીભૂત દર્શન કરાવે છે. ભાષા પરત્વે સભાન છે; અર્થબોધ, અનુભૂતિની સંક્રાંતિ, વ્યંજના શક્તિમૂલક અને ઔચિત્ય રસસિદ્ધિ જે તેનાં પ્રાણતત્ત્વો છે એનો ઉપયોગ સભાનતાપૂર્વક કર્યો છે. તેમની શૈલી

કાવ્યમય અને પ્રવાહિતા સહ સચોટતા એ આગવાં લક્ષણોની પારાશીશી છે. શૈલી બારામાં સુમન શાહે સરદાર પટેલ યુનિ. વિદ્યાનગરમાં ૧૫-૧૬ ફેબ્રુઆરીએ આપેલ વ્યાખ્યાનમાં કેટલાંક વાક્યો યાદ રહી ગયાં છે તે આ છે, ‘‘શૈલી વ્યક્તિના આત્મતત્ત્વનો લીલામય ઉન્મેષ હોય છે. એ એક આગવી સમ્પદા છે. શૈલીના અધ્યનકારે ભાવકને આનંદ લગી લઈ જનારી ઘટનામાં જવાબદાર એવા વ્યાવર્તક સર્જક – વિશેષો કયા હતા, કેવા તો પ્રભાવક હતા, તે શોધી બતાવવાના. એ વિશેષોમાં છુપાયેલા નિયમો, સર્વસામાન્ય યુક્તિઓ, ઢાળ-ઢાળા, છટાઓ, મુદ્રાઓ અને વારંવાર જોવા મળતી ભાતો વગેરે બધું પદ્ધતિપૂર્વક તારવી બતાવવાનું.’’ સંભવત્ આ બાબતે મનુભાઈ પાંધીની શૈલી બંધબેસતી દેખાય છે. શૈલીગત અઢાર વાર્તાઓમાંથી કેટલીક વાર્તાઓ મૂલવવી રહી.

અઢાર વાર્તાઓમાંથી ચૂંટેલી કેટલીક વાર્તાઓની વસ્તુકલાના નિદર્શનમાં પહેલી વાર્તા ‘ઘટના’ લઈએ.

વાર્તાના પિંડને ચાકળે ચઢાવીને જે આકાર આપ્યો છે તે મનોરમ્ય છે. શરૂઆત પ્રથમ પુરુષ એકવચનથી કરે છે. લેખક પગવાટ મારફતે સ્મશાને જઈ ચડે છે. ત્યાં છ ફૂટના એક માનવઓળાએ આકાર લીધો. તેનું વર્ણન પણ આહ્‌લાદક છે. બંને વચ્ચે સંવાદો યોજાય છે. તે લેખકને પૂછે છે, ‘કોણ છે તું ?’ પોતે લેખક છે એવું બતાવે છે. ‘શું લખે છે ?’ તેના જવાબમાં – ‘વાર્તા.’ ફરી પ્રશ્ન કર્યો – ‘ઘટનાપ્રધાન કે ઘટનાના લોપવાળી ?’ આવા સ-રસ સંવાદો યોજી લેખકે સાહિત્ય મીમાંસા યા તો સાહિત્યનું ચાલક બળના ઈંધણ તરફ ગતિ કરતા દેખાય છે. પોતે વાસ્તવવાદી વાર્તાકારની ઓળખ છતી કરે છે. એક વધુ પ્રશ્નનો મારો ચલાવે છે – ‘આમ ક્યાં નીકળ્યો છે આવી રીતે ?’ લેખકે ઉત્તર વાળ્યો – ‘વાર્તાવસ્તુ અને ઘટનાની શોધમાં, સ્મશાનના દેવ !’ તેણે પ્રત્યુત્તર આપ્યો, ‘હું દેવ નથી, તારી વાસ્તવવાદી વાર્તા છું.’ ‘વ્યથાનો આનંદ’ વાર્તામાં લેખક જાણે પોતાની કેફિયત કોઈક પાસેથી કહેવડાવતા હોય તેમ લખે છે, ‘...એને ફરી ખાંસી ઊપડી. આ ખાંસી, આ થાક, આ માંદગી, આ થોકબંધ પાનાંઓ લખી લખીને એણે હસતે મુખે જાતે જ સ્વીકાર્યાં હતાં ને ! એ જ એનું જીવનધ્યેય હતું. મજદૂર જેવી હાલત તેમનાં લેખન દરમિયાન નહિ અનુભવી હોય ને ! આવા અનેક વિચારો આવ્યા વિના ન રહે. હા, દરેક મનુષ્યના જીવનમાં આવું ઘટતું જ રહે છે ત્યારે ડૉ. પાંધી આમાંથી કેમ છટકી શકે ? પ્રસૂતાની પીડા માતા સિવાય કોણ જાણી – અનુભવી શકે ? બની શકે છે કે આ લેખકની સાથે પણ આમ જ બન્યું હોય. એ જ એના જીવતરનો આનંદ હતો.’

આ કહાની વાંચ્યા પછી ચોક્કસપણે આપણને લાગે કે શું, આ મનુભાઈ પાંધીની સત્યકથા, આત્મકથા કે પછી આત્મચરિત્ર તો નથી ને ? અરે ! ભગવાન બુદ્ધનાં મહાભિનિષ્ક્રમણ જેવી ઘટના લેખકના જીવનમાં તો નહિ બની હોય ને ! કે પછી નિરાશ, વ્યથિત, તિરસ્કૃત.

લખવા કરતાં શું ન લખવું એ સફળ વાર્તાકારની નિશાની છે, વળી પોતાની વાત બીજી વ્યક્તિ પાસેથી કહેવડાવવી એ પણ પ્રગતિશીલ વાર્તાકારની ખૂબી ગણવી જોઈએ. એ જ રીતે સાહિત્યના પરિપ્રેક્ષ્યમાં લેખક બોલે તેનાં કરતાં પાત્ર રજૂઆત કરે; પાત્ર-નાયક પણ બીજા પુરુષ એકવચનનો ! આ રીતિ નિર્માણ ડૉ. પાંધી બખૂબી કરી શક્યા છે. ‘વ્યથાનો આનંદ’ વાર્તાશીર્ષક પહેલાંથી જ ઇંગિત કરી દે છે, છતાંય રહસ્યનો ઘટસ્ફોટ અકબંધ રહે છે.

આ વ્યથા ખુદ લેખકે રાત્રિના સમયમાં આઠ આઠ કલાક ઝીલી છે. આ સમય દરમિયાન કાતીલ ઠંડી, ખાંસી આવવી, વારંવાર બળખો ફેંકવા બહાર જવું, ઊંઘ ઊડી જવી, સિગારેટના કસ ખેંચવા, ફરી-ફરી ખાંસી જોર કરે, માંદલું શરીર અને તાકાત ઓસરતી જતી હોય એવા વખતે નવસર્જનની અદમ્ય મંછા પ્રહાર કરતી મનોપકારક બને ત્યારે આનંદ થવો સ્વાભાવિક છે.

વિચારોના ઉશ્કેરાટ પછી પણ બાળકો વચ્ચે વીંટળાયેલી પત્નીને પ્રેમભરી નજરે નિહાળવું એ કેટલું કઠિન ગણાય ? અહીં આવું બને છે. આ જોતાં આપણને શરદબાબુ યાદ આવી જાય.

કૃતિની અમરતાની ભાવનાની સિદ્ધિ માટે આહુતિ આપનાર પત્ની પ્રત્યે અગાધ પ્રેમ જાગે છે અને પોતાના પર ઘૃણા. ઘડિયાળના ટકોરા મનોસંચલનોને હકારાત્મક બનાવે છે. પોતે ખુરશીમાં બેસે છે. બધાં આવેગો શમન

પામે છે. ઉષાના બધા રંગો જાણે કાગળ પર પથરાઈ ગયા. કૃતિને પૂર્ણ કરવાનો સંતોષ અનુભવ્યો. પીડા, માંદગી ને થાક જતાં રહ્યાં. એણે પથારીમાં લંબાવ્યું ત્યારે નવા વિચાર, નવી કલ્પના, નવાં પાત્રો સર્જન માટે તડપતાં હતાં, જે લેખકને પ્રસૂતિની પીડાનો આનંદ આપતાં રહ્યાં.

પીડા, વ્યથા, કંટાળો, થાક, બોજ, માંદગી, કૃત્રિમ ચેતના, માદક કુટેવો, ગમ, અવિશ્વાસ, ખાંસી, પેટની ચૂંક, તુચ્છકાર, આત્મગ્લાની, જર્જરિત છાતી, જીર્ણ, ક્ષીણ, દુર્લક્ષ, તિરસ્કાર, ઈર્ષ્યા, દંભ, ઉશ્કેરાટ, નિર્દય, ઘૃણા જેવા ભાવવાચક શબ્દો માનવજીવનને હંમેશાં પજવતા આવ્યા છે, કહો કે રુગ્ણ બનાવતા રહ્યા છે. આવા અનેકાનેક શબ્દો સાથે દોસ્તી બાંધી લેખક સંવાદી બન્યા છે. એ તેમના કૌશલ્યનું જમા પાસું ગણી શકાય.

લેખકે પોતાના જીવન પર્યંત અનેક કુદરતી અને માનવીય આપદાઓના સાક્ષી બન્યા છે. ભૂકંપના ઝાટકા, વાવાઝોડું – પૂર, બીજું વિશ્વયુદ્ધ, ભારત-પાકિસ્તાનના ભાગલા, કોમી હુલ્લડો, ભાષાકીય હુંસા-તુંસી, પ્રાદેશિક સંકુચિતતા, ગરીબી, બેકારી, વિદેશી આક્રમણ જેવી અનેક ઘટનાઓમાંથી ડૉ. પાંધી પસાર થઈ ચૂક્યા છે. જેનો પ્રસાર અભિવ્યક્તિ દ્વારા જોવા મળે છે.

'દુનિયાનાં વારસ' વાર્તામાં લેખકની ફિલસૂફી પાત્રોનાં મુખેથી ઉદ્ઘાટિત થઈ છે. દેશને આઝાદી નો'તી મળી અને ગાંધીજીના સત્યાગ્રહો, આંદોલનો અને અસહકારની ચળવળો ચાલતી ત્યારે ભારતીયો જાગી ગયા હતા. ઠેર-ઠેર ગાંધીબાની ગવાઈ રહી હતી. લોકો અંગ્રેજીયતથી લગભગ પરિચિત થઈ ગયા હતા. અરે ! બીજા વિશ્વયુદ્ધમાં સાથીદેશોનો પણ પરિચય મેળવી ચૂક્યા હતા આપણા ગામઠી લોકો. આ વાર્તાનું એક પાત્ર ભણેલો-ગણેલો એવો ફુટડો યુવાન લાગતો શંકર જ્યારે દેશની આર્થિક અને સામાજિક સમસ્યાઓની વાતો કરતો ત્યારે તેના મિત્રો જ તેને 'ચસ્કી ગયેલો' ગણતા. જુઓ તો ખરાં, સુલેમાન 'પ્રજાબંધુ'નો અંક ખિસ્સામાં બેવડું રાખી મૂકે અને બપોરે વાંચવા કાઢે એ બીના નાનીસૂની નથી. બીજું, તત્સમયે પણ ભણેલા-ગણેલા લોકો બેકાર હતા તેની પ્રતીતિ થાય છે. જેનો ઉલ્લેખ શંકર ગાંધીજીના ગ્રામસ્વરાજના વિચારો દ્વારા વ્યક્ત કરે છે.

એક જૂના મકાનનું સમારકામ કરતાં કારીગરો આ વાર્તાનાં પાત્રો છે. અને જૂનું મકાન તેનું કેન્દ્રીય સ્થળ છે. ખીમો, ગોરધન, મોહન, ભાઈલાલ ઉર્ફે ભાઈલો, સુલેમાન, સામજી, હુસેન, બાબુ, મહેતાજી સુમનલાલ અને શંકર જેવાં પાત્રો છે. ખારવા, બિહારી અને મજૂરણ – સ્ત્રીઓ તેનાં ગૌણ પાત્રો છે.

વાર્તા અંત આ રીતે પામે છે – એકમાત્ર શંકરે, દુનિયાના વારસોના વિચારોની ઘૂમરીઓમાં ગોથાં ખાતાં વાર્નિશનું પૂમડું યંત્રવત્ કબાટ પર ફેરવે રાખ્યું. વાર્તાનું શીર્ષક છેલ્લી પંક્તિમાંથી લેખકે ચૂંટી કાઢ્યું છે.

'શહીદીનું મૂલ્ય' વાર્તાનો પરિવેશ રણ છે. ૧૯૬૫ના યુદ્ધને નજરમાં રાખીને લખાયેલી આ કથા છે. દુશ્મનો રણવાટે પોતાની 'પૈટન્ટ ટેંકો' લઈ ભારત પર આક્રમણ કરે છે. સેના નાયક એવા મેજર લતીફ તેની ટેંકોનો નાશ કરે છે, પણ લતીફ શોધ્યો જડતો નથી. તેની શરફરોશીની વાતો વર્તમાનપત્રોમાં છપાય છે. 'કોઈ માણસનું જીવન જ મૃત્યુ પછી શરૂ થાય છે.' આ વાક્યથી વાર્તાને વળાંક મળે છે. પત્રકારો તેના ગામની, પરિવાર જનોની, જ્યાં ભણ્યો હતો તે શાળા-શિક્ષકની વાતો અને તસવીરો છાપવા માંડ્યાં. એક ફિલ્મ નિર્માતા તેના ચરિત્ર પરથી 'શહીદ લતીફ' ફિલ્મ બનાવી. તેના પ્રિમિયર શૉનો મુખ્ય મહેમાન તેનો અભિનેતા બને છે. લોકો હોંશે-હોંશે ટિકિટો ખરીદે છે અભિનેતાને જોવા સ્ટેશને હકડેઠઠ મેદની ઊભરાય છે. ધક્કામૂકી અને શોર વચ્ચે ટી.ટી. એક લંગડાને પકડી પાડે છે. તે નિઃસહાય અને થાકેલો હતો. તેને અનેક પ્રશ્નો પૂછે છે. ખરેખરો લતીફ છે એવું અનુભવતાં સિનેમાગૃહની બહાર નીકળી ટી.ટી.ની નજર પડદા પર પડે છે. આ આશ્ચર્યની સાથે પોતે પકડેલો લંગડો જ મેજર લતીફને જોતો રહ્યો. વાર્તામાં લેખકે હોલ્લાને પ્રતીક તરીકે યોજ્યો છે.

વાર્તાની શીર્ષકસ્થ અને છેલ્લી વાર્તા – 'ફીણોટા.' બધી વાર્તાઓ કરતાં આ વાર્તા જરા હટકે છે. પ્રથમ પુરુષ એકવચનમાં લેખક પોતે નાયક અને પ્રતિનાયક એટલે નાખુદા જાકબ ભટ્ટી. ફીણોટા શીર્ષક જ સાગર કથાનો દ્યોતક બને છે, અદ્ભુત કસબ કરાયો છે. આ વાર્તા પરથી લેખકનું સાગરનું રમ્યભીષણ ચિત્ર ભાવકની આંખ સામે

ખડું કરી દે છે.'

વહાણવટીની દુનિયામાં ખલાસીઓનાં પણ હુલામણાં નામો હોય છે. જેમ કે અહીં મામાતપલ, દીવાન, ચાંપો, ગુજો, ઈસુ અને તેજૂ. ડૉ. મનુભાઈ પાંધીનું નામ સાગર વાર્તાઓના લેખક તરીકે બહુધા જાણીતું બન્યું છે. જ્યોતીન્દ્ર દવે પણ અભિભૂત થઈ લખે છે – 'આ વાર્તાનાં મુખ્ય પાત્રો તો છે સાગર ને એના હૈયા પર જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતું વહાણ. પલટાતા વાતાવરણમાં એનાં પલટાતાં રૂપો એકબીજાને જાણે માપી લેવા મથતાં હોય તેવા બંનેના પ્રયાસો અને વચ્ચે વચ્ચે પ્રવાસીના મનમાં વસી ગયેલી કાશીની સળવળતી સ્મૃતિ : એ સર્વ વડે પ્રવાસી એવા વાર્તાનાયક એટલે તેજૂ, સારંગ છે મામાતપલ, સુલેમાન – દીવાન, ચાંપો ભંડારી (રસોયો) હતો. જાતે મર્યા સિવાય સ્વર્ગ ન જોવાય એ ન્યાયે લેખક પોતે ખલાસી-પ્રવાસી બન્યા છે. પોતાના પ્રચુર જ્ઞાનનો, અનુભવનો અને કલાનો સમન્વય સાધી સાગરકથામાં મનુભાઈ દીક્ષિત બન્યા છે. કચ્છી બોલીનો સહારો લઈ નાના સંવાદો મૂક્યા પછી પણ કઠતા નથી. સાગરસૃષ્ટિના શબ્દોનો બહુધા વિનિયોગ કરી નાવીન્ય સર્જ્યું છે. બહુમૂલ્ય શબ્દોમાં આલાત, પરમાણ, ગોસ, ભંડારિયું, ગીયામ, ધામણ, કોસ, વાવડો, મૂંઢી, સુખાણ, ચકરી, સુલેમાની, ભાંઢો અને ધારી જેવા પારિભાષિક શબ્દાર્થો સાહિત્યકારો માટે ઉપકારક બને તેમ છે.

'ફીણોટા' વાર્તામાં માંડવીનો દરિયાકિનારો અને વહાણની ગતિ મોમ્બાસા તરફની છે. કચ્છ-સૌરાષ્ટ્રથી આફ્રિકા જતાં તમામે તમામ વહાણોનો રસ્તો 'કફ્ફહફ્તચફ' દ્વીપ થઈને જવાતો. આપણા વહાણવટીઓ તેને દેશયભાષામાં 'સિખોતર' કહેવા લાગ્યા. પૂર્વજોએ સમય જતાં આ દ્વીપ ઉપર માતાજીની પ્રતિષ્ઠા કરી. દેવીનાં બેસણાં થયાં. અહીં શ્રદ્ધા – આસ્થાથી દરેક વહાણવટી શ્રીફળ – ચૂંદડી ચઢાવી પોતાની ગોસને (સફરને) આગળ ચલાવતો. બીજું આખરના દિવસો હોય ત્યારે વચ્ચે વાવાઝોડું ક્યારે ટપકે તે કહી ન શકાય. તેમાં પણ આજથી સો-દોઢસો વર્ષ પહેલાંની આ વાત ! તે સમયે નેવિગેશનનાં સાધનો આજ જેવાં આધુનિક સાધનો ઉપલબ્ધ ન હતાં. માત્ર હતાં તો હૈયા ઉકલત અને અનુભવનું ભાથ્થું ! આવા સંયોગ ને સંજોગમાં લેખકે રસનિર્મિત વાર્તાકૌશલ્ય ખડું કર્યું છે; જેમાં વાવાઝોડાંનું વર્ણન, વાતાવરણ, ક્રિયાકલાપ અને લોકબોલીના સંવાદો એવાં અદ્ભુત બન્યાં છે કે તેમાંથી એક પણ અક્ષર કે શબ્દ આઘો-પાછો ન કરી શકાય.

વાર્તાના ગઠનમાં વાર્તાનાયક અને તેની કાશીની સ્મૃતિઓ સરેઆમ દેખા દે છે. આવા વૈવિધ્યતા વચ્ચે સ્થળનું વાતાવરણ એવું તો હૂબહૂ રચાયું છે, જે આપણા માનસપટ પરથી જરાય ખસતું નથી. જાણે, નયનમાં તોફાની દરિયો ! ભાવકનું પણ હૈયું જરાવાર માટે થંભી જાય એવું રૌદ્ર અને વીર રસનું રસાયણ રચી દીધું છે. સાચું કહું તો નરસિંહરાવ દિવેટિયાએ કહ્યું છે તેમ – "છે માનવી જીવનની ઘટમાળ એવી, દુઃખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી !" આ સુક્તિ દ્વારા મનુભાઈની 'ફીણોટા' વાર્તા દરિયાઈ સાહિત્યનો 'અનુભૂતિકરણ' યા તો 'તેજકણિકા' નમૂનાની મંજૂષા માત્ર છે. પ્રસ્તુત વાર્તા અખિલ જીવનનું સૂચન કરી દે તેવી કુશળતાપૂર્વક જીવનના અંશનું નિરૂપણ કરતી આર્ષ જિજીવિષાની સંદૂક કહેવામાં વધુ પડતું નહિ ગણાય.

કથાવસ્તુના ત્રિપરિમાણીય ઘટકોમાં પ્રારંભ, મધ્ય અને અંત સુશ્લિષ્ટ છે. અંત પણ કેવો ? '...ને મારી છાતી પરનાં ફાટેલા ખમીસમાંથી હાથીદાંતનાં એ છલાં બહાર ડોકિયું કરી ગયાં.

– કાશી ડૂસકું ભરી મારી છાતીમાં સમાઈ ગઈ. એક પરમાર પક્ષી સફેદ પાંખો ફફડાવતું રડી ઊઠ્યું.

– કિનારાની રેતી પર સમુદ્રની લહેરોના ફીણોટા જાણે કશું જ બન્યું ન હોય તેમ પછડાટો ખાઈ રહ્યાં.'

'એમનો આ વાર્તાસંગ્રહ વૈદ્યકીય પરિભાષામાં કહું તો દીપન (એપીટાઇઝર)ની ગરજ સારે છે. એનાથી એમણે ભાવકોની ભૂખ ઉઘાડી છે. તો હવે એમણે એમની ભૂખ સંતોષવા માટે આવી જ કે આનાથી અધિક રુચિકર ને પથ્ય સામગ્રી પીરસવી પડશે.' આવી શ્રદ્ધા ને અપેક્ષા જ્યોતીન્દ્ર દવેએ રાખી હતી. પરંતુ એ ઊર્મિમુલક આસ્થા ફળીભૂત થઈ નહિ. ડૉ. પાંધીનો એકમાત્ર વાર્તાસંગ્રહ જ આપણને મળી શક્યો, પણ લેખનકાર્યમાં જરા સરખી ઓટ ન આવી.

**પ્રસાદ**

## બુદ્ધિપ્રકાશ

## સો વર્ષ પહેલાં

● સંકલન : **થોમસ પરમાર**

### બે પંખી

**(મહા કવિ રવીન્દ્રનાથ ઠાકુરનું એક ધ્વનિયુક્ત કાવ્ય.)**

– બે પંખી હતાં; એક પાળેલું ને બીજું સ્વતંત્ર.

– પાળેલું હતું તે પાંજરામાં રહેતું હતું; સ્વતંત્ર હતું તે વનવાસી હતું.

– પ્રસંગવશાત્ બન્નેનો મેળાપ થયો. આ મેળાપ તેમનાં ભાગ્યના નિર્માણનો હતો. ઉભય વચ્ચે સંભાષણ થયું :–

(૧)

**વન પંખી :–**

‘‘પ્રિય, ઓ સુહૃદ ! ચાલો આપણે વન-વનમાં વિહરીએ.’’

**પિંજર પંખી :–**

‘‘અહીંજ પધારો, અને ઉભય – આપણે પિંજરવાસી બનીએ.’’

**વન પંખી :–**

‘‘એકની યે પૂરી પાંખો પથરાય, એટલી ક્યાં છે છૂટ, શળિયાળા તમારા પાંજરામાં !’’

**પિંજર પંખી :–**

‘‘અફસોસ ! પિંજર બહારનો યે વિશાળ પ્રદેશ હશે ખરો ? પાંખોનો છૂટથી વિકાસ થાય એવા આકાશ પ્રદેશથી અજ્ઞાત છું !!

(૨)

**વન પંખી :–**

‘‘સ્નેહાળ, ઓ સુહૃદ ! ગાઓ વન-વનનાં ગીત.’’

**પિંજર પંખી :–**

‘‘પિંજરવાસી વનગીત કેમ ગાઈ શકે ? નથી આવડતાં. બેસો મારી કને : હું તમને ‘‘પંડિતો’’નું ‘‘પાંડિત્ય’’ ભણાવી શકીશ. તમે તમારાં ગીત શીખવાડશો ?’’

**વન પંખી :–**

‘‘નહિ જ; કેમકે ગીત કાંઈ શીખવ્યાં નથી શીખાતાં.’’

**પિંજર પંખી :–**

''અફસોસ છે મને ! વન વનનાં તે ગીત મને નથી આવડતાં !''

(૩)

– બન્ને પંખીનો સ્નેહ અપૂર્વ હતો, આશાભર હતો. તથાપિ એકમેકનાં, એક-સાથે ઉડવાં, અવતારભરમાં યે અશક્ય હતાં.

– પાંજરાને જાળી હતી, તે જાળી વડે, પરસ્પરનાં દર્શન થતાં, પણ એક-બીજાને જાણવાં ફોકટ હતાં.

– તીવ્ર જીજ્ઞાસાથી પંખી પોત-પોતાની પાંખો ફફડાવતાં, અને કહેતાં ''સહજીવન ગાળીએ, આવો-સુહૃદ !''

– ત્યારે વનપંખી કહેતું : ''તેમ નહિ બને; પિંજર દ્વાર બંધ થઈ જાય તેની મને ધાસ્તી રહે છે : કદાચ હું યે પુરાઈ જાઉં !''

– અને આખરે પિંજર પંખીએ વિશ્વાસ નાખીને કહ્યું : – ''અફસોસ ! મારી પાંખો શક્તિહીન છે, મૃત્યુપ્રાયઃ છે !!!''*

**વિવેચન :–**

* પ્રસ્તુત કાવ્યનો ''Gardener''માંથી અનુવાદ કર્યો છે. ઠાકુરનાં, એ ગ્રંથમાંનાં કાવ્યો, તેઓના વિશાળ કાવ્ય સમૂહમાંથી સ્નેહ અને સૌન્દર્યભર કાવ્યોની ચૂંટણી રૂપ છે. તેથી તે દષ્ટિથી જ જો આ કાવ્યનો ધ્વનિ કાવ્યરસજ્ઞ શોધે તો સ્નેહસૃષ્ટિના ચિત્ર સિવાય અન્ય ભાવ ઘટાવેલો ન જડે એ સ્પષ્ટ છે. દષ્ટાંત તરીકે સ્નેહ, સૌન્દર્ય, પવિત્રતા અને જ્ઞાનથી છલ્લોછલ્લ ભરેલો, કુદરત અને કુદરતના સરજનહારની નિર્મળ સૃષ્ટિનો વિહારી આત્મા (= સંસારી યોગી, યોગાત્મન, પરમહંસ – ગમે તે) ''આત્મવત સર્વે ભૂતેષુ''ની ભાવનાયે તેના સંસારી (=સંસારના બંધનરૂપ પાંજરામાં પુરાઈ રહેલા) આત્મસખાને પિંજરના બંધ તોડી વિશાળ સૃષ્ટિમાં વિહરવાનું, વનનાં (=પ્રભુનાં સેવા-ભક્તિ રૂપ) ગીત ગાવાનું અને સ્વતંત્ર વનવિહારે વિહરવાનું સૂચવે છે; પિંજર પંખીને યે પાંખો તો છેજ, પાંખો તૂટી ગયેલી નથી; છતાં પાંજરામાં પુરાઈ જ રહેવાથી તેની પાંખો – શક્તિ – ક્ષીણ થઈ ગઈ છે, પિંજર દ્વારમાંથી તે બહાર નીકળવા અસમર્થ છે. અને તેથી એકબીજાને ચ્હાતાં બન્ને આત્મપંખીડાં ''સ્નેહાંકિત'' છતાં છેટેથી જ જીવન જીવવાનું ''ભાગ્ય નિર્માણ'' પામે છે. સ્વામી રામતીર્થની ભાવના પ્રમાણે સરજનહારની એકજ સૃષ્ટિમાં સૌ તેની આત્મ કળાઓ, એક સાથે સ્વતંત્રતાથી (સ્વચ્છન્દે નહિ) વિહરવાનું ગૂમાવીને પોતપોતાની જુદી સૃષ્ટિ (=સંસાર) રચે છે અને તેથી વિકાસ પામનાર આત્મપાંખો સંકુચિત બનવા માંડે છે. તેનું ભાન – કોઈ ભાન કરાવનાર (ગુરુ) મળે છે ત્યારે થાય છે ખરું, પરંતુ તે સમયે તો તેની પાંખો શક્તિહિન અને મૃત્યુપ્રાયઃ (ઠાકુરના જ શબ્દોમાં Powerless and dead) બનેલી હોય છે એટલે જીવનના સાયંકાળે તો તેને માત્ર અફસોસ (=''Alas'') બોલવાનું રહે છે !

જ્ઞાન, અનુભવ અને ડહાપણ વડે સુશિક્ષિત બનેલા સ્નેહાળ પતિઓ, અર્ધદગ્ધ અથવા છેક જ અવ-નવાં વસ્ત્રાભૂષણ પહેરવા ઓઢવા અને રાજસી વિલાસો ભોગવવાની ભાવનાયુક્ત પોતાના સંસાર (પિંજર)માં વસી રહેલી, દયાજનક સ્થિતિ ભોગવતી પત્ની (સુહૃદો)ઓને સરસ્વતીચન્દ્રની કથામાં કે ઠાકુરનાં આત્મરસિક કાવ્યોમાં મન પરોવવાનું, તેમાં વિહરવાનું કહેતાં પતિયો ભગ્નાશહૃદવીજ બની જતા આપણે દીઠા નથી ? આત્માની પાંખ વિકસાવીને દૂર-દૂર વિહરનાર શૉખીન ક્યાં એ પતિયોનું આત્મ સ્વાતંત્ર્ય, અને અજ્ઞાન પ્રભાવે કલાને સંકૂચિત બનાવી દઈ પાંજરામાં પુરાઈ રહેલી ક્યાં સંસારાસક્ત પત્નીઓ ? કેટલીક રાક્ષસી જડ રૂઢિયોને લીધે આ પ્રકારના, પતિ-પત્ની વચ્ચેના એકજ ગૃહ સંસારમાં કેટલું બધું અંતર જીવનપર્યંત રહેતું હોય છે – ઓછો કે વધારે, પ્રત્યક્ષ કે પરોક્ષ અનુભવ સૌને હશે.

કથા કહે છે કે રામચન્દ્રજીને અવધપુરીમાં જવાનું થયું ત્યારે નગરમાં પડો વજડાવી, જેને તે દેવભૂમિમાં આવવું હોય તે તૈયાર થાય એવો આદેશ જાહેર કરવામાં આવ્યો હતો. ત્યારે ફ્હોવાઈ ગએલા અને અંગમાં અસંખ્ય કીડાથી ખદબદ થઈ, પીડાતા એક શ્વાનને પણ દેવભૂમિમાં જવાની તૈયારી કરવા ફરમાવ્યું હતું અને શ્વાને પ્રશ્ન પૂછ્યો હતો કે ''તમારી દેવભૂમિમાં મને અહીંના

જેવું સુખ મળશે ?'' માયાસક્તનો કેવો આ પ્રશ્ન ! ને સ્નેહાસક્ત રામ-દૂતનું ક્યાં તેવા શ્વાનને નિમંત્રણ ?

આમ સંસારયોગી અને સંસારાસક્ત તથા શિક્ષિત સ્વામી અને અજ્ઞાન પત્નીનાં દષ્ટાંતો, દેહ સૃષ્ટિમાં જ સંતોષ માની રહેનાર સુહૃદની સાથે સ્નેહસૃષ્ટિમાં વિહરનાર સુહૃદો (બે મિત્રો)ને પણ લાગુ પાડી શકાય.

તથાપિ ઠાકુરના આ સ્નેહકાવ્યનો ભાવ લગીર વિશાળ નજરે વિલોકીએ તો પરાધીનતાની બેડીમાં જકડાઈ રહેલી પ્રજાને પણ બંધબેસતો આવે છે.

ઠાકુરે થોડા જ સમય પર ''મૉડર્ન રિવ્યુ'' માસિકમાં એક પોપટની વાત'' છપાવી હતી. અને આધુનિક કેળવણીનું અચ્છું રહસ્ય ધ્વનિમાંથી નિતરતું આપણે તેમાંથી કળી શકીએ છીએ. કૈંક તેવોજ પરાધીન પ્રજાની પામરતાનો ધ્વનિ ''બે પંખી''માં જોવાય છે.

**''ગુજરાતી પંચ ઑફિસ.''** **કેશવ હ. શેઠ**

**અમદાવાદ. તા. ૯-૯-૧૯૧૮.** **(૮ સપ્ટેમ્બર, ૧૯૧૮ જોડણી મૂળ પ્રમાણે રાખવામાં આવી છે. સં.)**

**પ્રજ્વલિત હૃદય**

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની વાત છે. હિંદુસ્તાનની વિધવાઓની હાલત જોઈને એમને અપાર દુઃખ થતું હતું. તેથી એમણે પોતાનું આખું જીવન વિધવાવિવાહ આંદોલનને સમર્પિત કરી દીધું. આજન્મ એ જ કામ કર્યું. એક વાર એમના એક મિત્રની કન્યા લગ્ન બાદ એમના આશીર્વાદ લેવા આવી. તો એમણે આશીર્વાદ આપ્યા કે, ''તું કદાચ વિધવા થઈ જાય, તો નિર્ભયતાપૂર્વક પુનઃવિવાહ કરજે !'' એ મહાપુરુષના મોઢે આવા શબ્દો નીકળી પડ્યા.

આપણને કદાચ આ અભદ્ર વાણી લાગે. પણ એક વિચારથી ઘેરાયેલી વ્યક્તિનું સમર્પિત જીવન અને પ્રજ્વલિત હૃદય તેમાં પ્રગટ થયું હતું. વિચારની ખરી શક્તિ ત્યારે પ્રગટ થાય છે, જ્યારે પોતાનું સર્વસ્વ સમર્પિત કરીને તે વિચારના પ્રચારમાં માણસ લાગી જાય છે. અન્ય વિચાર કોઈ મનમાં આવે જ નહીં. અર્જુનને જેમ માત્ર પક્ષીની આંખ જ દેખાતી હતી, એવું થવું જોઈએ.

**વિનોબા ભાવે**

# પુસ્તક પરિચય

**[ત્રણ તોખારનો તરખાટ** : લે. નટવર ગોહેલ, પ્ર. ડિવાઈન પબ્લિ. અમદાવાદ, પ્રથમ આવૃત્તિ-૨૦૧૭, મૂલ્ય રૂ. ૩૬૦/-]

બાળસાહિત્યમાં જેટલું બાળવાર્તાઓ, કવિતાઓ અને બાળગીતોનું મહત્ત્વનું સ્થાન રહ્યું છે તેથી અધિક બાળકિશોરોને પ્રિય એવી સાહસકથાઓનું પણ એક વિશિષ્ટ સ્થાન રહ્યું છે. તેમાં પળેપળ રોમાંચ વધારનારી હવે પછી શું થશે ? તેવા પ્રશ્નો જગાવનારી છતાં સરળ ભાષામાં લખાયેલી સાહસકથા બાળકિશોર વાંચકો વધુ પસંદ કરતા હોય છે.

'ત્રણ તોખારનો તરખાટ' બાળવાર્તાકાર અને પત્રકાર નટવર ગોહેલની ગીચ ભેંકાર અડાબીડ જંગલમાં સતત ઉત્સુકતા વધારતી આગવા વિષયના તાણાવાણા ગૂંથી રસતરબોળ કરવા સક્ષમ એવી સાહસકથા છે. જે ૨૫ જેટલાં પ્રકરણોમાં સતત આગળ વધે છે. સુંદર છપાઈકામ સાથે દરેક પ્રકરણમાં પ્રસંગને અનુરૂપ રેખાચિત્રો દ્વારા વાચકને જકડી રાખવા માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ કથાના સાહસિકો પલાશ, વિશ્વાસ અને વિશ્વા સરખી ઉંમરના કિશોર વયનાં બાળકો છે. જે અડાબીડ જંગલમાં જઈને જે પ્રકારનું અભિયાન ચલાવે છે તે આગવું, અનોખું અને અનેરું છે.

પલાશ, વિશ્વાસ અને વિશ્વા ભેંકાર જંગલમાં શું કામ ગયાં ? સાહસભર્યું અભિયાન શું કામ શરૂ કરવું પડ્યું ? ત્રણ કિશોર-કિશોરીને જંગલમાં જવાની મંજૂરી કોણે આપી ? આ અભિયાન કોની સામે હતું ? શા માટે હતું ? આવા અનેકવિધ પ્રશ્નો બાળ-કિશોર વાચક સમક્ષ ઊભા થાય એ સ્વાભાવિક છે. તે માટે આ પુસ્તક વાંચવાનું શરૂ કરતાં અંત સુધીમાં આખુંય સાહસ ભર્યું ચિત્ર સ્પષ્ટ થઈ જાય છે.

બાળકિશોર માનવ સદૈવ સાહસવૃત્તિને પોષક હોય છે. આ અવસ્થા સાથે જિજ્ઞાસા અને કુતુહલતા પણ જોડાયાં હોય છે. જેના પરિણામે કશુંક નવતર વાંચવાની લાગણી બળકટ બની જતી હોય છે. આ સાહસકથા વાચક મનમાં અપ્રતિમ – અપૂર્વ ભાવ જગાડી અત્યંત રસપ્રચૂરતાના પ્રવાહને વેગવંત બનાવે છે. હાલના ધોમધખતા તાપમાં વૅકેશનના સમયનો સદ્ઉપયોગ કરવા ઇચ્છતાં બાળવાચકોને આવું વાંચવાનું ગમે છે.

નાનાં નાનાં સુંદર સરળ વાક્યો, ટૂંકાં છતાં સચોટ વર્ણનો, જિજ્ઞાસા પ્રેરક પ્રસંગો અને બાળકિશોર વાચકોને પોતે સાહસમાં સાથે હોય તેવી ભાષાશૈલીમાં રજૂ થયેલ આ કથા દરેક પ્રકરણે ઉત્સુકતા જગાડી એક બેઠકે વાંચીને પુરી કરવાનું મન થાય તેવો તેનો વાર્તાપ્રવાહ વાચકને પ્રથમ પ્રકરણથી અંત સુધી ગતિવંત રાખે છે.

વાર્તાના જીવંત સંવાદો, જંગલનું આબેહૂબ વર્ણન અને એક પછી એક ઘટનાના તાણાવાણા દ્વારા વાચકને જકડી રાખવાની લેખકની કુનેહ કાબિલેદાદ છે. જે બાળવાર્તાના લેખક તરીકે ખૂબ જ ઘડાયેલા અને બાહોશ કલમકાર તરીકે આપણને જકડી રાખવામાં સફળ થતા હોય તેમ લાગ્યા વિના રહેતું નથી.

'ત્રણ તોખારનો તરખાટ' સાહસકથાના લેખક – નટવર ગોહેલનું આ પુસ્તક ડિવાઈન પબ્લિકેશન્સ અમદાવાદ દ્વારા પ્રગટ કરવામાં આવ્યું છે.

વૅકેશનના ગાળામાં બાળ-કિશોર વાચકોને ગમી જાય તેવું આ પુસ્તક આપવા બદલ લેખક અને પ્રકાશકને અભિનંદન પાઠવું છું.

**નટવર હેડાઉ**

---

**(અનુસંધાન પૃ. ૪૯નું ચાલુ)**

ઉદ્ધારનું કામ કરી શકે. ગાંધીજીની એ ભાવના સાકાર થઈ રહી છે તેનો અમને આનંદ છે. જીવન શિલ્પી અવૉર્ડ સ્વીકારતાં શ્રી હિમાંશુ પટેલે એમનો પ્રતિભાવ આપતાં જણાવ્યું કે આ પવિત્ર જગ્યા ઉપર પ્રથમ અવૉર્ડ મળે છે, તેનાથી આનંદ અનુભવું છું. વિશ્વકોશ ટ્રસ્ટ મને આ સન્માન આપ્યું જેનાથી ઘણાં ગામડાંના યુવા સરપંચો આ અવૉર્ડથી પ્રેરિત થઈ અને પોતાનાં ગામોમાં ખૂબ સુંદર કામગીરી કરશે, તેવી મને આશા છે. હું ફરીથી પુનઃ આભાર માનું છું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમ ૨૫ ઑગસ્ટ ૨૦૧૮, શનિવારના રોજ વિશ્વકોશભવનમાં યોજાયો હતો.

## સાહિત્યવૃત્ત

### શ્રી રક્ષાબહેન વ્યાસનું 'આજનું જાપાન' વિશે વક્તવ્ય

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે વિશ્વકોશના રાજ્યશાસ્ત્રના પરામર્શક પ્રો. રક્ષાબહેન વ્યાસનું આજના જાપાન વિશે વક્તવ્ય યોજવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં એમણે કહ્યું કે, અવ્વલ દરજ્જાની શિસ્તપ્રિયતા ધરાવવા સાથે જાપાને બેનમૂન પ્રગતિ સાધી છે. ૧૯૪૫માં હિરોશીમા અને નાગાસાકી ધરાશાયી થયા પછી તેણે કેવી રીતે દેશની ગજબનાક કાયાપલટ કરી તે જાણવા-સમજવાની જરૂર છે. આ કારમી કરુણાંતિકા છતાં તેણે કામગરાપણામાં ક્યાંય કચાશ રાખી નથી.

જાપાન આજે વિશ્વનું ત્રીજા ક્રમનું અર્થતંત્ર ધરાવે છે. વિશ્વની દસ ટકા ખાનગી નાણાકીય સંપત્તિ ધરાવે છે. વિશ્વનું ચોથું મોટું બજાર છે. વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવતી બ્રોડબેન્ડ પેનીટ્રેશન સિસ્ટમ ધરાવે છે. વિશ્વનો ત્રીજો સૌથી મોટો ઓટોમોબાઇલ ઉત્પાદન ધરાવતો દેશ છે. લગભગ ગુજરાત જેવડું કદ ધરાવતો આ ટાપુ દેશ ઊંચા દરજ્જાના આર્થિક વિકાસની ગાથાનો દેશ છે. એવી આશા રાખવામાં આવે છે કે ભારત-જાપાન વચ્ચેનો દ્વિપક્ષી વ્યાપાર ૨૦૨૦ સુધીમાં ૧૦૦ અબજ ડૉલરને આંબી જશે. જાપાન ૨૦૧૯માં રગ્બીની રમતના વિશ્વ કપનો યજમાન દેશ છે અને ૨૦૨૦માં ઑલિમ્પિક રમતોત્સવની સ્પર્ધાનો પણ યજમાન દેશ છે. ગુજરાતની વ્યાપાર શાણી પ્રજાને માટે જાપાન અમાપ શક્યતાઓ અને સંભવિતતાઓનો દેશ છે. યાદ રહે કે જાપાન ભારતમાં ત્રીજો સૌથી મોટો વિદેશી મૂડીનો રોકાણકાર દેશ છે. આ કાર્યક્રમ ૮ ઑગસ્ટ ૨૦૧૮, બુધવારના રોજ વિશ્વકોશ ભવનમાં યોજાયો હતો.

### કલાજગતમાં સીમાચિહ્નરૂપ ત્રણ પુસ્તકોનો વિમોચન સમારોહ

ગુજરાત કલાપ્રતિષ્ઠાન અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ લલિતકલા કેન્દ્રના ઉપક્રમે ત્રણ ગ્રંથોનું લોકાર્પણ સમારોહ યોજાયો. ગુજરાત કલાપ્રતિષ્ઠાનનો મુખ્ય હેતુ કલાકારો કલાજ્ઞાનથી સમૃદ્ધ બને તેવા શુભ આશયથી આ કલાપ્રતિષ્ઠાનમાં કાર્ય કરવામાં આવે છે. આ સંસ્થાના ઉપક્રમે 'રાઠવાનો પિઠોરો' ભીંતચિત્ર જેનું સંપાદન અરવિંદભાઈ ભટ્ટે કર્યું છે. આ ગ્રંથમાં આદિવાસી પિઠોરાને દેવ તરીકે સ્થાન આપ્યું છે. એની લોકસંસ્કૃતિ એના જીવનની દરેક રીતભાતોને આ ગ્રંથમાં આલેખવામાં આવી છે. 'કચ્છની કમાંગરી ચિત્રકલા' ગ્રંથમાં કચ્છના રાજા-રજવાડાઓએ જે ભીંતચિત્રો કર્યાં તે ધરતીકંપ પછી નષ્ટ પામ્યાં છે. એના વિશેનો આલેખ આ ગ્રંથમાંથી મળે છે, તો કલાગુરુ રવિશંકર રાવળ ગ્રંથમાંથી તેમના જીવન-કવન, પ્રવાસ અને અભ્યાસુ લેખોને આવરી લેવામાં આવ્યા છે. આ પ્રસંગે કલારવિ ટ્રસ્ટના પ્રમુખ શ્રી અમિત અંબાલાલ, આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફર શ્રી જ્યોતિ ભટ્ટ અને કલારવિ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અનિલ રેલિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રસંગોચિત્ત વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે કલાગ્રંથ ભાગ-૨૦, ૨૧ અને ૨૨ના સંપાદકોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. આ ત્રણેય જણને અભિવાદન-પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. શ્રી નારણભાઈ રાઠવા, શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી અને શ્રી સંતોષભાઈ કામદાર પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને શુભેચ્છાઓ પાઠવી હતી અને આશીર્વચનો આપ્યાં હતાં. આ સમારંભના અધ્યક્ષ જાણીતા સાહિત્યકાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે ગુજરાતના કલા-વૈભવને પ્રગટ કરનારાં આ પુસ્તકો એક અર્થમાં કહીએ તો કલાપ્રીતિના મહિમારૂપ છે. આપણી પરંપરાગત કલાઓની આવી જાળવણી કરીએ અને એ ગ્રંથો મહાપ્રસાદી રૂપે ચિત્રકલાના રસિકોને પહોંચાડવા, આ ભગીરથ કાર્ય આ સંસ્થાએ કર્યું છે. એટલે કે આજનાં આ ત્રણ પુસ્તકો એ ગુજરાતની કલાપરંપરાને આગવું ગૌરવ આપે છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી રમણીકભાઈ ઝાપડિયાએ કર્યું અને કલારસિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં. આ કાર્યક્રમ ૧૮ ઑગસ્ટ ૨૦૧૮, શનિવારના રોજ વિશ્વકોશભવનમાં યોજાયો હતો.

## વિશ્વકોશમાં શ્રી કપિલભાઈ શાહે આપેલું 'સજીવ ખેતી અને આપણું જીવન' વિશે વક્તવ્ય

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણીના ઉપક્રમે શ્રી કપિલભાઈ શાહે 'સજીવ ખેતી અને આપણું જીવન' એ વિશે વક્તવ્ય આપતાં કહ્યું કે આપણા જીવન પાછળ કેટલીય સજીવ અને અજીવ વ્યવસ્થાઓ કામ કરી રહી છે, પરંતુ આપણે એ સમજી શકતા નથી. સજીવ ખેતીનો વિચાર એ માત્ર ટૅક્નોલૉજિકલ પરિવર્તન નથી, પરંતુ સજીવ ખેતી એ તો પ્રકૃતિ સાથે માણસના સંબંધની નવી ઓળખ છે. સજીવ ખેતીથી ખેડૂતને સ્વમાનભેર જીવતો કરી શકાશે અને ખેતીના વ્યવસાયનું ગૌરવ પુનઃસ્થાપિત કરી શકાશે. એવી જ રીતે જમીન, પાણી, હવામાન, જૈવ વૈવિધ્ય અને માનવ કૌશલ્ય જેવી ઘસાતી જમીન મૂડીને આપણે બચાવી શકીશું. કીટકો સામે ઝેર છાંટીને માણસોને કૅન્સર થઈ ગયા અને કીટકોએ પ્રતિકાર શક્તિ કેળવી લીધી છે. વૈજ્ઞાનિકો જેને જેનેટિક ઈરોઝન કહે છે એવું ઈરોઝન આજે થઈ રહ્યું છે, જ્યારે સજીવ ખેતી દ્વારા વૈવિધ્યસભર, આરોગ્યપ્રદ અને ઝેરમુક્ત ખોરાક પેદા કરવાનો પ્રયત્ન થાય છે.

આ સજીવ ખેતી એ પ્રાકૃતિ પ્રાકૃતિક સ્રોતો પરના પ્રજાના અધિકારો સચવાઈ રહે અને દરેક ચીજની 'પેટન્ટ' થાય નહીં, તે માટે મજબૂત લોકશાહીને પુરસ્કારે છે. લોકોને ઝેરમુક્ત ખોરાક ખાવાની પ્રેરણા અને તક આપે છે. આપણે ત્યાં સજીવ ખેતીની પેદાશોનો ભાવ સામાન્ય પેદાશોના ભાવ સાથે સરખાવવાથી સમગ્ર વિચારને અન્યાય થાય છે. સોના અને કથીરની સરખામણી કઈ રીતે થઈ શકે ? આ રીતે પેદા કરેલી ચીજનું પોતાનું સામાજિક, પર્યાવરણીય અને સ્વાસ્થ્ય સંબંધી મહત્ત્વ છે તે ભૂલવું જોઈએ નહીં. આગામી દિવસોમાં ઊજળા ભવિષ્ય માટે સજીવ ખેતી માટેનો વ્યાપ જરૂર વધવાનો છે, કારણ કે એ સિવાય સુખેથી જીવવા માટે માણસને બીજો કોઈ આરો કે ઓવારો નથી. આ કાર્યક્રમ ૨૨ ઑગસ્ટ ૨૦૧૮, બુધવારના રોજ વિશ્વકોશભવનમાં યોજાયો હતો.

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં શ્રી હિમાંશુ પટેલને જીવનશિલ્પી અવૉર્ડથી સન્માનિત કરાયા

શ્રી ચીનુભાઈ આર. શાહની સ્મૃતિમાં જેઓ સમાજમાં મહત્ત્વનું યોગદાન આપે છે તેમને જીવનશિલ્પી અવૉર્ડથી સન્માનિત કરવામાં આવે છે. શ્રી ચીનુભાઈ આર. શાહના પરિવાર તરફથી આને માટે સહયોગ પ્રાપ્ત થયો છે. એનો પ્રથમ અવૉર્ડ પુંસરી ગામના સરપંચ શ્રી હિમાંશુ પટેલને એનાયત થયો. આ પ્રસંગે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે ઉદ્યોગ અને શિક્ષણના ક્ષેત્રમાં નવા આયામોનું સર્જન કરનાર શ્રી ચીનુભાઈ શાહની દૃષ્ટિ મૌલિક અને પોઝિટિવ કાર્ય તરફ રહેતી હતી. એમણે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટને આ અવૉર્ડ માટે સહયોગ આપતી વખતે એમ કહ્યું કે ગામડાં કે શહેરમાં આધુનિક વિચારસરણીથી ટૅક્નોલૉજીથી પરિવર્તન લાવે તેને આ અવૉર્ડ આપવો જોઈએ. ચીનુભાઈ શાહ સંવેદનશીલ વ્યક્તિ હતા. તેમણે લોકહિતનાં ઘણાં કાર્યો કર્યાં. કિડનીનાં દર્દો અંગે, પ્રિવેન્શનનું કામ હોય કે અંગદાનનું કામ હોય એમણે હંમેશાં પહેલ કરી છે. આ અવૉર્ડ એમની દૃષ્ટિને સાંગોપાંગ પ્રગટ કરતા શ્રી હિમાંશુ પટેલને આપવામાં આવે છે, તે આનંદની ઘટના છે અને શ્રી ચીનુભાઈનાં કાર્યોને અપાયેલી ઉચિત અંજલી છે. તો શ્રી પી. કે. લહેરીએ કહ્યું કે શ્રી ચીનુભાઈ શાહ એક સંવેદનશીલ વ્યક્તિ જેમણે સંઘર્ષ કરીને અનેરી સિદ્ધિઓ હાંસલ કરી. તેમની સામાજિક નિસ્બતના ભાગરૂપે તેમણે ગ્રામીણ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરનાર માટે આ ગ્રામશિલ્પી અવૉર્ડની શરૂઆત કરી તે ખૂબ સમયોચિત છે. તો રમેશ તન્નાએ કહ્યું કે એક યુવા સરપંચે પંચાયતની શક્તિને અમલમાં મૂકી. ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને ગામનો ઉત્કર્ષ કર્યો અને સમગ્ર ભારતમાં પુંસરી ગામને મોડલ ગામ બનાવ્યું. આ પ્રયોગમાં ટૅક્નૉલૉજી સાધન છે અને લોકભાગીદારી સાથેનો વિકાસ સાધ્ય છે. શ્રી કરસનભાઈ પટેલે કહ્યું કે પુંસરી ગામના યુવાનનું અભિવાદન થઈ રહ્યું છે તેનો આનંદ એ રીતે અનુભવું છું કે આજે આવા યુવાન સરપંચની જરૂર છે કે જે પોતાના પુરુષાર્થ, મહેનત અને ખંતથી ગામડાંઓના

**(અનુસંધાન પૃ. ૪૭મે પાને)**

અરે ભગત ! એમાં બીજો વિચાર શું કરવાનો હોય ? આપણે તો સાધુ-સંતની સેવા કરવી છે ને ? એ બિચારા જીવની કાયા ન હાલતી હોય અને પ્રભુભજન કરવામાં માણસની જરૂર હોય, ને તમારી આજ્ઞા હોય તો હું સાધુ સાથે જઈશ. કારણ કે કાયા અંતે તો પડી જવાની છે ને ? અંતે તો બળીને ખાક થઈ જવાની છે ને ? આપણાં એવાં ભાગ્ય ક્યાંથી કે આપણાથી સાધુ-સંતની સેવા થાય; માટે ભગત ! તમે આનંદથી હા પાડી આવો.

**– વીરબાઈમા**

બેટા દવા ! તું તારા પિતાને પાણી આપ; એટલે એમનો હંસલો ટાઢો થાય. નાનકડા દવાએ માની આજ્ઞા શિરમાથે ધરી લીધી. માતાની સામે હથેળી ફેલાવી. માતાએ એમાં પાણી રેડ્યું ને દવાએ સગા સ્નેહીની હાજરીમાં પિતાને કહ્યું – ''બાપુ, હું વચન દઉં છું કે હું આપણા ઘર માથે ધરમની ધજા બાંધીશ. ગરીબ-ગુરબા ને અભિયાગતને રોટલા આપીને એમનાં પેટ ઠારીશ. પંખીડાને દાણા નાખીશ.'' કહીને તેણે બાપના હાથમાં પાણી મૂક્યું. વેપારીનો દીકરો બાપની મૂડીને સવાઈ કરે. દવારામે ભાણવડમાં અન્નક્ષેત્ર ઉપરાંત રગતપિત્તિયાની સેવા પણ કરી.

**– કનુભાઈ આચાર્ય**

સંસાર માંડ્યા વગર નો ચાલે. જો સંસાર માંડ્યો હોય તો કોઈ આપણા ઘરે પાણી પીવા આવે, કોઈને રોટલા ખવડાવીએ અને ઘર બાંધીને બેઠા હોઈએ તો કોઈ કબૂતરને ચણ નખાય અને ઘર ઉઘાડું હોય તો કીડી-મકોડી ઘરમાં હોય તો તે પણ એના ભાગનું ખાતું હોય અને એનું પણ પુન લાગે. નારણ, માટે સંસાર તો માંડવો જ પડશે.

**– સંત જલારામબાપા**

બેકારીના સમયે પશ્ચિમના લોકો પાસે ખાવાનું ખરીદવાના પૈસા ન હોય તો તે 'કમ્યુનિટ ફૂડ બૅંક' ઉપર જીવે છે. આ જાણ્યા પછી આપણા સદાવ્રતોનો મહિમા સમજાય છે.

**– રોહિત શુક્લ**

જો તમારે આપવું જ હોય તો અન્નદાન આપો, અર્થાત્ ભૂખ્યાને જમાડો. સંત અને આશ્રમની શોભા અન્નદાન છે. જ્યાં રસોડું ધમધમતું હોય અને જ્યાં ભૂખ્યા તરસ્યા લોકોને આશ્રય મળતો હોય, જ્યાં સંત પોતે આવા દરિદ્રનારાયણોની સેવા કરતા હોય ત્યાં રિદ્ધિ અને સિદ્ધિ આપોઆપ આવીને વસતી હોય છે. ટુકડામાંથી ટુકડો કરીને પણ કોઈનું પેટ ઠારવું જોઈએ. આ બહુ મોટો યજ્ઞ છે. આવો યજ્ઞ કરનારને પેલો કૂંડી યજ્ઞ કરાવવાની જરૂર રહેતી નથી.

**– સ્વામી સચ્ચિદાનંદ**


સ્થાનસમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

બી-૪૦૩, મોતી પેલેસ પ્લસ, પેટ્રોલપંપ પાસે, વંથલી રોડ, ટીંબાવાડી, મુ. જૂનાગઢ.

# ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

## પુસ્તકોની યાદી

| ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ | પુસ્તકની કિંમત |
|---|---|---|---|
| ૧. | કવીશ્વર દલપતરામ ભાગ-૧ | કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ | ૫૦ |
| ૨. | કવીશ્વર દલપતરામ ભાગ-૨ પૂર્વાધ | કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ | ૮૦ |
| ૩. | કવીશ્વર દલપતરામ ભાગ-૨ ઉત્તરાર્ધ | કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ | ૯૦ |
| ૪. | કવીશ્વર દલપતરામ ભાગ-૩ | કવીશ્વર ન્હાનાલાલ દલપતરામ | ૮૦ |
| ૫. | મોત ઉપર મનન | સ્વ. ફીરોઝ કાવસજી દાવર | ૭૫ |
| ૬. | Descriptiv Catalogsanskrit Manuscripts Part-II | ડૉ. પ્રિયબાલા શાહ | ૧૩૫ |
| ૭. | Descriptivy Catalogsanskrit Manuscripts Part-I | ડૉ. પ્રિયબાલા શાહ | ૧૨૦ |
| ૮. | Descriptiv catalog of Arabic And Persian Manuscripts part-II | Shri Rasikalal C. parikh | ૭૫ |
| ૯. | Descriptiv catalog of Arabic And persian Manuscripts part-I | Shri Rasikalal C. parikh | ૯૬ |
| ૧૦. | History of Gujarat Vol.-III | M. S. Commissarialt | ૨૫૦ |
| ૧૧. | સૂફીમત (બીજી આવૃત્તિ) | ડૉ. છોટુભાઈ રણછોડજી નાયક | ૧૪૦ |
| ૧૨. | સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિ (બીજી આવૃત્તિ) | શ્રી બાપાલાલ ગ. વૈદ્ય | ૨૦૦ |
| ૧૩. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૧ (બીજી આવૃત્તિ) | શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ | ૧૩૦ |
| ૧૪. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૨ (બીજી આવૃત્તિ) | શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ | ૧૮૦ |
| ૧૫. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૩ (બીજી આવૃત્તિ) | શ્રી હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ | ૧૫૦ |
| ૧૬. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૪ (પ્રથમ આવૃત્તિ) | જયકુમાર શુક્લ | ૧૫૦ |
| ૧૭. | ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનો ઇતિહાસ ભાગ-૫ (પ્રથમ આવૃત્તિ) | જયકુમાર શુક્લ | ૨૫૦ |
| ૧૮. | અખો એક અધ્યયન | ઉમાશંકર જોશી | ૧૪૦ |
| ૧૯. | પુરાણોમાં ગુજરાત | ઉમાશંકર જોશી | ૨૦૦ |
| ૨૦. | મહાકવિ કાલિદાસ | | ૧૫૦ |
| ૨૧. | વિદ્યાપુરુષનો વાઙ્પ્રસાદ | રસિકલાલ છોટાલાલ પરીખ | ૩૦૦ |
| ૨૨. | અમદાવાદનો ઇતિહાસ | મગનલાલ વખતચંદ | ૧૧૦ |

બુદ્ધિપ્રકાશ ઑગસ્ટ ૨૦૧૮ Regd. under Postal Registration No.
GUJ-160/2018-2020 Valid upto 31 December 2020
Posted at Ahmedabad P.S.O. on 21st each month. RNI No. 15009 / 59

